
પેજ-08
અભિનેતાઓ કરતાં પણ ત્રણ ગણી ફી લેશે પ્રિયંકા ચોપડા

# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

પેજ-09
રાજકોટમાં સચિન, જયસૂર્યા અને લારા રમતા જોવા મળશે


હવામાન

| શહેર | મહત્તમ | લઘુતમ |
|---|---|---|
| અમદાવાદ | 26.00 | 16.00 |
| વડોદરા | 29.00 | 17.00 |
| સુરત | 29.00 | 19.00 |

પેજ 5

શેરબજાર સામાન્ય વધારા સાથે બંધ થયું, સેન્સેક્સ 227 અને નિફ્ટી...

02 FEBRUARY-2025 SUNDAY

US સેનેટમાં 'જય શ્રીકૃષ્ણ' બોલી કાશ પટેલે દિલ જીત્યાં: માતા-પિતાનાં

પેજ 10

શેરબજાર

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 77505.96 ▲ | 005.39 |
| નિફ્ટી | 23482.15 ▼ | 026.25 |
| સોનું | 82100.00 ▲ | 129.00 |
| ચાંદી | 93250.00 ▲ | 036.00 |

વર્ષ-14 । અંક-075 । વિક્રમ સંવત-2081 । મહા સુદ-04 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


## દરેક ભારતીયોના સપના પુરા કરનારુ બજેટ : PM મોદી



PM મોદીએ નાણામંત્રીએ રજૂ કરેલા બજેટને ભારતીયોના સપના પુરા કરનારુ ગણાવ્યું હતું. તેમણે દેશવાસીઓને સંબોધન કરતા કહ્યું કે આ જનતાનું બજેટ છે. જે દેશના ગ્રોથને વધારશે. તેમણે વધુમાં કહ્યું કે સામાન્ય રીતે બજેટનું ધ્યાન સરકારી તિજોરી કેવી રીતે ભરવામાં આવશે તેના પર હોય છે, પરંતુ આ બજેટ તેનાથી બિલકુલ વિપરીત છે. આ બજેટ દેશના નાગરિકોના ખિસ્સા કેવી રીતે ભરાશે, દેશના નાગરિકોની બચત કેવી રીતે વધશે અને દેશના વિકાસમાં ભાગીદાર કેવી રીતે બનશે. તેના પર છે.

**નાણામંત્રીને અભિનંદન પાઠવુ છું- પીએમ મોદી :** પીએમ મોદીએ વધુમાં કહ્યું કે આ બજેટમાં સુધારાઓની દ્રષ્ટિએ આ બજેટમાં ઘણા મહત્વપૂર્ણ પગલાં લેવામાં આવ્યા છે. પરમાણુ ઊર્જામાં ખાનગી ક્ષેત્રને પ્રોત્સાહન આપવું ઐતિહાસિક છે. તે દેશના વિકાસમાં નાગરિક પરમાણુ ઊર્જાનું મોટું યોગદાન સુનિશ્ચિત કરશે. તેમણે જણાવ્યું કે આ બજેટ બચત, રોકાણ, વપરાશ અને વૃદ્ધિમાં ઝડપથી વધારો કરશે. હું નાણામંત્રી નિર્મલા સીતારમણ અને તેમની આખી ટીમને આ જનતા જનાર્દન અને લોકોના બજેટ માટે અભિનંદન આપું છું.

## બજેટ 2025 હાઇલાઇટ્સ

- મિડલ ક્લાસલક્ષી ટેક્સ સુધારા કરવામાં આવ્યા
- ટીસીએસની લિમિટ સાત લાખ રૂપિયાથી વધારીને 10 લાખ કરવામાં આવી
- સિનિયર સિટીઝન માટે ટીડીએસની મર્યાદા 50 હજારથી બમણી કરીને એક લાખ કરવામાં આવી
- નોન-પેન કેસ માટે જ ઊંચો ટીડીએસ લાગુ પડશે
- આઈટી રિટર્ન ફાઇલ ભરવાની લિમિટ વધારીને ચાર વર્ષ કરવામાં આવી.
- બે સેલ્ફ ઓક્યુપાઈડ મકાનો હોય તેમને ટેક્સમાં રાહત અપાઈ
- કિસાન ક્રેડિટ કાર્ડ (કેસીસી) દ્વારા 7.7 કરોડ ખેડૂતો, માછીમારો અને ડેરી ખેડૂતોને શૉર્ટ ટર્મ લોન આપવાનું ચાલુ રાખશે
- ઇન્ટરેસ્ટ સબવેન્શન સ્કીમ હેઠળ લોનની મર્યાદા 3000 રૂપિયાથી વધારીને 5000 રૂપિયા કરવામાં આવશે
- કૃષિ ક્ષેત્રને ઉત્તેજન આપે તેવી જાહેરાતોથી એગ્રિકલ્ચર કંપનીઓના શેરોમાં પાંચ ટકાથી લઈને 11 ટકાનો ઉછાળો
- બિહારમાં મખના બોર્ડ રચાશે. દુનિયામાં લગભગ 85 ટકા મખનાનું ભારતમાં ઉત્પાદન થાય છે. ભારતમાં 90 ટકા મખનાનું ઉત્પાદન બિહારમાં થાય છે. મધુબની, દરભંગા, સુપૌલ, સીતામઢી, કટિહાર જિલ્લા મખનાની ખેતી માટે વિખ્યાત છે
- તેલ અને દાળ માટે છ વર્ષના લક્ષ્ય સાથે યોજના ઘડવામાં આવી છે જેના હેઠળ તુવેર, અડદ અને મસૂરની દાળના ઉત્પાદનને વેગ અપાશે
- ઉદ્યમ પોર્ટલ પર રજિસ્ટર્ડ નાના ઉદ્યોગોને પાંચ લાખ રૂપિયાનું ક્રેડિટ કાર્ડ અપાશે. પ્રથમ વર્ષમાં આવા ઉદ્યોગો માટે 10 લાખ કાર્ડ જારી કરવામાં આવશે
- શેરીના ફેરિયા (સ્ટ્રીટ વેન્ડર્સ) માટે યુપીઆઈ લિંક્ડ ક્રેડિટ કાર્ડ
- એક કરોડ ગિગ વર્કર્સને સામાજિક સુરક્ષા અપાશે
- સરકારી પોર્ટલ પર ગિગ વર્કર્સ માટે આઈડી કાર્ડ અપાશે

### ₹12.75 લાખ સુધીની આવક પર ટેક્સ નહીં, MSMEને 10 કરોડની લોન ગેરંટી, ઉદ્યોગપતિઓનો બજેટને આવકાર

# બજેટ 2025: મધ્યમવર્ગને મોટી રાહત



## મોટી જાહેરાત..

**કિસાન ક્રેડિટ કાર્ડની લિમિટ 3 લાખથી વધારીને 5 લાખ કરાઈ, PM ધનધાન્ય યોજનાની જાહેરાત**

લારી કે ફુટપાથ પર સામાન વેચતા 68 લાખ લોકોને ભેટ, UPI ક્રેડિટ કાર્ડથી મળશે 30 હજાર

**નવા ઇલેક્ટ્રોનિક વોટિંગ મશીનોની ખરીદી માટે 1,400 કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા**

(એજન્સી) નવી દિલ્હી | તા.01

કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમણે શનિવાર, 1 ફેબ્રુઆરીના રોજ મોદી સરકારના ત્રીજા કાર્યકાળનું બીજું બજેટ રજૂ કર્યું. આ બજેટમાં મધ્યમ વર્ગને આવકવેરાના સંદર્ભમાં મોટી રાહત આપવામાં આવી છે. સામાન્ય બજેટમાં જાહેરાત કરવામાં આવી છે કે ૧૨ લાખ રૂપિયા સુધીની આવક પર કોઈ ટેક્સ નહીં લાગે. નવી કર વ્યવસ્થા હેઠળ આમાંથી મુક્તિ મળશે. નાણામંત્રીએ કહ્યું કે હવે દેશમાં એક કરોડ વધુ લોકો કોઈ આવકવેરો ચૂકવશે નહીં. આ ઉપરાંત, નાણામંત્રીએ ડેરી અને મત્સ્યઉદ્યોગ ખેડૂતો માટે લોન મર્યાદા વધારવાની જાહેરાત કરી છે. MSME ક્ષેત્રના ક્રેડિટ કવરમાં વધારો કરવાની પણ જાહેરાત કરવામાં આવી છે. તેમણે કહ્યું કે વરિષ્ઠ નાગરિકો માટે કર મુક્તિની મર્યાદા બમણી કરવામાં આવશે. તે જ સમયે, વિપક્ષી પાર્ટીઓએ બજેટને લઈને કેન્દ્ર સરકારને ઘેરી લીધી છે. કોંગ્રેસે કહ્યું કે એવું લાગે છે કે આ દેશનું બજેટ નથી, ફક્ત બિહારનું બજેટ છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પણ નાણાકીય બજેટની પ્રશંસા કરી અને તેને વિકસિત ભારતના લક્ષ્યને આગળ ધપાવતું બજેટ ગણાવ્યું. બીજી તરફ, વિપક્ષી પાર્ટીઓએ આ બજેટ પર પ્રશ્નો ઉભા કર્યા છે.

## કરદાતાઓને મોટી ભેટ...

### 2ને બદલે 4 વર્ષમાં ITR-U ફાઇલ કરી શકશે

કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમણે શનિવારે દેશનું સામાન્ય બજેટ રજૂ કર્યું. મોદી સરકાર 3.0નું આ પહેલું પૂર્ણ સમયનું સામાન્ય બજેટ છે. આ બજેટમાં મોદી સરકારે કરદાતાઓ માટે મોટી જાહેરાત કરી છે. નાણામંત્રીએ ITR ફાઈલ કરવાની સમયમર્યાદા વધારી દીધી છે. આ બજેટ અંગે જાણીતા CAના જણાવ્યા મુજબ, અગાઉ અપડેટેડ રિટર્ન (ITR-U) ફાઇલ કરવાની સમય મર્યાદા બે વર્ષની હતી. પરંતુ હવે સરકારે આ સમયગાળો વધારીને 4 વર્ષ કરી દીધો છે. તમને જણાવી દઈએ કે, હાલમાં 30 ડિસેમ્બર સુધી રિટર્ન ફાઈલ ન કરવા પર 1000 રૂપિયાનો દંડ છે અને 30 ડિસેમ્બર પછી રિટર્ન ફાઈલ કરનારા માટે 5000 રૂપિયાનો દંડ છે.

**મોટી સંખ્યામાં કરદાતાઓને લાભ મળશે**

CAએ મીડિયાને જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારના આ નિર્ણયથી મોટી સંખ્યામાં લોકોને ફાયદો થશે. ઘણી વખત લોકો કોઈને કોઈ કારણોસર આવકવેરા રિટર્ન ફાઈલ કરી શકતા ન હતા. આમ કરનારાઓ પર દંડની જોગવાઈ પણ છે, પરંતુ હવે ITR નિયમોમાં સુધારા બાદ તેમને અપડેટેડ રિટર્ન ફાઈલ કરવા માટે 4 વર્ષ સુધીનો સમય મળશે.

## કિસાન ક્રેડિટ કાર્ડની લિમિટ 3 લાખથી વધારીને 5 લાખ કરાઈ



કિસાન ક્રેડિટ કાર્ડ પર મળનારી લોનની સીમા ત્રણ લાખથી વધારીને પાંચ લાખ કરી દેવામાં આવી છે. જેને કારણે ખેડૂતોને કૃષિ કાર્ય કરવામાં મદદ મળી શકે છે. સરકારનો દાવો છે કે તેના કારણે 7.7 કરોડ ખેડૂતોને લાભ થશે. ખાતરનું ઉત્પાદન વધારવા માટે પૂર્વોત્તરમાં ખાતરનું કારખાનું ખોલવાની વાત કરવામાં આવી છે. દાળ અને તેલીબિયાંનાં ઉત્પાદનો માટે યોજના બનાવવામાં આવી છે. જેને કારણે દાળના ક્ષેત્રમાં આત્મનિર્ભર બની શકાય.

**ખેડૂતો માટે મહત્ત્વની જાહેરાતો**

- ભારતના પારંપારિક સુતર ઉદ્યોગને પ્રોત્સાહન
- કપાસ ઉત્પાદન માટે 5 વર્ષ સરકાર ફોકસ કરશે
- પીએમ ધન્ય ધાન્ય યોજના લાવશે.
- કપાસના ઉત્પાદન અને માર્કેટિંગ પર ફોકસ
- યુવાનોને રોજગારી પૂરી પાડવાની પ્રાથમિકતા
- કઠોળમાં આત્મનિર્ભરતાનું મિશન
- ગરીબ, યુવા, ખેડૂતો અને નારી શક્તિ પર ફોકસ

## ડિફેન્સ સેક્ટરને ભેટ

### 4,91,732 કરોડ રૂપિયા સંરક્ષણ માટે ખર્ચાશે

દેશનું સામાન્ય બજેટ આવી ગયું છે. હવે સ્પષ્ટ છે કે કેન્દ્ર સરકાર કયા સેક્ટરમાં કેટલો ખર્ચ કરશે. આ સામાન્ય બજેટમાં સંરક્ષણ ક્ષેત્રને મોટી ભેટ મળી છે. સંસદમાં દેશના સંપૂર્ણ હિસાબો રજૂ કરવામાં આવ્યા હતા. કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે સામાન્ય બજેટ 2025-26 રજૂ કર્યું. આ વખતે મોદી સરકારે સંરક્ષણ માટેના બજેટમાં વધારો કર્યો છે. આ વખતે ડિફેન્સ સેક્ટરને બજેટમાં ગત વખત કરતા 35-36 હજાર કરોડ રૂપિયા વધુ મળ્યા છે. કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે સંરક્ષણ ક્ષેત્ર માટે મોટી જાહેરાત કરી છે. નાણાકીય વર્ષ 2025-26માં સરકાર સંરક્ષણ ક્ષેત્ર પર 4,91,732 કરોડ રૂપિયા ખર્ચ કરશે.

**સ્વદેશી શસ્ત્રોના ઉત્પાદનને પ્રોત્સાહન**

'મેક ઈન ઈન્ડિયા' યોજના હેઠળ સરકાર સ્વદેશી સંરક્ષણ સાધનોના ઉત્પાદન પર ધ્યાન કેન્દ્રિત કરી શકે છે. આ દિશામાં સંશોધન અને વિકાસ (R&D) માટે ખાસ ભંડોળ ફાળવવામાં આવે તેવી શક્યતા છે, જેનાથી દેશમાં શસ્ત્રો અને સાધનોનું ઉત્પાદન વધશે. આનાથી માત્ર વિદેશી નિર્ભરતા ઓછી થશે નહીં પરંતુ રોજગારની તકો પણ સર્જાશે.

## આરોગ્ય ક્ષેત્રમાં મોટી રાહત - કેન્સરની દવાઓ સસ્તી!



- 36 જીવનરક્ષક દવાઓ પર કસ્ટમ ડ્યુટી નાબૂદ કરવામાં આવી.
- કેન્સર અને ગંભીર રોગોની દવાઓ હવે સસ્તા દરે ઉપલબ્ધ થશે.
- સરકારી હોસ્પિટલોમાં કેન્સર ડે કેર સેન્ટર બનાવવામાં આવશે.
- કસ્ટમ ડ્યુટી દૂર કરવાથી 56 દવાઓ સસ્તી થશે.
- તેનો ફાયદો: ગંભીર રોગોથી પીડાતા દર્દીઓ ઓછા ખર્ચે સારવાર મેળવી શકશે.

## આરોગ્ય બજેટ 2025:તમામ જિલ્લા હોસ્પિટલોમાં કેન્સર ડે કેર સેન્ટર બનશે; છૂટક કામદારો માટે મેડિક્લેમ

નિર્મલા સીતારમણ સંસદમાં બજેટ રજૂ કર્યું. આ દરમિયાન તેમણે સ્વાસ્થ્ય ક્ષેત્રે ઘણી મોટી જાહેરાતો કરી છે. કેન્સર અને અન્ય ખતરનાક રોગોની દવાઓના ભાવ ઘટાડવાની જાહેરાત કરવામાં આવી છે. દરમિયાન નાણામંત્રીએ આરોગ્ય વિભાગમાં ઘણી સુવિધાઓ પૂરી પાડી છે. નાણામંત્રીએ બજેટ રજૂ કરતી વખતે અનેક જાહેરાતો કરી છે. જેમાં કેન્સર હોસ્પિટલમાં ડે-કેર શરૂ કરવામાં આવશે. કેન્સર અને અન્ય ગંભીર રોગોની દવાઓના ભાવમાં પણ ઘટાડો થશે. જેથી સારવાર દવાની કિંમતના કારણે સામાન્ય લોકોને આર્થિક મુશ્કેલીમાંથી પસાર થવું ન પડે. નિર્મલા સીતારમણે જાહેરાત કરી કે આ બજેટમાં કેન્દ્ર સરકારે રાજ્યોની સાથે મળીને ગામડાઓમાં સામાન્ય લોકોને સ્વાસ્થ્ય સુરક્ષા પૂરી પાડવા માટે 200 કેન્સર ડે કેર સેન્ટર ખોલવાની જાહેરાત કરી છે.

## શું સસ્તુ થયું?

તેનો ફાયદો: સામાન્ય માણસને સસ્તામાં મોબાઈલ, LED ટીવી, ઈલેક્ટ્રિક વાહનો અને દવાઓ મળશે. ખેડૂતો અને ઉત્પાદન ક્ષેત્રને રાહત મળશે.

» કેન્સરની દવાઓ સસ્તી
» ઔષધી અને દવાઓ સસ્તી
» મેડિકલ ઉપકરણ સસ્તા થશે
» 36 જીવન રક્ષક દવાઓ પરથીકસ્ટમ ડ્યુટી સમાપ્ત
» અનેક પ્રકારના ખનિજોની કિંમત ઘટશે
» હથવણાટથી બનેલા કપડા સસ્તા થશે
» ભારતમાં બનેલા કપડા સસ્તા થશે
» 6 જીવન રક્ષક દવાઓ પર 5 ટકા કસ્ટમ ડ્યુટી(શુલ્ક)
» LED-LCD TV સસ્તા
» મોબાઈલ ફોન સસ્તા થશે
» ઈલેક્ટ્રીક ગાળીઓ સસ્તી થશે
» EV બેટરી સસ્તી
» ચામડાથી બનેલા સામાન સસ્તા
» મોબાઈલ ફોન બેટરી સસ્તી
» સમુદ્રિ ઉત્પાદનો સસ્તા
» ફ્રોઝન ફિશ પેસ્ટ

## શું મોંઘુ થયું?

તેની અસર: ટીવી અને સ્માર્ટ ડિસ્પ્લે મોંઘા થઈ શકે છે, પરંતુ મોબાઇલ અને LED ટીવી પર રાહત રહેશે. આ ઉપરાંત બજેટમાં ભારતમાં ઉત્પાદિત કપડાં પર પણ કર મુક્તિ આપવામાં આવી છે.

» લક્ઝરી કાર
» ઈલેક્ટ્રોનિક્સ
» કપડાં
» ફર્નિચર
» મોંઘા રમકડાં
» યાટ્સ અને લક્ઝરી બોટ
» ફ્લેટ પેનલ,TV ડિસ્પ્લે
» ફેબરિક

## અર્થતંત્રને આગળ વધારતું બજેટ

### 'બાર લાખ પાર...'

નિર્મલા સીતારમણના બજેટમાં આવકવેરા ભરનારાઓને મોટી રાહત મળી છે. હવે નોકરી કરતા લોકો જો નવી કર વ્યવસ્થા પસંદ કરશે તો તેમણે 12.75 લાખ સુધીની વાર્ષિક આવક પર કોઈ ટેક્સ ચૂકવવો પડશે નહીં. સરકાર 87A હેઠળ બીજા અને ત્રીજા સ્લેબનો ટેક્સ માફ કરશે. આ સિવાય 75 હજારનું સ્ટાન્ડર્ડ ડિડક્શન પણ મળશે. આ રીતે નોકરી કરતા લોકોની કુલ 12.75 લાખની આવક કરમુક્ત થઈ જશે. ધ્યાનમાં રાખો કે આ રાહત માત્ર નોકરિયાત લોકો માટે છે. અન્ય કોઈપણ સ્ત્રોતમાંથી આવકના કિસ્સામાં કર મુક્તિની મર્યાદા માત્ર 12 લાખ હશે.



### ઇન્કમ ટેક્સ સ્લેબ (નાણાકીય વર્ષ 2025-26)

બજેટ 2025 માં, નિર્મલા સીતારમણે ન્યૂ ટેક્સ રિજીમ હેઠળ નીચેના ટેક્સ સ્લેબની જાહેરાત કરી છે:

| ટેક્સ સ્લેબ | રેટ |
|---|---|
| રૂ. 4 લાખ સુધી | NIL |
| રૂ. 4 થી રૂ. 8 લાખ સુધી | 5% |
| રૂ. 8 થી રૂ. 12 લાખ સુધી | 10% |
| રૂ. 12 થી રૂ. 16 લાખ સુધી | 15% |
| રૂ. 16 થી રૂ. 20 લાખ સુધી | 20% |
| રૂ. 20 થી રૂ. 24 લાખ સુધી | 25% |
| રૂ. 24 લાખ કે તેથી વધુ | 30% |

### નવો આવક વેરા કાયદો આવશે

●દેશમાં નવું આવક વેરા કાયદો બનાવવામાં આવશ. ●સરકાર આગામી અઠવાડિયામાં નવું બિલ રજૂ કરશે. ●હાલ 1961નો જૂનો આવક વેરા કાયદો લાગુ છે, જે નવા કાયદા સાથે બદલાઈ જશે. ●બજેટ 2024માં સરકારે જાહેરાત કરી હતી કે ટેક્સ સિસ્ટમના સંપૂર્ણ સમીક્ષા બાદ નવો કાયદો લાવવામાં આવશે.

## મહિલાઓ માટે 2 જાહેરાત

» SC-STનાં MSME મહિલા ઉદ્યોગસાહસિકો માટે ખાસ લોન યોજના.
» પહેલીવાર ઉદ્યોગસાહસિક બનનારી મહિલાઓને 2 કરોડ રૂપિયાની ટર્મ લોન મળશે.

## વૃદ્ધો માટે 6 જાહેરાત

- વરિષ્ઠ નાગરિકો માટે કરમુક્તિ બમણી કરીને 50,000 રૂપિયાથી વધારીને 1 લાખ રૂપિયા કરવામાં આવી.
- 36 જીવનરક્ષક દવાઓ સંપૂર્ણપણે કરમુક્ત છે.
- દેશમાં 200 ડે કેર કેન્સર સેન્ટર બનાવવામાં આવશે.
- તબીબી ઉપકરણો અને કેન્સરની દવાઓ સસ્તી થશે.
- 6 જીવનરક્ષક દવા પર કસ્ટમ ડ્યૂટી 5% ઘટાડી.
- 13 દર્દી સહાય મૂળભૂત કસ્ટમ ડ્યૂટીની બહાર.

## યુવાનો માટે 11 જાહેરાત

- સ્ટાર્ટઅપ્સ માટે 10 હજાર કરોડનું ફંડ બનાવાશે.
- 500 કરોડ રૂપિયાથી 3 AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) શ્રેષ્ઠતા કેન્દ્રો બનાવાશે.
- આગામી 5 વર્ષમાં તબીબી શિક્ષણમાં 75 હજાર બેઠકોનો વધારો થશે.
- દેશના 23 IITમાં 6500 બેઠક વધારવામાં આવશે.
- મેડિકલ કોલેજોમાં 10 હજાર બેઠક વધશે.
- પીએમ રિસર્ચ ફેલોશિપ હેઠળ 10 હજાર નવી ફેલોશિપ આપવામાં આવશે.
- દેશમાં જ્ઞાન ભારત મિશન શરૂ કરવામાં આવશે, 1 કરોડ હસ્તપ્રતોનું ડિજિટલાઈઝેશન કરવામાં આવશે.
- પટના IITમાં હોસ્ટેલ સુવિધાઓ વધારવામાં આવશે.
- મેક ઈન ઈન્ડિયા, મેક ફોર વર્લ્ડને પ્રોત્સાહન આપશે.
- કૌશલ્ય વધારવા માટે 5 રાષ્ટ્રીય સ્તરનાં કેન્દ્રો બનાવાશે.
- બધી સરકારી માધ્યમિક શાળાઓ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો સાથે બ્રોડબેન્ડ કનેક્ટિવિટી.

NEWS BRIEF

## વીરપુર જન કલ્યાણ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા મહિલાઓ માટે સ્તન અને ગર્ભાશય કેન્સરનો ફ્રી નિદાન કેમ્પ યોજાયો



જગદીશ ત્રિવેદી | લુણાવાડા

વીરપુર સ્વામી વિવેકાનંદ સ્કૂલ ખાતે મંત્રીશ્રી ભીખુસિંહ પરમાર હસ્તે મહિલાઓ માટે ફ્રી નિદાન કેમ્પ ખુલ્લો મુકાયો. વીરપુર જન કલ્યાણ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત મહિલાઓ માટે સ્તન અને ગર્ભાશય કેન્સરનો ફ્રી નિદાન કેમ્પ રાજ્ય કક્ષાના અન્ન અને નાગરિક પુરવઠા, સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી ભીખુસિંહ પરમારના અધ્યક્ષ સ્થાને વીરપુર સ્વામી વિવેકાનંદ સ્કૂલ ખાતે યોજાયો.

ટ્રસ્ટના પ્રમુખશ્રી મયંક જોષી અને ટ્રસ્ટીશ્રી જીગર પટેલના માર્ગદર્શન હેઠળ ટ્રસ્ટીશ્રી મુક્તિબેન કાકા અને નચિકેત પંડ્યા દ્વારા કેટલાય દિવસોથી ગામેગામ ફરી મહિલાઓને કેન્સર જાગૃતિ માટે માહિતી આપી ફ્રીમાં કેન્સરના ટેસ્ટ કરાવવા અને કેમ્પમાં આવવા સમજાવવામાં આવ્યા હતા તેમજ મહીસાગર જિલ્લા વિકાસ અધિકારીશ્રીની સૂચના અને માર્ગદર્શનથી જિલ્લા આરોગ્ય વિભાગ તેમજ આઈસીડીએસ વિભાગના સહકારથી આ કેન્સર ચેકપ કેમ્પમાં 1000 થી પણ વધુ બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં ડો.આરતીબા જાડેજા, ડો.ક્રિષ્નપાલસિંહ સોલંકી સહિત અમદાવાદથી આવેલ રેડ ક્રોસની ટીમ દ્વારા મહિલાઓને કેન્સરને લગતા તપાસની ટેસ્ટ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારીશ્રી સી.એલ પટેલ, અગ્રણીશ્રી દશરથભાઈ બારીયા, અગ્રણીશ્રી પ્રદીપસિંહ રાઠોડ, જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી કે કે પરમાર સહિત મોટી સંખ્યામાં બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

## કડમાળ સીટની પેટા ચૂંટણી માટે કોંગ્રેસ બાદ ભાજપાનાં ઉમેદવારે પણ શુભમુહુર્તમાં ફોર્મ ભર્યું



સુશીલ પવાર | ડાંગ

ડાંગ જિલ્લા પંચાયતની કડમાળ સીટની પેટા ચુંટણી માટે કોંગ્રેસના ઉમેદવાર દ્વારા તો ફોર્મ ભરી દેવામાં આવેલ છે.ત્યારે કોંગ્રેસ બાદ ભાજપના ઉમેદવારે પણ શક્તિ પ્રદર્શન કરી શુભ મુહૂર્તમાં ઉમેદવારી ફોર્મ ભર્યું છે.સમસ્ત રાજ્યમાં નગરપાલિકા, મહાનગરપાલિકા અને જિલ્લા તથા તાલુકાઓની સામાન્ય પેટા ચૂંટણી જાહેર થયેલ છે.ત્યારે આ પેટા ચૂંટણીઓને લઈને ભાજપા,કોંગ્રેસ સહિત અન્ય પાર્ટીઓ હરકતમાં આવતા રાજકીય માહોલ ગરમાયો છે.જેમાં થોડા સમય પહેલા ડાંગ જિલ્લા પંચાયતની 10-કડમાળ બેઠકનાં ભાજપાનાં જિલ્લા સદસ્ય લક્ષ્મીબેન મોહનભાઈ ચૌધરીનું આકસ્મિક નિધન થતા આ બેઠક ખાલી પડી હતી.જેથી ચૂંટણી પંચ દ્વારા ડાંગ જિલ્લાનાં કડમાળ જિલ્લા સીટની પેટા ચૂંટણીની જાહેરાત કરવામાં આવેલ છે.ત્યારે ડાંગ જિલ્લા પંચાયતની કડમાળ આદિજાતિ સ્ત્રી બેઠક માટે કોંગ્રેસ પાર્ટી દ્વારા એલિશાબેન ગુલાબભાઈ ચૌધરીને ઉમેદવાર તરીકે ઉતારવામાં આવેલ છે.તેમજ કોંગ્રેસનાં ઉમેદવાર દ્વારા સુબીર મામલતદાર કચેરીએ પહોંચી ઉમેદવારી ફોર્મ પણ ભરવામાં આવ્યુ હતુ.ત્યારે બીજી તરફ ભાજપા પાર્ટી દ્વારા કડમાળ બેઠક માટે ઉમેદવાર તરીકે લતાબેન નાનુભાઈ લોત્યાનાં નામની જાહેરાત કરી હતી.આજરોજ ડાંગ કડમાળ બેઠક માટે ભાજપાનાં ઉમેદવાર લતાબેન લોત્યા(રહે.ઢોંગીઆંબા તા.સુબિર)નાઓએ ભાજપાનાં આગેવાનો સાથે સુબીર મામલતદાર કચેરીએ જઈને ઉમેદવારી ફોર્મ ભર્યું છે.આ પ્રસંગે નાયબ મુખ્ય દંડક વિજયભાઈ પટેલ,જિલ્લા પંચાયતનાં પ્રમુખ નિર્મળાબેન ગાઈન, ભાજપ પાર્ટી પ્રમુખ કિશોરભાઈ ગાવીત,મહામંત્રી રાજેશભાઈ ગામીત સહિત ભાજપાનાં આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## પાટણના ઉપક્રમે પ્રાથમિક શિક્ષણના વિવિધ પ્રકરણોનો માર્ગદર્શન તથા સન્માન સમારોહ યોજાયો



નીતિન ઠાકર | ચાણસ્મા

જિલ્લા શિક્ષણ સમિતિ અને સમગ્ર શિક્ષા પાટણના ઉપક્રમે પ્રાથમિક શિક્ષણના વિવિધ પ્રકરણોનો માર્ગદર્શન વર્કશોપ તથા સન્માન સમારોહ જિલ્લાના રિજીયોનલ સાયન્સ સેન્ટર મુકામે ૧ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ ડૉ .એમ. આઈ. જોશી નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ ગુજરાત રાજ્યના અધ્યક્ષ સ્થાને યોજાયો. જેમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણધિકારી ડૉ. નરેન્દ્રસિંહ બી. ચાવડા , ડાયટ પાટણના પ્રાચાર્ય શ્રી પિન્કીબેન રાવલ, સિદ્ધપુર શાસનાધિકારી શ્રી જયરામભાઇ જોશી, નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી શ્રી પરમાભાઈ નાડોદા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત શિક્ષક કલાવૃંદ તરફથી પ્રાર્થનાગાન દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ માંડોત્રી શાળાની દીકરીઓ દ્વારા વિવિધ પ્રકલ્પો વિશેની નાટિકા રજૂ કરવામાં આવી. આ સમગ્ર કાર્યક્રમમાં વર્ષ ૨૦૨૩- ૨૪ માં લેવાયેલ CET પરીક્ષામાં જિલ્લામાં પ્રથમ ૨૦ માં આવનાર - ૨૧ જેટલા બાળકો, ટોપ -૧૦ શાળાના આચાર્યો, ટોપ- ૫ સી.આર.સી., ટોપ -૩ ટી.પી.ઈ.ઓ. અને ટોપ -૩ બી.આર.સી.નું માન. નિયામકશ્રીના હાથે સન્માન કરવામાં આવ્યું હતું. સાથે સાથે પાટણ જિલ્લા શિક્ષણ તંત્રમાં વિશિષ્ટ કામગીરી કરનાર શિક્ષકોનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં આર્થિક સહયોગ આપનાર જિલ્લાની વિવિધ નાણાં ધિરનાર મંડળીના પ્રમુખશ્રી, મંત્રીશ્રી તેમજ કારોબારી સભ્યોનું અધ્યક્ષ સ્થાનેથી સન્માન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં જિલ્લાના વિવિધ સંઘના હોદ્દેદારશ્રીઓ, પગાર કેન્દ્રના આચાર્યો, જિલ્લાના તમામ CRC-BRC, TPEO શ્રી, બીટ કેળવણી નિરીક્ષકો હાજર રહ્યા હતા.

# સંખેડાના અર્જુનનાથ મહાદેવ મંદિર બચાવવા ગ્રામજનો આક્રમક મૂડમાં

**નદી કિનારે સંરક્ષણ દીવાલ બનાવીને મંદિર બચાવવાની માંગણીને લઇને સંખેડાનુ 31 જાન્યુઆરીએ બજાર સજ્જડ બંધ રાખવામાં આવ્યું હતું છતાં પણ તંત્ર મૌન જાને સંખેડા અનાથ થઈ ગયું હોય એમ ચૂપ થઈ તમાશો જોતા મહારથીઓ**

કમલેશ પટેલ | સંખેડા





સંખેડા ખાતે આવેલ પૌરાણિક અર્જુનનાથ મહાદેવ મંદિરને બચાવવા ગ્રામજનો આંદોલનના માર્ગે છે અને સંખેડા બંધનું એલાન આપતા 31 તારીખે સંખેડાના બજારો સજ્જડ બંધ રહ્યા હતા.

સંખેડા હાંડોડ રોડ પર ઉચ્છ મળી કિનારે આવેલ પાંડવ કાલીન પૌરાણિક અર્જુનનાથ મહાદેવ મંદિર ભેખડ ધસી પડે આજે બે વર્ષ ઉપર સમય ગાળો વીતી કયો હોવા છતાં પોતાની વાહ વાહી કરાવતા નેતાઓ પણ આ સમસ્યાથી અંજાન હોય એમ એમના કાન સુધી આ રજૂઆતો પહોંચતી નથી એમ જણાઈ આવે છે અને નદીમાં ખૂબ પ્રવાહ આવે તો આખુ અર્જુન નાથ મંદિર જળ મગ્ન બને તેવી સ્થિતિમાં આવી ગયું છે. વર્ષ 2022 ના જુલાઈ મહિનામાં ઉચ્છ નદીમાં ભારે પુર આવતા અર્જુન નાથ મહાદેવ મંદિરની પાછળ આવેલ નકુલેશ્વર મહાદેવ મંદિરે જલ સમાધિ લઈ લીધી હતી, અને ત્યારે અર્જુનનાથ મહાદેવ મંદિર ની નીચેથી પણ થોડી માટી ધસી પડી હતી. જેને લઇને અર્જુન નાથ મહાદેવ મંદિર ગમે ત્યારે નદીમાં જળ સમાધિ લઈ લે તેવી સ્થિતમાં છે.આ મંદિર પાંડવ કાલીન મંદિર હોવાની માન્યતા પણ રહેલી છે,

જેને લઈને પંથકમાં લોકોની આસ્થાનું પ્રતિક બન્યું છે.લોકોમાં આ મંદિર પ્રત્યે અપાર શ્રદ્ધા જોવા મળે છે, દર સોમાવરે તથા શ્રાવણ મહિનામાં મંદિરે ભારે ભીડ પણ જોવા મળે છે.ત્યારે આ મંદિર જળ સમાધિ ના લે તે માટે સંખેડાના ગ્રામજનો છેલ્લા અઢી વર્ષથી ઉચ્છ નદી કિનારે સંરક્ષણ દીવાલની માંગણી કરી રહ્યા છે

પરંતુ તંત્ર દ્વારા માંગણી નહિ સંતોષાતા બે દિવસ પહેલા સંખેડા મામલતદાર અને છોટા ઉદેપુર જીલ્લા કલેકટરને પોતાની માંગણી ની રજૂઆત કરીને આજે સંખેડા બંધનું એલાન આપ્યું હતું. આ બંધને લઈને સંખેડાનુ બજાર સજ્જડ બંધ રાખ્યું હતું. પરંતુ જાને જનતાની પોકાર કોઈ સાંભળતું નથી એમ મૌન વ્રત ધારણ કરી લીધું હોય એમ જણાઈ આવે છે . આગામી દિવસોમાં સંખેડા ગ્રામજનોની અર્જુનનાથ મહાદેવ મંદિર પાછળ સંરક્ષણ દીવાલ બનાવવાની માંગણી નહિ સંતોષાય તો ભૂખ હડતાળ કરવાની પણ ચીમકી ગ્રામજનો ઉચ્ચારી રહ્યા છે.

## ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થા આહવા દ્વારા જનરલ EDP તાલીમનો સમાપન સમારોહ યોજાયો

સુશીલ પવાર | ડાંગ



ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થા (RSETI) ડાંગ-આહવા ખાતે જનરલ ઈડીપી તાલીમનો સમાપન સમારોહ યોજાયો.ગુજરાત માટીકામ કલાકારી અને ટેકનોલોજી સંસ્થા ગાંધીનગર દ્વારા કમિશ્નર કુટીર અને ગ્રામોદ્યોગ (ગુજરાત સરકાર ) અમલીકૃત, માનવ કલ્યાણ યોજના અંતર્ગત આયોજિત છ દિવસીય ધંધા-રોજગાર માટે ઉદ્યોગ સાહસિકતા, માર્કેટિંગ, ઓનલાઈન પેમેન્ટ અને સોફ્ટ સ્કીલ અંગેની તાલીમનું આયોજન કરવામાં આવ્યુ હતુ.જેમાં ૧૮ તાલીમાર્થીઓએ તાલીમ મેળવી છે.આ તાલીમ દરમિયાન તાલીમાર્થીઓને બેંકના કાર્યો, લોન, વીમા અને સરકારની વિવિધ યોજનાઓની માહિતી, ધંધા-રોજગારમાં આવતી આફતોને સમજવા માટે ટાવર ગેમ, રિંગટોસ ગેમ અને હોડી ગેમની રમતો રમાડી પ્રવૃતિમય ધંધા-રોજગાર અંગેનો શિક્ષણ આપવામાં આવેલ હતુ. અને RSETIના ઉદ્યમશીલ વ્યક્તિની ૧૫ ક્ષમતાઓ વિશે ઝીણવટતાથી તાલીમાર્થીઓને સમજ આપવામાં આવી હતી. ગ્રાહકોનાં વર્તન વ્યવહારની સમજ અને ગ્રાહકો જોડે કોમ્યુનિકેશન સ્કીલ પ્રવૃત્તિ સાથે શિખાવવામાં આવી હતી. કુટીર ઉદ્યોગ ડાંગ-આહવા દ્વારા અમલ થતી યોજના જેવી કે, વાજપાઈ બેન્કેબલ યોજના, માનવ કલ્યાણ યોજના, દંત્તોપંત ઠેગડી કારીગર વ્યાજ સહાય યોજના, વડાપ્રધાન રોજગાર નિર્માણ કાર્યક્રમ અને પીએમ વિશ્વકર્મા યોજના જેવી મહત્વની સરકારની યોજના વિશે માહિતી કુટિર ઉદ્યોગ ડાંગ-આહવાના મદદનીશ નિયામક (ટ્રાઇબલ) કચેરીના અધિકારી દેવીદાસ સાહેબે માહિતી આપતા વધુમાં વધુ નાગરિકોને યોજનાઓનો લાભ લેવા માટે અનુરોધ કર્યો હતો.

જિલ્લામાં સહાય આપતી વિવિધ કચેરીઓ વિશે પણ તાલીમ દરમિયાન તાલીમાર્થીઓને માહિતી આપવામાં આવી હતી.જનરલ ઈડીપી તાલીમના પુર્ણાહુતિ સમારોહ પ્રસંગે અને પ્રમાણપત્ર વિતરણ સમારોહમાં રોજગાર કચેરી ડાંગ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના અધિકારીઓ, RSETIના તાલીમ આપનાર સ્ટાફ હાજર રહ્યો હતો.

## ડાંગની દીકરીઓ અભ્યાસની સાથે કરશે સ્વરક્ષણ, સ્ટેટ કક્ષાએ કૌશલ્યને ગજવશે

સુશીલ પવાર | ડાંગ



સમગ્ર શિક્ષા ગાંધીનગર દ્વારા પ્રેરિત અને સમગ્ર શિક્ષા ડાંગ દ્વારા આયોજિત રાણી લક્ષ્મીબાઈ આત્મરક્ષા પ્રશિક્ષણ અંતર્ગત ઉચ્ચતર પ્રાથમિક શાળાઓ અને ઉચ્ચતર સરકારી માધ્યમિક શાળાઓમાં ડાંગ જિલ્લા શિક્ષણાધિકારી જે.એન. ત્રિવેદી અને જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર અને પ્રાથમિક શિક્ષણાધિકારી વી. ડી. દેશમુખના માર્ગદર્શન હેઠળ આહવા તાલુકાની કુલ 41 શાળાઓમાં સ્વરક્ષણની તાલીમ આપવા સેલ્ફ ડિફેન્સ એકેડેમી ચેરીટેબલ ટ્રસ્ટ જામલાપાડાને કામગીરી સોંપવામાં આવેલ છે.આ તાલીમમાં કન્યાઓ ઉત્સાહથી ભાગ લઈ રહી છે. જેના ભાગરૂપે ડાંગમાં તારીખ 29/01/2025ના રોજ સ્પોર્ટ કોમ્પ્લેક્સ સાપુતારા ખાતે ખેલ મહાકુંભ કરાટેની સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં આહવા તાલુકાની પ્રાથમિક શાળા જામલાપાડાની 4 કન્યાઓએ અને જામુનવિહિર પ્રાથમિક શાળાની 4 કન્યાઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રાથમિક શાળા જામલાપાડાની કન્યાઓમાં 1. વૃતિકાબેન સંજયભાઈ ગળવી - ફર્સ્ટ પ્રાઈઝ, 2. કાવ્યાબેન જયંતભાઈ સહારે - ફર્સ્ટ પ્રાઈઝ, 3. તેજસ્વિની રવીન્દ્ર માહલા - ફર્સ્ટ પ્રાઈઝ, 4. પ્રિયાંશી જયેશ કુંવર - થર્ડ પ્રાઈઝ મેળવી શાળાનું નામ રોશન કર્યું છે.તેમજ જામુનવિહિર પ્રાથમિક શાળાની કન્યાઓએ 1. નિકિતા પવાર - ફર્સ્ટ પ્રાઈઝ, 2. રેખાબેન ભોયે - સેકન્ડ પ્રાઈઝ મેળવી ડાંગનું તેમજ શાળાનું નામ રોશન કર્યું છે.અહી કોચ ધનરાજભાઈ બી. ગાવીતના કોચિંગ હેઠળ કન્યાઓને સારી તાલીમ મળી રહી છે.જે અભિનંદનને પાત્ર છે. અને આ કન્યાઓએ સ્ટેટમાં રમવાની તૈયારી બતાવી છે.અગામી દિવસોમાં ડાંગની કન્યાઓ સ્ટેટ કક્ષાએ કૌશલ્યને ગજવશે.

## દાહોદમાંથી શંકાસ્પદ તેલનો જથ્થો ઝડપાયો, અલગ-અલગ બ્રાન્ડના 370 ડબ્બા જપ્ત



**બાલાશિનોરથી આઇશરમા આવેલ અલગ અલગ બ્રાન્ડનો તેલનો શંકાસ્પદ જથ્થો ઝડપાતા કાર્યવાહી હાથ ધરવામાં આવી**

(એજન્સી) દાહોદ | તા.01

દાહોદના બલૈયા રોડ પર ગોડાઉનમાંથી શંકાસ્પદ તેલનો જથ્થો ઝડપાયો છે. અલગ-અલગ બ્રાન્ડના શંકાસ્પદ તેલના 370 ડબ્બા જપ્ત કરવામાં આવ્યા છે. ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે શંકાસ્પદ તેલના નમૂના લેવાની સાથે પરિક્ષણ માટે મોકલાયા છે.

મળતી માહિતી મુજબ, બલૈયા રોડ ઉપર આવેલ વેપારીના ત્યા ઉતરતો શંકાસ્પદ તેલનો જથ્થો ઝડપાયો હતો. બાલાશિનોરથી આઈશરમા આવેલ અલગ અલગ બ્રાન્ડનો તેલનો શંકાસ્પદ જથ્થો ઝડપાતા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. સામાજીક આગેવાનની સતર્કતાને પગલે તેલના શંકાસ્પદ 370 જેટલા ડબ્બા જપ્ત કરવામાં આવ્યા છે.

ડ્રગ્સ એન્ડ ફુડ વિભાગ ને બોલાવી તેલના નમુના લેવાયા છે. જેમાં કમલ, રસોઈ કિંગ, કલશ,અને સ્વાદ જેવી બ્રાન્ડના તેલના ડબ્બા ગાડીમાથી ઉતરતા સમયે ઝડપાયા હોવાનું સામે આવ્યું છે. મામલતદાર દ્વારા તેલ નો જથ્થો જપ્ત કરી નમુના પરિક્ષણ માટે મોકલવામાં આવ્યા છે.

અહીં મોટા પ્રમાણમાં અહીં લોકોના આરોગ્ય સાથે છેડા કરવાનો એક પેતરો ગોઠવવામાં આવી રહ્યો હતો. અહીં સવાલો SOGએ સીધા જ ફૂડ વિભાગ સામે ઉભા કર્યા છે. કેમ કે આ જવાબદારી સીધી ફૂડ વિભાગની રહે છે.

જિલ્લામાં જ્યારે ફૂડ વિભાગ કામ કરતું હોય ત્યારે ચોક્કસ આ પ્રકારની ગતિવિધિઓ ઉપર ધ્યાન રાખવામાં આવવું જોઈએ...ફૂડ વિભાગ અને FSLને પણ આ સમગ્ર બાબતે જાણ કરાઈ છે. તેલમાં લાખોથી વધુ કિંમતનો જથ્થો ફૂડ વિભાગે સીઝ કર્યો છે. હાલ તો શંકાસ્પદ તેલના સેમ્પલ લઈ FSLએ તપાસ માટે તજવીજ હાથ ધરી છે.

## રાજ્યની જાન્યુઆરીમાં GST આવકમાં 17%નો વધારો

### સરકારી તિજોરી પૈસાથી છલકાઈ!

(એજન્સી) ગાંધીનગર | તા.01

ગુજરાત સરકારને GST દ્વારા જાન્યુઆરી મહિનામાં તગડી આવક થઈ છે. જાન્યુઆરી 2025માં રાજ્યની GST આવકમાં મોટો વધારો નોંધાયો છે. જાન્યુઆરી 2025માં રાજ્યની GST આવકમાં 17 ટકાનો વધારો નોંધાયો છે. રાજ્યના કર વિભાગને GST દ્વારા 6,873 કરોડ રૂપિયાની મોટી આવક થઈ છે. જે જાન્યુઆરી 2024માં થયેલી આવક કરતા 17 ટકા વધુ છે.





### ત્રીજા કવાર્ટરમાં 19 ટકાનો વધારો નોંધાયો હતો

રાજ્યને જાન્યુઆરી 2025માં વેટ હેઠળ રૂપિયા 2,856 કરોડની આવક થઈ છે તો વિદ્યુત શુલ્ક હેઠળ 2,998 કરોડ રૂપિયાની આવક નોંધાઈ છે. વ્યવસાય વેરા હેઠળ સરકારને રૂપિયા 21 કરોડની આવક થઈ છે. ડિસેમ્બર મહિનામાં રાજ્યમાં જીએસટીની આવકમાં મોટો વધારો નોંધાયો હતો. ત્રીજા કવાર્ટરમાં જીએસટીની આવકમાં 19 ટકાનો વધારો નોંધાયો હતો. ચાલુ નાણાકીય વર્ષે ત્રીજા ત્રિમાસિક ગાળામાં જીએસટી હેઠળ 18,448 કરોડ રૂપિયાની આવક થઈ હતી.

**વર્ષ 2024-25માં સરકારનું કુલ GST કલેક્શન 16.33 લાખ કરોડ રૂપિયા :** વર્ષ 2024-25માં સરકારનું કુલ GST કલેક્શન 16.33 લાખ કરોડ રૂપિયા છે. આ ડેટા એપ્રિલ 2024થી ડિસેમ્બર 2024 સુધીનો છે, નાણાકીય વર્ષ 2024-25 સમાપ્ત થવામાં હજુ ત્રણ મહિના બાકી છે. નાણાકીય વર્ષ 2023-24માં સરકારને GST કલેક્શનમાંથી 20.14 લાખ કરોડ રૂપિયા મળ્યા હતા, જ્યારે FY 2022-23માં GSTથી સરકારી તિજોરીમાં 14.96 લાખ કરોડ રૂપિયા આવ્યા હતા.

## વાઘોડિયાના રવાલ ગામની મહિલાએ ગળે ફાંસો ખાઇ આપઘાત કર્યો

કિશન રોહિડા | જરોદ

વાઘોડિયા તાલુકાના રવાલ ગામે રહેતા નયનાબહેન સંજયભાઈ જાદવ ઉ વર્ષ 27 અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ ને ફાની દુનિયા છોડી દેતા ગામ સહિત પરીવાર માં શોકની લાગણી પ્રસરી જવા પામી હતી મૃતક નયનાબહેન ના પતિ સંજયભાઈ અને સસરા નોકરી એ ગયા હતા અને સાસુ ખેતરમાં ઢોરઢાંખર માટે ઘાસચારો લેવા માટે ગયા હતા તે દરમિયાન પરણિત ના બે સંતાનો પૈકી ના એક આશરે સાડા છ વર્ષ નું બાળક ગામ ની શાળા માં અભ્યાસ અર્થે ગયેલ જ્યારે એક માત્ર ત્રણેક વર્ષ ના નાનાં દિકરા સાથે એકલી હતી તે દરમિયાન પરણીતા એ એકા એક અગમ્ય કારણોસર પોતાના પોતાના મકાન ની પાછળ ના ભાગે આવેલ છેલ્લી રૂમમાં જ ઈ છત પર આવેલ લોખંડ ની પાઈપ પર નાયલોન ની દોરી વડે ગાળીયો બનાવી ને ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો બપોર નો સમય થતાં પરણીતા ની સાસુ ખેતરમાં થી ઘરે આવી ને બારણું ખટખટાવતા નયનાબહેન ને બારણું ન નહીં ખોલતા સાસુ મકાન ના પાછળ ના ભાગે જ ઈ ને જોતા પોતાના દિકરા ની વહુ એ નાયલોન ની દોરી વડે ગળે ફાંસો ખાધેલી હાલતમાં લટકતી જોતા જ સાસુ એ બુમાબુમ કરતા અડોશ પડોશ ના લોકો ને બોલાવી લ ઈ દાતરડા વડે દોરી કાપી ને નિચે ઉતારી ને જોતા નયનાબહેન મૃત્યુ પામેલા જણાતા બનાવ ની જાણ નોકરી એ ગયેલ નયનાબહેન ના પતિ સંજયભાઈ અને વાઘોડિયા પોલીસ ને કરતા આજવા આઉટ પોસ્ટ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ને મૃતક મહિલા ની લાશ કબજે કરી જરોદ રેફરલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ અર્થે મોકલી અકસ્માત મોત નો ગુન્હો નોંધી ને આગળ તપાસ હાથ ધરી છે.

## ચાણસ્મા નગર પાલિકાની ચૂંટણીના ફોર્મ પ્રકિયા માટે ઉમેદવારોનો ભારે ઘસારો

### ૬ વોર્ડની ૨૪ બેઠકો માટે ૮૧ ફોર્મ ભરાયાં

નીતિન ઠાકર | ચાણસ્મા

સ્થાનિક સ્વરાજની ચૂંટણીની જાહેરાત કરાતાં ની સાથે જ રાજકારણમાં ગરમાવો આવી ગયો હતો. અને પાટણ જિલ્લામાં જાહેર કરાયેલ ત્રણ નગર પાલિકામાંથી ચાણસ્મા નગર પાલિકાની પણ - ૬ વોર્ડની - ૨૪ બેઠકો માટે ચૂંટણી યોજવવા જઈ રહી છે. ઉમેદવારી પત્રો ભરવા માટે છેલ્લી તારીખ ૧ જાન્યુઆરી ને શનિવાર હોવાથી શુક્રવારે ચાણસ્મા ના ઉમેદવારો મામલતદાર કચેરી ખાતે ફોર્મ ભરવા આવી પહોંચ્યા હતા. ચાણસ્મા નગર પાલિકાની ચૂંટણી જાહેર કરવામાં આવતાં જ બંને પક્ષોમાં ઉમેદવારો ચૂંટણી જંગમાં થનગાટી કરી રહ્યા છે.ત્યારે ઉમેદવારી પત્ર ભરવાની છેલ્લી ઘડી શનિવારે હોવાથી શુક્રવારે ભાજપ અને કોંગ્રેસ પક્ષમાંથી નગર પાલિકાની ચૂંટણી લડવા ઈચ્છુક ઉમેદવારો મામલતદાર કચેરી ખાતે પહોંચ્યા હતા.અને ૪૧ જેટલા ફોર્મ ભરાયાં હોવાનું મામલતદાર કચેરી ના સુત્રો પાસેથી જાણવા મળ્યું હતું.ત્યારે શનિવારના દિવસે ફોર્મ ભરવાનો છેલ્લો દિવસ હોવાથી ભાજપ, કોંગ્રેસ,અપક્ષ સહિત ના ઉમેદવારોએ ૬ વોર્ડમાં ૨૪ બેઠકોમાં ૮૧ ફોર્મ મામલતદાર કચેરી ખાતે પ્રાંત અધિકારીની હાજરીમાં ભરાયાં હતાં. ત્યારે ત્રીજી ફેબ્રુઆરી એ ફોર્મની ચકાસણી કરવામાં આવશે તેમજ ચોથી ફેબ્રુઆરીએ ફોર્મ પરત ખેંચી શકાશે.અને ૧૬ મી ફેબ્રુઆરીએ ચાણસ્મા ખાતે છ વોર્ડ નું મતદાન મથકો પર મતદાન થશે.

**ACBએ કસ્ટમ વિભાગના 2 અધિકારીઓને 2.32 લાખની લાંચ લેતા ઝડપ્યા :** રાજ્યમાં વધુ એક વખત લાંચિયા અધિકારીઓ લાંચ લેતા ઝડપાયા છે. કસ્ટમ વિભાગના 2 અધિકારીઓ લાંચ લેતા ઝડપાયા છે. કસ્ટમ ઈન્સ્પેક્ટર સતિંદરપાલ અરોરા અને આઉટ સોર્સ એન્જિનિયર અંકિત દેસાઈ લાંચ લેતા ઝડપાયા છે. હાલમાં ACBએ કાર્યવાહી કરતા લાંચ લેતા આ બંને અધિકારીઓની ધરપકડ કરી લીધી છે અને આ સાથે જ એક ખાનગી વ્યક્તિ ગુલામ મલેકની પણ ધરપકડ કરવામાં આવી છે.

## દિલ્હી-ભૂજ વચ્ચે આજથી નવી ફ્લાઈટ શરૂ

(એજન્સી) ભૂજ | તા.01





આજથી દિલ્લી અને ભુજ વચ્ચે નવી ફ્લાઈટ શરૂ કરવામાં આવી છે. ત્યારે વિસ્તારા એરલાઈન્સની ફ્લાઈટ ભુજ એરપોર્ટ પહોંચતા વોટર કેનનથી સલામી આપવામાં આવી હતી અને ફ્લાઈટનું સ્વાગત કરવામાં આવ્યું હતું, ભુજ દિલ્લી વચ્ચે શરૂ થયેલી આ હવાઈ સેવા એનઆરઆઈ લોકો માટે ખુબ જ ઉપયોગી સાબિત થશે. છેલ્લા ઘણા વર્ષોથી ભુજ-દિલ્હી વચ્ચે ફ્લાઈટ શરૂ કરવા માટે અનેક રજૂઆત કરવામાં આવી હતી. આજથી ભુજ-દિલ્હી વચ્ચે નવી ફ્લાઈટ શરૂ થતાં ભુજથી દિલ્હીનો પ્રવાસ કરતા મુસાફરોમાં એક અલગ જ આનંદ જોવા મળ્યો હતો. જ્યારે કચ્છી એન.આર.આઈ. લોકો માટે આ ફ્લાઈટ ખુબ જ મહત્વની સાબિત થશે. ફ્લાઈટ શરૂ ઓછા સમયમાં તેઓ પોતાના વતન કે કામના સ્થળે પહોંચી શકશે. અગાઉ ડાયરેક્ટ દિલ્લીની ફ્લાઈટ નહીં હોવાના કારણે મુસાફરોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો હતો.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# ઉર્વશીની સ્યુસાઇડ નોટ:3 કાગળોમાં લખ્યું, પ્રિન્સિ. પ્રોફેસર અને મંડળ મને માનસિક ત્રાસ આપતાં હતા

(એજન્સી) મહેસાણા તા 01

બાસણા મર્ચન્ટ કેમ્પસની હોમિયોપેથિક કોલેજના રૂમમાં પોલીસે તપાસ કરી, ટ્રસ્ટીઓ સુધી રેલો પહોંચશે વિસનગરના બાસણા મર્ચન્ટ કેમ્પસમાં આવેલી હોમિયોપેથીક કોલેજના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતી 19 વર્ષીય વિદ્યાર્થિનીના અપમૃત્યુ કેસમાં પોલીસને ત્રણ સ્યૂસાઇડ નોટ મળી છે. ત્રણેયમાં કોલેજના આચાર્યથી માંડીને પ્રોફેસર માનસિક ટોર્ચર કરતા હોવાનો ઉલ્લેખ છે પરંતુ કોઈ પણ વ્યક્તિના નામ જોગ કે તેના ત્રાસથી આત્મહત્યા કર્યાનો ઉલ્લેખ ન હોવાનું પોલીસનું કહેવું છે. પાંચ આરોપીની શુક્રવારે ધરપકડ કરાઇ છે. આજે સવારે કોર્ટમાં રજૂ કરાશે. આ કેસમાં ટ્રસ્ટીઓની પણ પૂછપરછ કરાશે. બહુચરાજીના અને વકીલાતનો વ્યવસાય કરતાં પ્રવીણભાઈ શ્રીમાળીની 19 વર્ષની દીકરી ઉર્વશીએ પ્રોફેસરો અને પ્રિન્સિપાલના ત્રાસે હોસ્ટેલના પંખાથી દુપટ્ટો બાંધી ફાંસો ખાધો હતો. 4 પ્રોફેસર અને પ્રિન્સિપાલ સામે દુષ્પ્રેરણનો ગુનો નોંધી પંચનામા સહિતની કાર્યવાહી કરાઇ હતી. ડીવાયએસપી મિલાપ પટેલની ટીમને 3 અલગ-અલગ કાગળમાં લખેલી સ્યૂસાઇડ નોટ મળી હતી. જેમાં અભ્યાસ સમયે તેણીને મેન્ટલી ટોર્ચર કરવામાં આવતી હોવાનો ઉલ્લેખ કરાયો છે. જો કે, અન્ય લખાણ પોલીસ તરફથી જાહેર કરાયું નથી. બીજી તરફ પોલીસ ઉર્વશીની સાથે રૂમમાં રહેતી અને સાથે અભ્યાસ કરતી અન્ય વિદ્યાર્થિનીઓ સહિતનાના નિવેદન લીધાં હતા.



**કોલેજ બંધ, હવે 3 મહિલા પ્રોફેસર જ રહ્યાં, અભ્યાસને અસર :** ઉર્વશીની આત્મહત્યાને લઇ પ્રિન્સિપાલ અને 4 મુખ્ય પ્રોફેસરો સામે ફરિયાદ અને ધરપકડની કાર્યવાહ બાદ કોલેજમાં હવે ગણ્યા ગાંઠયા બે-ત્રણ મહિલા પ્રોફેસર જ રહ્યા છે. મર્ચન્ટ કેમ્પસમાં અન્ય કોલેજો ચાલુ છે પરંતુ હોમિયોપેથી કોલેજ બંધ હોઇ અભ્યાસ ઉપર અસર પડી રહી છે.મહેસાણા બાર એસોસિયેશનના પ્રમુખ આર. એન.બારોટે શુક્રવારે લેખિત વિનંતી પત્ર જાહેર કરીને એડવોકેટ મિત્રની દીકરી એટલે આપણી જ દીકરી કહેવાય જેથી તમામ એડવોકેટ મિત્રોએ આરોપી તરફે વકીલ તરીકે ન રોકાવવા સારું નમ્રતાપૂર્વકની વિનંતી સાથેની અપીલ કરી હતી. પરંતુ કોઈના નામ જોગ નથી. આગામી સમયમાં ટ્રસ્ટીઓની પણ પૂછપરછ કરાશે. આરોપી તરફે ન રહેવા બાર એસો.ની અપીલ મહેસાણા બાર એસોસિયેશનના પ્રમુખ આર. એન.બારોટે શુક્રવારે લેખિત વિનંતી પત્ર જાહેર કરીને એડવોકેટ મિત્રની દીકરી એટલે આપણી જ દીકરી કહેવાય

### કોઇ નામ જોગ આક્ષેપ નથી

આત્મહત્યાના આ કેસની તપાસ કરી રહેલા મહેસાણા Dy.sp મિલાપ પટેલે કહ્યું કે શુક્રવારે ઉર્વશીના હોસ્ટેલના રૂમમાં પોલીસે તપાસ કરતાં ત્રણ સ્યૂસાઇડ નોટ મળી છે. જેમાં કોલેજના પ્રોફેસર, પ્રિન્સિપાલ અને મંડળ દ્વારા તેણીને મેન્ટલી ટોર્ચર કરાતી હોવાના આક્ષેપ કરાયા છે પરંતુ કોઈના નામ જોગ નથી. આગામી સમયમાં ટ્રસ્ટીઓની પણ પૂછપરછ કરાશે. આરોપી તરફે ન રહેવા બાર એસો.ની અપીલ મહેસાણા બાર એસોસિયેશનના પ્રમુખ આર. એન.બારોટે શુક્રવારે લેખિત વિનંતી પત્ર જાહેર કરીને એડવોકેટ મિત્રની દીકરી એટલે આપણી જ દીકરી કહેવાય જેથી તમામ એડવોકેટ મિત્રોએ આરોપી તરફે વકીલ તરીકે ન રોકાવવા સારું નમ્રતાપૂર્વકની વિનંતી સાથેની અપીલ કરી હતી. બહુચરાજીના અને વકીલાતનો વ્યવસાય કરતાં પ્રવીણભાઈ શ્રીમાળીની 19 વર્ષની દીકરી ઉર્વશીએ પ્રોફેસરો અને પ્રિન્સિપાલના ત્રાસે હોસ્ટેલના પંખાથી દુપટ્ટો બાંધી ફાંસો ખાધો હતો. 4 પ્રોફેસર અને પ્રિન્સિપાલ સામે દુષ્પ્રેરણનો ગુનો નોંધી પંચનામા સહિતની કાર્યવાહી કરાઇ હતી. ડીવાયએસપી મિલાપ પટેલની ટીમને 3 અલગ-અલગ કાગળમાં લખેલી સ્યૂસાઇડ નોટ મળી હતી. જેમાં અભ્યાસ સમયે તેણીને મેન્ટલી ટોર્ચર કરવામાં આવતી હોવાનો ઉલ્લેખ કરાયો છે.

# 10થી વધુ વિક્રેતાઓને ત્યાં GSTના દરોડા

## 2000 પ્રોજેક્ટમાંથી અનેકમાં બિલ વિના જ ટાઇલ્સ લાગી

## સુરતમાં ઉધના-મગલ્લા સહિતના વિસ્તારોના ટાઇલ્સ વિક્રેતાઓને ત્યાં અધિકારીઓના ધામા

(એજન્સી) સુરત તા 01

સુરત સહિત રાજ્યભરના મહાનગરોમાં પોશ વિસ્તારમાં ગત વર્ષે બનેલા 2 હજાર મોંઘાદાટ પ્રોજેક્ટમાં લાગેલી કરોડોની ટાઇલ્સ મુદ્દે પૂરતો ટેક્સ નહીં મળતાં જીએસટીએ 10-12 વિક્રેતાઓને ત્યાં તપાસ હાથ ધરી છે. સુરતમાં ઉધના મગલ્લા સહિતના વિસ્તારોમાં તપાસ થઈ થઈ છે. સુરતમાં વર્ષે સરેરાશ 500થી વધુ પ્રોજેક્ટ શરૂ થતા હોય છે, પરંતુ ટાઇલ્સના ધંધાથીઓ મોટાભાગનો માલ બિલ વગર જ વેચી દેતા હોવાથી જરૂરી ટેક્સ આવતો નથી. સિરામિકની કાચી ચિઠ્ઠીઓ પકડાતાં હવે મોટા બિલ્ડરો સપાટામાં આવી શકે છે. બપોરથી શરૂ થયેલી તપાસ હજી બે દિવસ ચાલી શકે છે. જીએસટીના સૂત્રોએ કહ્યું કે, રીઅલ એસ્ટેટ ક્ષેત્રે એવા અનેક ધંધાર્થી છે જેઓ માલ વેચ્યા બાદ ટેક્સ ભરતા નથી. જેમાં સિરામિક વિક્રેતા વધુ છે. કોરોના બાદ રીઅલ એસ્ટેટની તેજી પરત ફરી છે અને રાજ્યમાં 2 હજાર પ્રોજેક્ટ ગત વર્ષે બન્યા છે, જેમાં હાઇરાઇઝ સિવાયના પણ અનેક પ્રોજેક્ટ છે. પરંતુ કરોડોના ફ્લેટમાં લાખ્ખો રૂપિયાના માર્બલ ફિટ થાય છે તેની તુલનાએ જરૂરી ટેક્સ આવતો નથી. 18 ટકા ટેક્સ હોવા છતાં અનેક ધંધાર્થીઓ તદ્દન નજીવા રિટર્ન ભરે છે. આ તમામ બાબતો ધ્યાને લઈને તપાસ શરૂ કરવામાં આવી રહી છે. સુરતમાં દોઢ-બે કરોડના ફ્લેટ સામાન્ય વાત થઈ ગઈ છે. સામાન્ય ફ્લેટમાં 8-10 લાખના માર્બલ લાગે છે. રો-હાઉસ કે બંગલોમાં 20 લાખથી વધુની એવરેજ છે. આટલુ જંગી માર્કેટ હોવા છતાં ટેક્સ નજીવો રહેતા અધિકારીઓ તપાસનો રસ્તો શોધી રહ્યા હતા. સવાલ એ પણ છે કે શું મોટા બિલ્ડરો કે ગ્રાહકો વિક્રેતાઓને રોકડમાં બિલ ચૂકવે છે? હાલ અધિકારીઓ બેંક વ્યવહારો અને સ્ટોકની ગણતરી ચકાસી રહ્યા છે. જેઓ માલ વેચ્યા બાદ ટેક્સ ભરતા નથી. જેમાં સિરામિક વિક્રેતા વધુ છે. કોરોના બાદ રીઅલ એસ્ટેટની તેજી પરત ફરી છે અને રાજ્યમાં 2 હજાર પ્રોજેક્ટ ગત વર્ષે બન્યા છે, જેમાં હાઇરાઇઝ સિવાયના પણ અનેક પ્રોજેક્ટ છે. પરંતુ કરોડોના ફ્લેટમાં લાખ્ખો રૂપિયાના માર્બલ ફિટ થાય છે




## કડી તાલુકા પંચાયતની બે સીટો માટે ભાજપનો નિર્ણય

(એજન્સી) મહેસાણા તા 01

ગુજરાત સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં કડી તાલુકા પંચાયતની બે સીટો માટે ભારતીય જનતા પાર્ટીએ પોતાના ઉમેદવારોની જાહેરાત કરી છે. આગામી 16મી ફેબ્રુઆરીએ યોજાનારી આ પેટા ચૂંટણીમાં નાની કડી અને અગોલની સીટો માટે મતદાન થશે.

ભાજપના મોવડી મંડળે નાની કડી સીટ માટે મંજુલાબેન ગોવિંદભાઈ પટેલ અને અગોલની સીટ માટે જુલેખાબેન ઈદરીશભાઈ સિપાઈને ટિકિટ ફાળવી છે. આ બંને સીટો પર પેટા ચૂંટણી યોજવાનું કારણ ભાજપ અને કોંગ્રેસના અગાઉના ઉમેદવારોની સોલંકી અને કડી તાલુકા ભાજપના પ્રમુખ શૈલેષજી ઠાકોરે આ બંને ઉમેદવારોના નામની ભલામણ જિલ્લા છે. હાલમાં કડી તાલુકા પંચાયતમાં ભાજપનું શાસન છે અને પક્ષ આ બંને સીટો જાળવી રાખવા પ્રયત્નશીલ છે.

# 13,000 ચોરીને ગયો ને કરોડપતિ બનીને પકડાયો: ચોરી કરીને ચેન્નઈ ભાગ્યો, મજૂરી કરતાં-કરતાં કાપડ અને સોનાનો વેપાર કર્યો

(એજન્સી) સુરત તા 01

21 વર્ષ પહેલાં સુરતથી 13,000 રૂપિયાની ચોરી કરીને ફરાર આરોપીની આજે સુરત PCBએ ધરપકડ કરી, જોકે ધરપકડ બાદ આરોપીનું બેકગ્રાઉન્ડ જાણીને પોલીસ પણ ચોંકી ઊઠી હતી. સામાન્ય ચોરી કરનાર આ આરોપી આજે કરોડપતિ ઉદ્યોગપતિ બની ગયો છે ને હાલ તે જ્વેલર્સ શોપનો માલિક છે. શું હતી ઘટના? પોલીસ વિભાગની તપાસ મુજબ, વર્ષ 2003માં ઘોડદોડ રોડ પર મઝદા એપાર્ટમેન્ટના એક ફ્લેટમાંથી નરેશ અને તેના સાથી ગણપતનાથ સિદ્ધે રૂ.13,000ની રોકડ ચોરી કરી હતી. ચોરી કર્યા પછી નરેશ ચેન્નઈ ભાગી ગયો અને ત્યાં જઈ મજૂરી શરૂ કરી. ચેન્નઈમાં મજૂરી કરતાં-કરતાં કાપડ અને સોનાનો વેપાર પણ શરૂ કર્યો. આજે તેની પાસે ચેન્નઈમાં “ન્યૂ મારુતિ જવેલર્સ” નામની દુકાન છે. આ સાથે જ કાપડનો શો-રૂમ પણ છે. 21 વર્ષ સુધી પોલીસથી છુપાયેલો હતો ચોર સુરત પોલીસ નરેશ સુધી પહોંચવા માટે છેલ્લાં ઘણાં વર્ષોથી પ્રયાસ કરતી હતી. PCBની ટીમ બેવાર ચેન્નઈ પહોંચી, પણ દરેક વખતે એ પોલીસને ચકમો આપી ફરાર થઈ જતો. લોકલ પોલીસ તરફથી મળતી પૂર્વ જાણકારીને કારણે તે હંમેશા બે કદમ આગળ રહેતો.




## પૂજારી કુંભ મેળામાં ગયા ત્યારે તસ્કરોએ રૂમની તિજોરીમાંથી 50 હજારની રોકડ ચોરી કરી

(એજન્સી) મહેસાણા તા 01

મહેસાણા તાલુકાના મોટીદાઉ ગામના ગણપતિ મંદિરમાં તસ્કરોએ હાથફેરો કરતા ચકચાર મચી છે. મંદિરના પૂજારી મહંત પુરણભારથી કુંભના મેળામાં ગયા હોવાનો લાભ લઈ તસ્કરોએ તેમના રૂમના દરવાજાનું પોલીસે અજાણ્યા તસ્કરો વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. નકુચું તોડી અંદર પ્રવેશ કર્યો હતો. મંદિરના ટ્રસ્ટી બાબુભાઈ પટેલની ફરિયાદ મુજબ, તસ્કરોએ રૂમમાં રહેલી તિજોરીને ચાવીથી ખોલી અંદર રાખેલા રૂ. ૫૦,૦૦૦ની રોકડ રકમની ચોરી કરી હતી. તસ્કરોએ રૂમમાં રહેલો અન્ય સામાન પણ વેરવિખેર કરી નાખ્યો હતો. ચોરીની જાણ થતાં મંદિરના ટ્રસ્ટીએ તાત્કાલિક કરી હતી. પોલીસે અજાણ્યા તસ્કરો વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. પોલીસે આસપાસના વિસ્તારના સીસીટીવી ફૂટેજ તપાસી તસ્કરોને પકડવા કવાયત હાથ ધરી છે.

# ડભાસાની ફાર્મા કંપનીમાં એમોનિયા લીક, 1નું મોત

## એપોથેકોન ફાર્મા. પ્રા.લિ.માં પાંચ કર્મચારીને ગેસની અસર થઈ, કર્મચારીઓએ હોબાળો કર્યો

(એજન્સી) વડોદરા તા 01

વડોદરા જિલ્લાના પાદરા તાલુકામાં આવેલી એપોથીકોન ફાર્માસ્યુટિકલ કંપનીમાં ગતરોજ (31 જાન્યુઆરી) સાંજના સમયે ગેસ લીક થતાં પાંચ કર્મચારીને અસર થઈ થઈ હતી. જેમાં બેભાન થયાલે કર્મચારીને હોસ્પિટલ ખસેડાતા તબીબે મૃત જાહેર કર્યો હતો, જ્યારે ચાર વ્યક્તિની હાલ ICUમાં સારવાર ચાલી રહી છે. કંપની ખાતે કર્મચારીઓએ હોબાળો બચાવતા કંપનીના અધિકારીઓએ પોલીસ રક્ષણની માગ કરી હતી. પાંચ કર્મચારીને ગેસની અસર, એકનું મોત મળતી માહિતી પ્રમાણે, પાદરા-જંબુસર હાઈવે ઉપર એપોથેકોન ફાર્માસ્યુટિકલ પ્રાઈવેટ લિમિટેડ કંપની આવેલી છે જે જીવન રક્ષક દવાઓનું ઉત્પાદન કરે છે. શુક્રવાર સાંજના સમયે કંપનીના આરએનડી વિભાગની કિલો લેબમાં અચાનક એમોનિયા ગેસ લીક થયો હતો. ગેસ લીક થતાં પ્લાન્ટમાં કર્મચારીઓ ગભરાયા હતા અને બહાર દોડી ગયા હતા. પાંચ કર્મીચારીને ગેસની અસર થઈ આ ઘટનામાં પાદરાના ડભાસા ગામનો 22 વર્ષે ધર્મેન્દ્ર સોલંકી બેભાન થઈ ઢળી પડ્યો હતો. જેને સારવાર માટે પાદરાની ક્રોસ રોડ હોસ્પિટલમાં લઈ જવાયો હતો, જ્યાં એને મૃત જાહેર કરાયો હતો. જ્યારે અન્ય ચાર કર્મચારી રાવુલ રાઠોડ, અર્જુન પઢિયાર, પ્રદીપસિંહ સિંધા અને ઈલેશ ગોવિલને પણ ગેસની અસર થતાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. હાલ તમામની ICUમાં સારવાર ચાલી રહી છે અને તેઓની તબિયત સ્થિર હોવાનું જાણવા મળી રહ્યું છે. આ બનાવ અંગે પાદરા પોલીસ મથકના PI વી. એ. ચારણે જણાવ્યું હતું કે, આ ઘટનાની જાણ થતા તાત્કાલિક અમે પહોંચ્યા હતા. જેમાં એક વ્યક્તિનું મોત થયું છે, જ્યારે અન્ય ચારની તબિયત સ્થિર છે. આ અંગે અમે વધુ તપાસ શરૂ કરી છે. જે જીવન રક્ષક દવાઓનું ઉત્પાદન કરે છે. શુક્રવાર સાંજના સમયે કંપનીના આરએનડી વિભાગની કિલો લેબમાં અચાનક એમોનિયા ગયા હતા. જ્યાં એને મૃત જાહેર કરાયો હતો. જ્યારે અન્ય ચાર કર્મચારી રાવુલ રાઠોડ, અર્જુન પઢિયાર, પ્રદીપસિંહ સિંધા અને ઈલેશ ગોવિલને પણ ગેસની અસર થતાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં.



## બાસણા કોલેજની વિદ્યાર્થિની આપઘાત કેસ

(એજન્સી) મહેસાણા તા 01

મહેસાણાના બાસણા મર્ચન્ટ કોલેજ કેમ્પસમાં આવેલી હોમિયોપેથિક કોલેજની વિદ્યાર્થિનીના આપઘાત પ્રકરણે નવો વળાંક આવ્યો છે. કોલેજના પ્રોફેસરોના કથિત માનસિક ત્રાસને કારણે વિદ્યાર્થિનીએ આત્મહત્યા કરી હતી, જે મામલે પાંચ પ્રોફેસરો સામે દુષ્પ્રેરણાની ફરિયાદ નોંધાઈ છે.

આ કેસમાં મૃતક વિદ્યાર્થિનીના પિતા વકીલાતના વ્યવસાય સાથે જોડાયેલા હોવાથી, મહેસાણા ડિસ્ટ્રિક્ટ બાર એસોસિએશને તેમને સમર્થન આપવાનો નિર્ણય કર્યો છે. બાર એસોસિએશનના પ્રમુખ રાજેન્દ્ર એન. બારોટે મહેસાણાના તમામ વકીલોને પત્ર લખીને આરોપી પ્રોફેસરોનો કેસ ન લડવા વિનંતી કરી છે. બાર એસોસિએશનનું આ પગલું પીડિત પરિવારને ન્યાય અપાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. આ ઘટના બાદ વકીલ સમાજની એકતા અને ન્યાય માટેની પ્રતિબદ્ધતા દર્શાવે છે. બાર એસોસિએશનનું આ પગલું પીડિત પરિવારને ન્યાય અપાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. આ ઘટના બાદ સમગ્ર શૈક્ષણિક જગતમાં ખળભળાટ મચી ગયો છે અને વિદ્યાર્થીઓની સુરક્ષા અને માનસિક સ્વાસ્થ્ય અંગે ગંભીર ચર્ચાઓ શરૂ થઈ છે.

# મહુવા મંદિરની મૂર્તિ ખસેડવાનો મામલો:સુરતના સત્સંગીઓમાં રોષ

(એજન્સી) સુરત તા 01

ભાવનગરના મહુવા સ્થિત શ્રી લક્ષ્મીનારાયણ મંદિરમાંથી મધરાત્રે 12 વાગ્યે ભગવાન લક્ષ્મીનારાયણ અને ઘનશ્યામ મહારાજની મૂર્તિ ખસેડવાના મામલે ભારે વિવાદ ઊભો થયો છે. આ ઘટનાને લઈને સુરત સત્સંગ સમાજે નિત્યસ્વરૂપદાસ સ્વામી સામે ખુલ્લો પડકાર ફેંક્યો છે. શા માટે માત્ર લક્ષ્મીનારાયણ અને ઘનશ્યામ મહારાજની મૂર્તિ ખસેડાઈ? સત્સંગ સમાજે સવાલ ઉઠાવ્યો છે કે જો મૂર્તિ ખસેડવાની શાસ્ત્રોક્ત વિધિ હતી, તો પછી હનુમાનજી, ગણપતિ બાપા અને ભગવાન શિવની મૂર્તિઓ કેમ બંધ રાખવામાં આવી? જો આ વિધિ શાસ્ત્રોક્ત અને નિયમસર હતી, તો આખા મંદિરની મૂર્તિઓ ખસેડાઈ હોત. ખુલાસા ન આપ્યા તો મંચ પરથી માફી માગવી પડશે સત્સંગ સમાજે નિત્યસ્વરૂપદાસ સ્વામી પાસે જાહેર મંચ પરથી ખુલાસો માંગ્યો છે.



# બાકી વેરા સામે VMCની સિલિંગ ઝુંબેશ:ગતરોજ 250 જેટલી મિલકતો સીલ કરાઈ

(એજન્સી) વડોદરા તા 01

વડોદરા મહાનગરપાલિકા દ્વારા નિર્ધારીત લક્ષ્યાંકને પૂરો કરવા માટે કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. પાલિકા દ્વારા 19 વહીવટી વોર્ડમાં રહેણાંક અને કોમર્શિયલ મિલકત વેરાના બાકીદારોને ત્યાં સિલિંગની કામગીરી કરવામાં આવી રહી છે. બાકીદારો સાથે કોઇ ઘર્ષણની ઘટના ન બને તે માટે વહેલી સવારે આ કાર્યવાહી કરવામાં આવી રહી છે. પાલિકાને રેલવે વિભાગ પાસેથી પાલિકાને રૂપિયા 10 કરોડ લેવાના નીકળે છે, તેની વસુલાત માટેના પ્રયત્નો હાથ ધરવામાં આવતા પ્રાથમિક તબક્કે રૂપિયા 1.5 કરોડ ચૂકવી દેવામાં આવ્યા છે. અન્ય બાકીની રકમને ચૂકવવાની તૈયારી દર્શાવવામાં આવી છે.પાલિકા દ્વારા 19 વોર્ડમાં માસ સિલિંગની કાર્યવાહી કરવામાં આવી રહી છે. શુક્રવારે 250 જેટલી મિલકતોને સીલ મારી દેવામાં આવી છે. આ કામગીરી 31 માર્ચ, 2025 સુધી સતત ચાલુ રહેશે. વધુમાં જણાવ્યું કે, અત્યારે ટોપ પ્રાયોરિટીના આધારે સીલ મારવાની કામગીરી ચાલી રહી છે, જેના રકમ વધારે તેને પહેલા સીલ કરીએ છીએ. સિલિંગ સમયે ઘર્ષણ ટાળવા માટે વહેલી સવારે આ કામગીરી કરવામાં આવી રહી છે. તે પહેલા તેમને અગાઉ જાણ પણ કરી દેવામાં આવે છે. રેલવે પ્રિમાઈસીસ પાસેથી આંદાજીત રૂપિયા 10 કરોડની ડિમાન્ડ બાકી હતી. તેમાં જે કોઇ ઘૂંચ હતી તે ઉકેલી છે, તેમની સાથે કરાર થઇ ગયો છે. અને પ્રાથમિક રૂપે રૂપિયા 1.5 કરોડ જમા કરાવવામાં આવ્યા છે. બાકીની રકમ ભરપાઇ કરવા માટેની તેમણે તૈયારી દર્શાવી છે.

### વેરા ન ભરનારાની મિલસકતો સીલ કરાશે

પાલિકાના રેવેન્યુ વિભાગના ઈન્ચાર્જ આસિસ્ટન્ટ કમિશનર સુરેશ તુવરે જણાવ્યું કે, હાલમાં વડોદરા પાલિકા દ્વારા મિલકત વેરામાં વ્યાજ માફીની યોજના ચાલુ છે. જેમાં રહેણાંક અને કોમર્શિયલ બંનેમાં પાછલા બાકીના વ્યાજમાં 80 ટકા સુધીની માફી આપવામાં આવે છે. દરમિયાન જે લોકોના વેરા ભરપાઇ કરવાના બાકી છે, તેને સિલિંગની કાર્યવાહી કરવામાં આવી રહી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, અગાઉ આ લોકોને વોરંટની બજવણી કરી દેવામાં આવી છે.

**રેલવે પ્રિમાઇસિસની 10 કરોડની ડિમાન્ડ બાકી :** વધુમાં જણાવ્યું કે, અત્યારે ટોપ પ્રાયોરિટીના આધારે સીલ મારવાની કામગીરી ચાલી રહી છે, જેના રકમ વધારે તેને પહેલા સીલ કરીએ છીએ. સિલિંગ સમયે ઘર્ષણ ટાળવા માટે વહેલી સવારે આ કામગીરી કરવામાં આવી રહી છે. તે પહેલા તેમને અગાઉ જાણ પણ કરી દેવામાં આવે છે. રેલવે પ્રિમાઈસીસ પાસેથી આંદાજીત રૂપિયા 10 કરોડની ડિમાન્ડ બાકી હતી. તેમાં જે કોઇ ઘૂંચ હતી તે ઉકેલી છે, તેમની સાથે કરાર થઇ ગયો છે. અને પ્રાથમિક રૂપે રૂપિયા 1.5 કરોડ જમા કરાવવામાં આવ્યા છે. બાકીની રકમ ભરપાઇ કરવા માટેની તેમણે તૈયારી દર્શાવી છે.

# ઓસ્ટ્રેલિયાના વર્ક વિઝાના બહાને ટૂર સંચાલકે રૂ. 24 લાખની છેતરપિંડી કરી

(એજન્સી) સુરત તા 01

પાલના મારવેલા બિઝનેસ હબમાં આવેલી ગૌતમી ઈમિગ્રેશનની કરતૂત ઓસ્ટ્રેલિયાના વર્ક વિઝા અપવવાની લાલચ આપીને પાલ આરટીઓ સામે આવેલા મારવેલા બિઝનેસ હબમાં આવેલી ગૌતમી ઈમીગ્રેશન ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના સંચાલકે રૂ. 24 લાખ પડાવી લઇ ઓફિસ બંધ કરી નાસી ગયાનો બનાવ બન્યો છે. પોલીસે મહિલા સહિત ત્રણ સામે ગુનો દાખલ કર્યો છે. કતારગામ રોડ ગાયત્રી પરિવાર સોસાયટીમાં રહેતા હિરેન અરવિંદભાઈ વાંકડીયા નોમાડસ એડવેન્ટકના નામથી ટ્રેકિંગ કેમ્પનું આયોજન કરે છે. તેમને વિદેશ જવાની ઈચ્છા હોવાથી મિત્ર ધવલ મેઘજી નાકરાણી (રહે, કિરણપાર્ક સોસાયટી પુણાગામ)ને જાણ કરી હતી. ધવલે પાલ આરટીઓની સામે મારવેલા બિઝનેસ હબમાં આવેલી ગૌતમી ઈમીગ્રેશન ટૂર્સ અને ટ્રાવેલ્સના સંચાલક વિદેશના વર્ક વિઝા કરાવી આપતા હોવાનું કહ્યું હતું. જેથી બંને ટ્રાવેલ્સની ઓફીસે ગયા હતા. જ્યાં પ્રમોદકુમાર યાદવ (રહે,પંચ ફેવડા ખાંમપાત દેવરીયા યુ.પી ઉત્તરપ્રદેશ), રામુકુમાર (રહે, જોલીહીયાકટારીયા યાકુબપુર આંબેડકરનગર યુ.પી (ઉત્તરપ્રદેશ) હાજર હતા. તેમણે વર્ક વિઝા માટે રૂ.15 લાખનો ખર્ચ થવાનું કહ્યું હતું. જ્યારે વધુ વિગત માટે ઓફિસમાં અંજલી શાહનો સંપર્ક કરવાનું કહ્યું હતું. બંને મિત્રોએ પૈસા આપવાની તૈયારી બતાવી હતી. બાદમાં હિરેને વર્ક વિઝા માટે રૂ.8.50 લાખ આ ટોળકીને આપી દીધા હતા. જ્યારે ધવલે પણ રૂ.15 લાખ આપી દીધા હતા. આ નાણા અંગેનો કરાર પણ કરીને નોટરી કરી આપી હતી. જ્યારે હિરેને ઓનલાઈન ઓસ્ટ્રેલિયાના તેમની ફાઈલ ખુલતી ન હતી. જેથી શંકા જતા હિરેન અને તેના મિત્ર ધવલ ગૌતમી ઈમીગ્રેશનની ઓફીસ પર જતા ઓફિસને તાળુ માર્યું હતું.



ભાજપે પુરુષ-મહિલા ઉમેદવારોને સરખી બેઠક ફાળવી

# જિલ્લાની સામાન્ય-પેટા ચૂંટણી : ભાજપે તમામ બેઠકના 98 ઉમેદવાર જાહેર કર્યા

(એજન્સી) ભાવનગર । તા. 01



ભાવનગર જિલ્લામાં ત્રણ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી, ત્રણ તાલુકા પંચાયતની પાંચ બેઠક અને મહાપાલિકાના વોર્ડ નં.૩ની એક બેઠક માટે યોજાનારી પેટા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ પોતાના ઉમેદવારોની યાદી જાહેર કરી દીધી છે. નગરપાલિકાઓમાં ભાજપે પુરુષ-મહિલાઓ વચ્ચે ટિકિટની સરખી વહેચણી કરી છે. તો તાલુકા પંચાયતની પેટા ચૂંટણીમાં ત્રણ મહિલાને ટિકિટ અપાઈ, મનપાના વોર્ડ નં.૩ની પેટા ચૂંટણીમાં પૂર્વ નગરસેવકને મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. ફેબુરઆરીમાં સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય, મધ્યસત્ર અને પેટા ચૂંટણી યોજાનારી છે. આવતીકાલે ફોર્મ ભરવાનો આખરી દિવસ હોય, તે પૂર્વે જ ભાજપે તેના ઉમેદવારોનું ચિત્ર સ્પષ્ટ કરી દઈ સામાન્ય અને પેટા ચૂંટણીના મેદાનમાં ઉતરનારા ઉમેદવારોની નામની યાદી જાહેર કરી દીધી છે. જેમાં તળાજા ન. પા. માટે ૨૮, સિહોર ન.પા. માટે ૩૬ અને ગારિયાધાર ન.પા. માટે ૨૮ ઉમેદવારના નક્કી કરાયા છે. ત્રણેય નગરપાલિકાઓની ચૂંટણી માટે મહિલા-પુરૂષોને ૫૦-૫૦ ટકા બેઠકમાં ટિકિટ ફાળવવામાં આવી છે. જ્યારે તળાજા તાલુકા પંચાયતની પેટા ચૂંટણી માટે ઉંચડી બેઠક પર પુરુષ, નવા-જૂના રાજપરા બેઠક પર મહિલા, ભાવનગર ગ્રામ્યની લાખણકા બેઠક પર પુરુષ અને સિહોર તા.પં.ની વળાવડ તેમજ સોનગઢ બેઠક પર મહિલાઓના નામની ઘોષણા કરવામાં આવી છે.

## ઘણાંની મનની મનમાં જ રહી, આકાઓના આંટા ફોગટમાં ગયા

જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય-પેટા ચૂંટણીમાં કોને ઉતારવા ? તે માટે ભાજપના પ્રદેશ ચૂંટણી સમિતિની બેઠક મળ્યા બાદ તમામ ઉમેદવારોની સૂચિ જાહેર કરી દેવામાં આવી છે. ચૂંટણી જાહેર થઈ તે પહેલાથી જ ઘણાં કાર્યકરોને પોતાને ટિકિટ ફાઈનલ હોવાનો મનમાં વહેમ હતો. આ માટે સ્થાનિકથી લઈ મોવડી મંડળ સુધી રાજકીય આકાઓની ચાપલૂસી કરવા આંટા-ફેરાં પણ લગાવ્યા હતા. પરંતુ ધારણા મુજબ પરિણામ ન મળતા અને ઉમેદવારોની યાદીમાં પાંચ વખત જોવા છતાં પણ પોતાનું નામ ન દેખાતા ઘણાં કાર્યકરો-ટિકિટવાચ્છુઓની મનની મનમાં જ રહી ગઈ હતી અને આકાઓની આગળ-પાછળ મારેલા આંટા પણ ફોગટમાં ગયા હોવાનો મનોમન વસવસો વ્યક્ત કર્યો હતો. ટિકિટ કાપી નાંખવામાં આવતા હવે આગામી દિવસોમાં રોષ અને અસંતોષનો પોટલો ખુલશે તેવું રાજકીય પંડીતો માની રહ્યા છે. ત્યારે ચૂંટણી સમયે ભાજપનો આંતરિક જૂથવાદ કે ટાંટિયાખેંચની મેલી રમત બહાર આવે તો નવાઈ નહીં!

એક સાંધે ત્યાં તેર તૂટે તેવી સ્થિતિ

# યુનિ.માં 'રાયફલશૂટિંગરેન્જ'ના સફેદ હાથીને સાચવવો મૂશ્કેલ

(એજન્સી) ભાવનગર । તા. 01



મ.કૃ. ભાવનગર યુનિવર્સિટીમાં ઈ.સી.ની સભા મળતા ગરમાવો આવ્યો છે અને શનિવારે બાંધકામ અને શા.શિ.ના પ્રશ્નો માટે ખાસ ઈ.સી. બેઠક મળવાની છે ત્યારે રાયફલ શુટીંગ રેન્જ, ક્રિકેટ પેવેલીયન, ક્રિકેટના એમ.ઓ.યુ.માં સુધારા, બાંધકામમાં અટકેલા કામોની સ્થિતિ અંગે ચર્ચા થશે. જો કે યુનિ.માં વ્યક્તિગત નિર્ણયોના કારણે એક સાંધે ત્યાં તેર તુટે તેવી સ્થિતિ હોય ત્યારે એક મત અને જેટલી કેપેસીટી હોય તેટલુ જ કામ કરવા માટેના નિર્ણયો લેવાય તે જરૂરી બન્યું છે.

મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીમાં સ્પોર્ટસ અને કલ્ચરલ ક્ષેત્રે વિદ્યાર્થીઓમાં ઉત્સાહ છે અને રાજ્ય કે નેશનલ કક્ષાએ નંબરો પણ મેળવે છે ત્યારે તેને સંલગ્ન જરૂરીયાતવાળા વિકાસ કાર્યો નિયત મર્યાદાને ધ્યાને લઈ થવા જોઈએ અને તે માટે ગ્રાન્ટ પણ ઉપલબ્ધ છે. પરંતુ વ્યક્તિગત મંતવ્યોના કારણે પ્રોજેક્ટનું સ્વરૂપ વારંવાર બદલાતુ રહેતા અંતે કોઈ પ્રોજેક્ટ આકાર પામી શકતો નથી અને સરવાળે પછેડી કરતા સોડ મોટી તણાય જાય તેવી સ્થિતિનું નિર્માણ થાય છે. સિદસર પાસેના યુનિ. કેમ્પસમાં રાયફલ શુટીંગ રેન્જની દરખાસ્ત શા.શિ. વિભાગે નથી કરી અને અન્યથી માંગણી પત્ર આવ્યો અને ઈ. સી.માં તેને મંજુર કરાઈ હતી. જેને યુનિ.એ એકસેપ્ટ કરી ફંડની જોગવાઈ થઈ અને બાંધકામ શાખાને કામ કરવા પરવાનગી અપાઈ ૭.૩૨ કરોડની પ્રપોઝલ મંજુર થઈ અને વધારામાં શોર્ટગન શુટીંગ રેન્જના ૨.૨૭ કરોડના સાધનો પણ ખરીદાયા આમ મંજુરી રાયફલ શુટીંગની મળી અને સાધનો શોર્ટગનના આવ્યા છે. જ્યારે એન.ઓ.સી. પણ રાયફલ શુટીંગની મળી છે. ત્યારે શોર્ટગનનું લાયસન્સ લેવાનું હજુ બાકી છે. ગન લેવાની બાકી છે. કોચ અને રેન્જ ઓપરેટરો નિમવાના બાકી છે. જે સ્ટ્રકચર ઉભુ કરાયુ છે ત્યાં ચોમાસામાં પાણી ભરાય છે. આવી અધુરી બાબતોને લઈ રેન્જ સંભાળવાની ઉતાવળ થઈ રહી છે. સંચાલન સોપાયા બાદ પણ મહિને એક વિદ્યાર્થીનો નિભાવ ખર્ચ અંદાજે એક લાખ અંકાય છે. ત્યારે તેના મેઈન્ટનન્સ માટેની વ્યવસ્થા પણ એટલી જ જરૂરી બની છે. આમ યુનિ.ના કમ્પાઉન્ડમાં ધરાર બાંધેલ આ ધોળા હાથીનો નિભાવ ખર્ચને પહોંચી વળવું મુશ્કેલ છે. જેનો અલગથી કોઈ હલ શોધવો જરૂરી છે. તો બીજી તરફ ક્રિકેટ ગ્રાઉન્ડ ૧.૨૫ કરોડના ખર્ચે અદ્યતન બનાવાયુ છે. જ્યારે જેની લાઈટ, ટેક્સ, પાણીનો ખર્ચ યુનિ.એ ભોગવવાનો છે. અને અન્ય મેન્ટનન્સ માટે સૌરાષ્ટ્ર ક્રિકેટ એસો. સાથે એમ.ઓ.યુ. કરવાની બાબતમાં નિયત કરેલ કમિટી જ સર્વોપરી રખાઈ છે. જે ગ્રાઉન્ડ કોને આપવું તે નક્કી કરશે. જેનું ભાડુ યુનિ.ને લેવાનું રહેશે. જ્યારે એસો.એ પોતાની મેચનું ભાડુ આપવાનું કે નહીં આપવાનું તેનો ઉલ્લેખ નથી. જેથી એમ.ઓ.યુ.ના કેટલાક મુદ્દાને લઈ પ્રક્રિયા ઘોચમાં પડેલી છે. તો પેવેલીયનનું મોટા ઉપાડે ખાતમુહુર્ત કરાયું પરંતુ ક્રિકેટ ગ્રાઉન્ડની સામે જ જુનું પેવેલીયન મોજુદ છે. ત્યારે વધારાના ખર્ચ થતો હોવાનું ભાન રહી રહીને થઈ રહ્યું છે. આમ ક્રિકેટ ગ્રાઉન્ડ પાછળ કુલ ૪.૨૫ કરોડમાંથી ૧.૨૫ ના ખર્ચે ગ્રાઉન્ડ તૈયાર થયા બાદ બાકી રહેલ ૩.૨૭ કરોડમાંથી પેવેલીયન પાછળ વાપરવા બાંધકામને અગાઉ આદેશ થયો જે પેવેલીયનનો ખર્ચ અંદાજે ૧.૫૦ કરોડનો અંદાજ મુકાયો છે. અને ફરી આ બાબતને અટકાવવાની કાર્યવાહી ચાલી છે. જેના ઓપ્શનમાં અંતિમ ઘડીએ સીન્થેટીક ટ્રેક અને લોનટેનીસ રીનોવેશનની દરખાસ્ત થઈ. જો કે આ જરૂરિયાત વ્યાજબી છે. પણ છેલ્લા ઘડીએ વિચાર આવ્યો તે ગેરવ્યાજબી છે.

ગ્રાન્ટની સમય મર્યાદા પૂર્ણ થવા આવી છે ત્યારે આ ઈ.સી.માં ગ્રાન્ટને વધુ ચાર મહિના રીવાઈઝ કરવા અન્યથા ખરા કે ખોટા નિર્ણયો લેવા મજબુર બનવું પડશે. બાંધાકામ વિભાગમાં પણ એક સાંધે ત્યાં તેર તુટે જેવી સ્થિતિ સર્જાઈ છે. હજુ અટલ ઓડીટોરીયમની સ્ટેજ લાઈટીંગ માટે આર.એમ. બી.માંથી મંજુરી બાકી છે. રોડ રીપેરીંગ માટે ટી. એસ. મંજુરી બાકી છે. જ્યારે અગાઉના સમયમાં આર.સી.સી. રોડ માટે એસ્ટીમેન્ટ અને ટી.એસ. મેળવ્યા બાદ રૂસામાં સમાવેશ નહીં થતા પ્રોજેક્ટ પડતો મુકાયો હતો. એમ્ફી થીયેટર અને અટલ ઓડીટોરીયમ ઓવર હેડ કવરીંગનો પ્રોજેક્ટ પડતો મુકાયો.

વાસદ, વહેરાખાડી, ફાજલપુરમાં મહી બીજ ઉત્સવ મનાવાયો

# ગોપાલક સમાજની કુળવર્ધિનિ મહી નદીને ગાયના દૂધથી અભિષેક કરાયો

(એજન્સી) આણંદ । તા. 01



મહી નદી પ્રત્યે ણ સ્વીકારવાનો ઉત્સવ એટલે મહી બીજ ઉત્સવ. ખાસ કરીને ગોપાલક સમાજ મહા સુદ બીજના પવિત્ર દિવસે મહી નદીમાં સ્નાન કરી, પૂજન કરે છે. આ પરંપરા પાછળ આસ્થા સાથે નદીના સંરક્ષણનો ભાવ પણ રહેલો છે.રબારી સહિતના ગોપાલક સમાજ દ્વારા મહી બીજની ઉજવણી પાછળ પણ એક રોચક આસ્થાકથા વણાયેલી છે. કથા પ્રમાણે લોકમાતા મહીના જ્યારે દરિયાદેવ (સાગર) સાથે લગ્ન યોજાયા ત્યારે ગોપાલક સમાજના વ્યક્તિએ ચોથા મંગળફેરાએ તેમનું સવા રૂપિયો અર્પણ કરીને કન્યાદાન કર્યું હતું. આણંદ જિલ્લાના મહી અને સાગરના સંગમબિંદુ જેવા વહેરા ખાડી ગામે આ લગ્ન યોજાયા હોવાની લોકવાયકા પ્રસિદ્ધ છે.

પરંપરાના પાલનરૂપે મહાસુદ બીજને રબારીઓ તેમજ ગોપાલકો મહી બીજ તરીકે ઉજવે છે, આ અવસરે આજે શુક્રવારે આણંદ જિલ્લાના વાસદ મહીસાગર માતાજીના મંદિર, મહીસાગર સંગમ તીર્થ (વહેરાખાડી) તેમજ વડોદરા જિલ્લાના ફાજલપુર ખાતે મહીસાગર માતાજીના મંદિરે રબારીઓ સહિત ગોપાલક જાતિઓના લોકોએ ઘણી મોટી સંખ્યામાં, પરંપરાગત વેશભૂષા, આભૂષણોમાં સજ્જ થઈ કુળવર્ધિનિ લોકમાતા મહીસાગરનો ભક્તિભાવપૂર્વક ખોળો ખૂંદ્યો હતો. મહીસાગર માતાના દૂગ્ધાભિષેક, પવિત્ર સ્નાન અને દર્શન માટે ઉત્તર ગુજરાતથી લઈને ચરોતર અને દક્ષિણ ગુજરાતમાંથી રબારી બંધુઓ સપરિવાર મહીના કાંઠે ઉમટી પડયા હતા. ઉજવણી બાદ પ્રસાદરૂપે ખાલી કેનમાં મહીમાતાનું પાવન જળ શ્રદ્ધાળુઓ ભરી જાય છે અને ઘેર જઈને પ્રસાદરૂપે સાથે લાવવામાં આવેલા મહીજળનો પશુધન અને ઘરસંપદા પર છંટકાવ કરવામાં આવે છે. રબારી સમાજના લોકો બહુધા મહી બીજના દિવસે ઘરની ગાયના દૂધનું વેચાણ પણ કરતાં નથી. સાંજના ઘરના દૂધની ખીર અને સુખડી બનાવે છે. સહુ ભક્તિભાવપૂર્વ સંધ્યાકાળે બીજના ચંદ્રમાના દર્શન કરે છે. તે પછી મહીસાગર માતાને ખીર અને સુખડીનો નૈવેદ્ય ધરાવીને મહાપ્રસાદ ગ્રહણ કરે છે. મહીસાગર કાંઠે મહા બીજનો આ પાવન અવસર શ્રદ્ધાળુઓ માટે આસ્થાનું કેન્દ્ર બની રહ્યો હતો.

# રવિવારે વસંતપંચમીનું વણજોયું મુહૂર્ત, બે હજારથી વધુ લગ્ન

## લગ્નસરા જામતા બજારોમાં ખરીદીનો માહોલ જામતા રોનક છવાઈ

મહાપર્વે વણજોયુ શુભ મુર્હૂત

મોટા ભાગની જ્ઞાતિ, સમાજની વાડી, બોર્ડિંગ, પાર્ટીપ્લોટ, હોટલ અને રિસોર્ટ બુક : લગ્નસરા સિવાયના પણ શુભ પ્રસંગોનો ધમધમાટ

(એજન્સી) ભાવનગર । તા. 01

વસંતપંચમીના અનન્ય મહિમાવંતા મહાપર્વે વણજોયુ શુભ મુર્હૂત હોય ગોહિલવાડમાં ચોતરફ લગ્નોત્સવની ધૂમ જોવા મળશે. ગોહિલવાડમાં અંદાજે ત્રણ હજારથી વધુ સ્થળોએ લગ્નોત્સવ ધામધૂમથી ઉજવાશે. આ અવસરે અનેક સ્થળોએ વિવિધ જ્ઞાતિ, સમાજ અને સામાજિક, સેવાભાવી અને ધાર્મિક સંસ્થાઓ દ્વારા સમુહ લગ્નોત્સવના પણ આયોજન કરવામાં આવ્યા છે. સોળે કળાએ શિયાળુ લગ્નોત્સવનો અંતિમ તબકકો ખિલી ઉઠયો છે.જેના કારણે સ્થાનિક મોટા ભાગના જ્ઞાતિ, સમાજની વાડી, બોર્ડિંગ, છાત્રાલય, પાર્ટીપ્લોટ, ફાર્મહાઉસ, કોમ્યુનિટિ હોલ, હોટલ, રિસોર્ટ, બેન્ડવાજા, ઢોલ, ત્રાંસા,ફૂલ, બુકે, ડી.જે., ગોર મહારાજ, કેટરર્સ, બ્યુટીપાર્લર, ઈવેન્ટ મેનેજર્સ અને રસોયા સહિતના છેલ્લા દોઢેક માસથી બુક થઈ ગયા છે. લગ્નોમાં પણ હવે હલ્દી, મહેંદી, સંગીતસંધ્યા સહિતના જુદા જુદા પ્રોગ્રામના કારણે લગ્ન નિર્ધારેલ પરિવારોમાં દોડધામ અને ખરીદી વધી ગઈ છે.જો કે, ડેકોરેશન,ફૂલ અને ફૂડમેનુમાં પણ ભાવ વધારો થયો છે તેમ છતા લોકો ઉત્સાહને લઈને બુકીંગ હાઉસફુલ છે. હિન્દુ ધર્મશાસ્ત્રોમાં વસંતપંચમીના પર્વે યોજાતા લગ્નને અત્યંત માંગલિક અને શ્રેયકર માનવામાં આવતા હોય આગામી તા.૨ ફેબ્રુરઆરીને રવિવારે વસંતપંચમીએ વણજોયા શુભ મુર્હૂતે ભાવનગર સહિત રાજયભરમાં ચોમેર અંદાજે દસ હજારથી વધુ લગ્નો યોજાશે એટલે રવિવારે દિવસ દરમિયાન ઠેર-ઠેર લગ્નોત્સવની કર્ણપ્રિય શરણાઈઓ ગૂંજતી સંભળાશે, બજારોમાં ચોમેર ડી.જે. અને બેન્ડવાજાના સંગાથે વરઘોડાઓ ફરતા જોવા મળશે વસંતપંચમીના અવસરે ચોતરફ લગ્નોત્સવ,સગાઈ, વાસ્તુપૂજન, નૂતન ગૃહ પ્રવેશ, નવી ઓફિસ,ફેકટરીનું ઉદઘાટન આદિ માંગલિક કાર્યોનો ધમધમાટ જોવા મળશે. એટલુ જ નહિ આ સાથે વસંતપંચમીના પર્વે ઠેર-ઠેર જમીન અને મકાન, પ્લોટ સહિતની જંગમ અને સ્થાવર મિલ્કતોના સોદાઓ થશે. લગ્નસરાની સિઝનને અનુલક્ષીને ભાવનગર શહેર અને જિલ્લાના તાલુકા મથકોની વિવિધ બજારોમાં છેલ્લા સપ્તાહથી સોના-ચાંદી, કાપડ, ગીફટ આર્ટીકલ તેમજ ફૂલ સહિત તમામ વેપાર ધંધામાં ઉછાળો આવતા ખરીદીનો માહોલ જામતા રોનક છવાઈ ગઈ છે.

૩ શુભ સંયોગમાં વસંતપંચમી



### વર્ષ 2021 માં વસંતપંચમીએ શુભ મુહૂર્ત ન હતું

વસંત પંચમી અને અખાત્રીજ એ માંગલિક કાર્યો માટેનું વણજોયુ શુભ મુર્હૂત ગણાય છે.ત્યારે વિધિની વિસંગતતાને લઈને ગત ૨૦૨૧ માં વસંત પંચમીના પર્વે લગ્ન માટેનું શુભ મુર્હૂત ન હતુ.આથી તે દિવસે વસંતપંચમીનું મુર્હૂત લગ્નની શરણાઈઓ વગરનું સુનુ સુનુ, સુમશામ અને કોરૂધાકોર રહ્યુ હતુ.

12000 હેકટર સામે 1000 હેકટરના ફોર્મ આવ્યા

# શેત્રુંજી સિંચાઈ યોજના હેઠળ પ્રથમ પાણ દરમ્યાન 60 આસામી ફોર્મ ભર્યા વગર પાણી લેતા ઝડપાયા

(એજન્સી) ભાવનગર । તા. 01



શેત્રુંજી સિંચાઈ વિભાગ દ્વારા ખેડૂતોની માંગણીને લઈ ૧૨૦૦૦ હેકટર સામે ૧૦૦૦ ફોર્મ આવતા ગત તા. ૧૫થી પ્રથમ પાણ આપવાનું શરૂ કર્યું હતું અને આ દિવસ દરમ્યાન બંને કાંઠામાંથી ૭૦ આસામી વગર ફોર્મ ભર્યે પાણી લેતા મળી આવ્યા હતા. જેઓને ૧૫ દિવસમાં ફોર્મ ભરી જવા તાકીદ કરાય છે. જ્યારે આગામી ચાર દિવસ પછી આ પાણ બંધ કરી આગળની કાર્યવાહી કરાશે. મળતી વિગતો મુજબ સેત્રુંજી સિંચાઈ વિભાગ દ્વારા ડેમમાં પૂરતા પ્રમાણમાં પાણી હોવાથી રવિ - શિયાળુ પાક માટે ખેડુતોની માંગણીને લઈ તા. ૧૫ જાન્યુઆરીથી પ્રથમ પાણ આપવાનું શરૂ કરાયું હતું. જોકે આ સાથે નિયત ફોર્મ ભરવા પણ તાકીદ કરી હોવા છતાં ૧૨૦૦૦ હેકટર સામે ૧૦૦૦ હેકટરના ફોર્મ વિભાગને મળ્યા હોવાનું જણાયું છે. જોકે હાલ ફોર્મ ભરવાની પ્રક્રિયા તા. ૩૧-૧ સુધી હતી તે તા. ૨૮-૨ સુધી લંબાવવાનો નિર્ણય પણ કરાયો છે. જ્યારે પ્રથમ પાણનું પાણી હાલ જમણાકાંઠાનાં દાઠા સુધી અને ડાબા કાંઠાના ભુંભલી સુધી પહોંચ્યું છે ત્યારે આગામી ચારેક દિવસોમાં આ પ્રથમ પાણને બ્રેક લગાવવામાં આવશે. આ પ્રતમ પાણ અપાયા બાદ થતાં ચેકીંગ દરમ્યાન જમણા કાંઠાના વિસ્તારમાંથી ૪૦ આસામી અને ડાબા કાંઠાના વિસ્તારમાંથી ૩૦ આસામી ફોર્મ ભર્યા વગર પાણી લેતા મળી આવ્યા છે. જેઓને આગામી ૧૫ દિવસોમાં નિયત ફોર્મ ભરી જવા તાકીદ કરાઈ છે. અન્યથા તૈયાર થયેલ ૭૦ આસામી સામે દંડનીય કાર્યવાહી કરવા પણ જણાવાયું છે. આમ પ્રથમ પાણ બાદ ૧૫ દિવસના બ્રેક બાદ સંભવતઃ બીજુ પાણ આપવાની યોજના પણ સિંચાઈ વિભાગ દ્વારા ઘડાઈ હોવાનું જણાયું છે.

# 7 વર્ષની માસૂમ બાળકીના અપહરણના પ્રયાસમાં શખ્સને 5 વર્ષની સખત કેદ

ટીટોડિયાનો શખ્સ દુષ્કમના ઈરાદે લઈ જતો હતો ત્યારે લોકોએ પકડયો

(એજન્સી) ભાવનગર । તા. 01

મહુવા પંથકના ટીટોડિયા ગામના એક શખ્સે દુષ્કર્મ કરવાના ઈરાદે સાત વર્ષની માસૂમ બાળકીનું અપહરણ કરવાનો પ્રયાસ કર્યાની ચકચારી ઘટનામાં કોર્ટે ૧૫ મૌખિક અને ૧૭ દસ્તાવેજી પુરાવાના ગ્રાહ્ય રાખી શખ્સને પાંચ વર્ષ સખત કેદની સજા અને રોકડ રકમનો દંડ ફટકાર્યો છે. તેમજ ભોગ બનનારને ગુજરાત વિક્ટીમ કોમ્પેન્સેશન સ્કીમ હેઠળ ૫૦ હજારનું વળતર આપવા પણ હુકમ કર્યો છે.સમગ્ર કેસની મળતી વિગત અનુસાર મહુવા તાલુકાના ટીટોડિયા ગામે રહેતો અને મજૂરી કામ કરતો હઠુ રાવતભાઈ ગોહિલ નામના શખ્સે બકર લઈને જતી આશરે સાતેક વર્ષની બાળાને બદકામ કરવાના ઈરાદે અપહરણ કરી લઈને જતો હતો. ત્યારે બાળકીએ બૂમાબૂમ કરતા તેણીના કાકા અને ગ્રામજનોએ દોડી આવી શખ્સને પકડી પાડી બાળકીને છોડાવી હતી. આ બનાવ અંગે ભોગગ્રસ્ત બાળાના પિતાએ હઠુ ગોહિલ નામના શખ્સ સામે બગદાણા પોલીસ મથકમાં આઈપીસી ૩૫૪, ૩૫૪ (એ), ૩૬૩, ૩૬૬, ૫૧૧, પોક્સો એક્ટની કલમ ૮, ૧૮ સહિતની કલમ હેઠળ ગુનો દાખલ કરાવતા પોલીસે શખ્સની ધરપકડ કરી જરૂરી તપાસ કર્યા બાદ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી હતી. સરકારી વકીલ કમલેશભાઈ કેસરીની ધારદાર દલીલો, ૧૫ મૌખિક અને ૧૭ દસ્તાવેજી પુરાવાઓને ધ્યાનમાં લઈ જુદી-જુદી કલમ હેઠળ પાંચ વર્ષ સખત કેદની સજા, ૧૦ હજારનો દંડ અને જો દંડનો ભરે તો વધુ ત્રણ માસ સખત કેદની સજાનો હુકમ કર્યો હતો.

અંતિમ દિવસે ભાજપ અને કોંગ્રેસ નામો જાહેર કરશે મોડી સાંજ સુધીમાં ઉમેદવારોની સ્થિતિ સ્પષ્ટ થશે

# આંકલાવ, બોરિયાવી અને ઓડ નગર પાલિકામાં 49 અપક્ષોની ઉમેદવારી

(એજન્સી) આણંદ । તા. 01

આણંદ જિલ્લાની ઓડ, બોરિયાવી અને આંકલાવ નગરપાલિકાની ૭૨ બેઠકો પર સામાન્ય ચૂંટણી માટે શુક્રવારે ૪૯ અપક્ષ દ્વારા ઉમેદવારીપત્રો ચૂંટણી અધિકારી સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. શનિવારે ઉમેદવારીપત્ર ભરવાનો અંતિમ દિવસ હોવાથી મોડીસાંજ સુધીમાં ઉમેદવારોની સ્થિતિ સ્પષ્ટ થશે.

ઓડ, આંકલાવ અને બોરિયાવી નગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવવાને માત્ર એક જ દિવસ બાકી છે. ત્યારે શુક્રવારે ઉમેદવારીપત્રો ભરવાની સંખ્યામાં વધારો થયો હતો. આંકલાવ નગરપાલિકામાં ૧૮ અપક્ષ ઉમેદવારોએ ઉમેદવારી ફોર્મ ભર્યા હતા. જ્યારે ઓડ નગરપાલિકામાં પણ ૧૮ અને બોરિયાવી નગરપાલિકામાં ૧૩ અપક્ષોએ ઉમેદવારી ફોર્મ ભર્યા હતા. ઉમેદવારી નોંધાવવાના અંતિમ દિવસની પૂર્વ સંધ્યા સુધી ભાજપ કે કોંગ્રેસ દ્વારા પોતાના ઉમેદવારો અંગે કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. પરિણામે બંને પક્ષોના કાર્યકરોમાં પણ અવઢવની સ્થિતિ જોવા મળી રહી છે.

તેમજ ઉમેદવારીપત્ર ભરવાના અંતિમ દિવસે પક્ષ દ્વારા મેન્ડેટ આપવામાં આવશે ત્યારે ચૂંટણી અધિકારી સમક્ષ ઉમેદવારોની કતારો લાગવાની શક્યતા સેવાઈ રહી છે. પક્ષ તરફથી મેન્ડેટ ના મળે તો કેટલાક દાવેદારોએ અપક્ષ ઉમેદવારી નોંધાવવાની તૈયારીઓ આરંભી દીધી હોવાનું જાણવા મળ્યું છે. જોકે, શનિવારે ઉમેદવારીપત્રો ભરવાનો અંતિમ દિવસ હોવાથી મોડીસાંજ સુધીમાં ઉમેદવારોની સ્થિતિ સ્પષ્ટ થશે.


## ખેડા ન.પા.ના 7 વોર્ડની 28 બેઠકો માટે ભાજપે મેન્ડેટ આપ્યા

ખેડા : ખેડા નગરપાલિકાના સાત વોર્ડની ૨૮ બેઠકો માટે શુક્રવારે ૬૨ ઉમેદવારીપત્રો ભરવામાં આવ્યા હતા. ભાજપ દ્વારા ૨૮ ઉમેદવારોને મેન્ડેટ આપવામાં આવતા ૨૮ પૈકી ૨૬ ઉમેદવારોએ ફોર્મ ભરી દીધા હતા. ઉપરાંત કોંગ્રેસ અને અપક્ષના ઉમેદવારોએ પણ ઉમેદવારી નોંધાવી હતી. જ્યારે બાકીના ઉમેદવારો અંતિમ દિવસે ફોર્મ ભરશે. ખેડા જિલ્લામાં ડાકોર, ચકલાસી, મહેમદાવાદ, મહુધા અને ખેડા નગરપાલિકાની સામાન્ય ચૂંટણી યોજાવાની છે. ૨૫,૫૭૫ની વસ્તી ધરાવતી ખેડા નગરપાલિકામાં ૭ વોર્ડની ૨૮ બેઠકો માટે તા.૧૬ ફેબ્રુરઆરીના રોજ મતદાન યોજાશે. શનિવાર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવવાનો અંતિમ દિવસ છે. ત્યારે શુક્રવારે ભાજપ દ્વારા ખેડા નગરપાલિકાના સાત વોર્ડ માટે ૨૮ ઉમેદવારોને મેન્ડેટ આપવામાં આવ્યા છે. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં મહિલાઓને ૫૦ ટકા અનામત આપવાના નિર્ણયને લઈ ભાજપ દ્વારા ૧૪ મહિલા ઉમેદવારો અને ૧૪ પુરૂષ ઉમેદવારોને મેન્ડેટ આપવામાં આવ્યા છે. ભાજપમાંથી મેન્ડેટ મળેલા ૨૮ ઉમેદવારો પૈકી ૨૬એ ભાજપના નેતાઓ અને કાર્યકરોની હાજરીમાં ખેડા પ્રાંત કચેરી ખાતે ચૂંટણી અધિકારી સમક્ષ ઉમેદવારી ફોર્મ રજૂ કર્યા હતા. બાકી રહેલા ઉમેદવારો દ્વારા શનિવારે ઉમેદવારી નોંધાવવામાં આવશે. ભાજપ ઉપરાંત કોંગ્રેસના ૫, એનસીપીના ૪, બસપાના ૭, આપના ૧, સમાજવાદી પાર્ટીના ૩ અને ૩૩ અપક્ષ ઉમેદવારો દ્વારા પણ શુક્રવારે ઉમેદવારીપત્રો ભરવામાં આવ્યા હતા.


## ભાવનગર SGSTના જો. કમિશનરની જૂનાગઢ બદલી, રાજકોટના J.C. ભાવનગર મુકાયા

ભાવનગર : સ્ટેટ જીએસટી વિભાગ દ્વારા રાજ્યના ૯ જોઈન્ટ કમિશનર, ૩૫ ડેપ્યુટી કમિશનર અને ૧૮ આસિસ્ટન્ટ કમિશનરની બદલીના ઓર્ડર કરવામાં આવ્યા છે. જેમાં ભાવનગર જોઈન્ટ કમિશનરની જુનાગઢ અને રાજકોટના જોઈન્ટ કમિશનરની ભાવનગર બદલ કરવામાં આવી છે. ઉપરાંત ભાવનગરમાંથી બે ડેપ્યુટી કમિશનરની તથા એક આસિસ્ટન્ટ કમિશનરની બદલીના ઓર્ડર નાણાં વિભાગ દ્વારા કરવામાં આવ્યા છે. રાજ્યવેરા કમિશનર તરીકે બદલી કરવામાં આવી છે. ઉલ્લેખનિય છે કે ધર્મજીત યાજ્ઞિક પાસે છેલ્લા ૬ માસ કરવા વધારે સમયથી જૂનાગઢ સંયુક્ત રાજ્યવેરા કમિશનર તરીકેનો વધારાનો ચાર્જ હતો. હવે તેમની જૂનાગઢ ખાતે બદલી કરી દેવામાં આવી છે અને તેમના સ્થાને રાજકોટ સંયુક્ત રાજ્યવેરા કમિશનર વિભાગ-૧૦ એચ.એન.જલુને ભાવનગરમાં મુકવામાં આવ્યા છે.


## આપનો આજનો દિવસ




**મેષ (અ,લ,ઇ)**
તમારી જાતને એવી પ્રવૃત્તિઓમાં મશગુલ રાખો જે તમને તમારૂં મગજ શાંત રાખવામાં મદદરૂપ થાય. નાણાપ્રવાહમાં વધારો મહત્વની ચીજોની ખરીદી તમારી માટે આસાન બનાવશે. તમારા સામાજિક જીવનની ઉપેક્ષા કરતા નહીં.




**વૃષભ (બ,વ,ઉ)**
તમારા આત્મવિશ્વાસ અને ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. ચંદ્ર ની સ્થિત ને લીધે તમારું ધન બિનજરૂરી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે. જો તમારે ધન સંચિત કરી ને રાખવું છે તો પોતાના જીવનસાથી અથવા માતા પિતા સાથે આના વિષે ચર્ચા કરો.




**મિથુન (ક,છ,ઘ)**
જે અશક્ય છે તે વિશે બિનજરૂરી વિચાર કરીને તમારી શક્તિ વેડફતા નહીં, એના કરતાંતેનો ઉપયોગ યોગ્ય દિશામાં કરો. ગ્રહ નક્ષત્રો ની સ્થિતિ આજ ના દિવસ માટે સારી નથી તેથી આજ ના દિવસે તમારે તમારા ધન ની ખાસ શુક્ક્ષ રાખવી જોઈઓ મિત્રો તથા પરિવાર સાથે આનંદદાયક સમય.




**કર્ક (ડ,હ)**
તમારા વિચારોને કેટલાક હકારાત્મક વિચારોમાં વાળો કેમ કે તમે ભયના ડરામણા દૈત્ય સામે લડી રહ્યા છો, અન્યથા તમે આ કટ્ટર દૈત્યના નિષ્ક્રિય તથા આસાન ભોગ બની જશો. જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરી માં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે અને તમે વિજયી થયી શકો.




**સિંહ (મ,ટ)**
કુદરતે તમારા પર નોંધપાત્ર આત્મવિશ્વાસ તથા હોંશિયારી વર્ષાવી છે-આથી તેનો પૂરેપૂરો ઉપયોગ કરો. આજે તમને સમજ પડી શકે છે કે સમજ્યા વિચાર્યા વગર ધન ખર્ચવું તમને કેટલું નુકસાન કરી શકે છે. તમારા પ્રિયપાત્ર સાથેના તમારા સંબંધોને બગાડી શકે.




**કન્યા (પ,ઠ,ણ)**
ધાર્મિક લાગણી ઊભી થશે અને તેનાથી તમે કોઈક સંતપુરૂષ પાસેથી દૈવી જ્ઞાન મેળવવા કોઈક ધાર્મિક સ્થળની મુલાકાત લેશો. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે. આ ધન તમારી ઘણી મુશ્કેલીઓ ને દૂર કરી શકે છે. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો.




**તુલા (ર,ત)**
તમારી બીમારી અંગે ચર્ચા કરવાનું ટાળો. બીમારી તરફથી તમારૂં ધ્યાન અન્યત્ર દોરવા તમારી જાતને કોઈક કામમાં પરોવો કેમ કે તમારી બીમારી વિશે તમે જેટલી વધારે વાતો કરશો એટલી જ તે વધુ વકરશે. ચંદ્ર ની સ્થિત ને લીધે તમારું ધન બિનજરૂરી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે.




**વૃશ્ચિક (ન,ય)**
પત્નીના કામકાજમાં ચંચૂપાત કરશો નહીં, કેમ કે તેનાથી તમે તેનો ગુસ્સો નોતરશો.તમારા કામથી કામ રાખો એ જ સારૂં છે. હસ્તક્ષેપ જેટલો ઓછો એટલું સારૂં અન્યથા તેનાથી પરાધીનતા આવી શકે છે. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે.




**ધન (ભ,ધ,ફ)**
તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. નિવેશ કરવું ઘણી વખત ફાયદેમંદ હોય છે આ વાત તમને આજે સમજ માં આવી શકે છે કેમ કે કોઈ જુના નિવેશ થી તમને આજે લાભ થયી શકે છે. દૂરના કોઈ સગાં તરફથી અણધાર્યા સમાચાર આખા પરિવાર માટે ખુશીની ક્ષણો લાવશે.



**મકર (ખ,જ)**
માનસિક શાંતિ માટે તમારી જાતને કોઈ દાન કે સખાવતી પ્રવૃત્તિમાં સાંકળો. જો તમે કોઈ ની જોડે પાછું માંગી રહ્યા હતા અને તે દર સમયે તમારી વાત ને ટાળતો હતો તે આજ ના દિવસે કીધા વગર તમારા પૈસા પાછા આપી શકે છે. પોતાની જાત પર દયા ખાવામાં સમય વેડફશો નહીં, એના કરતાં જીવનના પાઠ શીખવાનો પ્રયાસ કરજો.



**કુંભ (ગ,શ,સ)**
તમારૂં વ્યક્તિત્વ આજે અત્તરની જેવું કામ કરશે. મોટી યોજનાઓ તથા વિચારો ધરાવતી વ્યક્તિ તમારૂં ધ્યાન આકર્ષિત કરશે-રોકાણ કરતા પહેલા એ વ્યક્તિની વિશ્વસનિયતા તથા સત્યતા ચકાસી લેજો વૈવાહિક જોડાણમાં પ્રવેશવા માટે સારો સમય. આજે રૉમેન્ટિક લાગણીનો એવો જ બદલો મળશે.




**મીન (દ,ચ,ઝ,થ)**
આપવાનો તમારો સ્વભાવ છૂપા આશીર્વાદ સમાન સાબિત થશે કેમ કે શંકા, નાહિંમત થવું, શ્રદ્ધાનો અભાવ,લાલચ, જોડાણ,અહંકાર તથા ઈર્ષા જેવા દુર્ગુણોથી તમને મુક્ત કરશે. તમે જો થોડા વધુ નાણાં મેળવવા માર્ગ શોધી રહ્યા હો તો-સુરક્ષિત આર્થિક યોજનાઓમાં રોકાણ કરો.

## ભારે રોકાણ ધરાવતી ભારતીય આઈટી કંપનીઓને ટૂંકા ગાળામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે

# ડીપસીકની ખાસ કરીને મોટી આઈટી કંપનીઓ ઉપર અસર જોવા મળશે


(એજન્સી) મુંબઈ | તા 30




વૈશ્વિક ટેકનોલોજી કંપનીઓ ચીનના આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) ઓપન સોર્સ લાર્જ લેંગ્વેજ મોડલ ડીપસીકની અસરથી ઝઝૂમી રહી છે. પરંતુ ભારતીય ટેક્નોલોજી કંપનીઓ અને સ્ટાર્ટઅપ્સ ચીનની આ સિદ્ધિ પર આશ્ચર્યજનક રીતે મૌન છે. ઉદ્યોગ નિષ્ણાતો અને વિશ્લેષકો માને છે કે ડીપસીકની સિદ્ધિઓ એઆઈને દરેક માટે તમામ સ્તરે સુલભ બનાવે છે. પરંતુ આપણે રાહ જોવી પડશે અને એન્ટરપ્રાઈઝ આઈટી એટલે કે ખાસ કરીને મોટી આઈટી સેવાઓ કંપનીઓ પર તેની અસર જોવી પડશે. જ્યાં સુધી સ્ટાર્ટઅપ્સનો સંબંધ છે ત્યાં સુધી આ એક સ્પષ્ટ ચેતવણી સંકેત છે કારણ કે ડીપસીક વૈશ્વિક ટેક્નોલોજી જાયન્ટ્સના ખર્ચના અંશમાં આ મૂળભૂત મોડલનું નિર્માણ કરવામાં સક્ષમ છે. મેટા અને માઈક્રોસોફ્ટ જેવી યુએસ ટેક્નોલોજી જાયન્ટ્સ તેમનું વર્ચસ્વ જાળવી રાખવા માટે સંઘર્ષ કરી રહી છે, જ્યારે ડીપસીકનું ઓપન સોર્સ મોડેલ પડકારજનક છે મેટા જેવી દિગ્ગજ અમેરિકન ટેક્નોલોજી કંપનીઓ જે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પરનો તેમનો વાર્ષિક ખર્ચ વધારીને ૬૫ બિલિયન ડોલર કરી રહી છે.

ભારતીય આઈટી કંપનીઓ એઆઈ વેલ્યુ ચેઈનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે અને ડેટા મેનેજમેન્ટ, માઈગ્રેશન અને LLM/SLM જેવા કાર્યોને હેન્ડલ કરે છે. રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે, ડીપસીક દ્વારા એઆઈનું લોકશાહીકરણ ભારતીય આઈટી કંપનીઓ માટે બજારનું વિસ્તરણ કરશે. એન્ટરપ્રાઈઝ આગામી ૬ થી ૧૨ મહિનામાં કસ્ટમાઈઝ્ડ એઆઈ મોડલ્સનો લાભ લેવા માટે તૈયાર થઈ જશે. તેનાથી ભારતીય આઈટી સેવાઓની માંગમાં વધારો થશે. પરંતુ ભારે રોકાણ ધરાવતી ભારતીય આઈટી કંપનીઓને ટૂંકા ગાળામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. આઈટી નિષ્ણાંતોએ ડીપસીકની તાત્કાલિક અસર વિશે ટિપ્પણી કરી ન હતી. પરંતુ તે સંમત થયા હતા કે આ મોડેલનો ઉપયોગ એન્ટરપ્રાઈઝ વાતાવરણમાં અત્યંત સાવધાની સાથે કરવામાં આવશે. એન્ટરપ્રાઈઝ પર્યાવરણ પર ડીપસીકની તાત્કાલિક અસર નહિવત હશે. ભારતીય આઈટી કંપનીઓ એલએલએમ નથી બનાવી રહી પરંતુ તેઓ આ પ્લેટફોર્મ પ્રોવાઈડર્સ સાથે ભાગીદારી કરી રહી છે. જો ડીપસીક વૈશ્વિક દરજ્જો હાંસલ કરવામાં સફળ થાય અને ગ્રાહકો તેના માટે તૈયાર હોય તો ભારતીય આઈટી કંપનીઓ પણ તેનો ઉપયોગ કરવાનું વિચારશે.

## ઝાયડસ ટકેડા હેલ્થકેરે ભારતમાં મેન્યુફેક્ચરિંગ કામગીરીના 25 વર્ષ પૂર્ણ કર્યા



(એજન્સી) મુંબઈ | તા 30

ઝાયડસ ટકેડા હેલ્થકેર પ્રાઈવેટ લિમિટેડ (ZTHPL) એ ઝાયડસ લાઈફસાયન્સિસ લિમિટેડ અને ટકેડા ફાર્માસ્યુટિકલ કંપની લિમિટેડ (ટકેડા) દ્વારા સ્થાપવામાં આવેલી સંયુક્ત સાહસ કંપની (TSE:4502/ NYSE:TAK) છે. તે ભારતમાં વાશી મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટની 25મી વર્ષગાંઠની ઉજવણી કરે છે. આ સીમાચિહ્નરૂપ સિદ્ધિ વૈશ્વિક સ્તરે જરૂરિયાતમંદ દર્દીઓ માટે જીવનમાં પરિવર્તનકારી સારવાર માટે ઉચ્ચ ગુણવત્તાવાળા સક્રિય ફાર્માસ્યુટિકલ ઘટકો (એપીઆઈ) અને ઈન્ટરમિડિયેટ્સનું ઉત્પાદન કરવાની કંપનીની પ્રતિબદ્ધતાને દર્શાવે છે. છેલ્લા 25 વર્ષના ગાળામાં વાશી ખાતેની મેન્યુફેક્ચરિંગ સાઈટ યુરોપ, જાપાન, બ્રાઝિલ અને કોરિયામાં ટકેડાના માર્કેટ માટે એપીઆઈ અને ઈન્ટરમિડિયેટ્સના સપ્લાયર તરીકે ઉભરી આવી છે. 100 ટકા નિકાસલક્ષી એકમ તરીકે તેણે સતત સુરક્ષા અને ગુણવત્તાને પ્રાથમિકતા આપી છે. પોતાની સફરના ભાગરૂપે આ સાઈટે ટકેડાના સ્મોલ મોલેક્યુલ પ્રોડક્ટ માટે ક્ષમતા વૃદ્ધિ અને બહુવિધ ટેક ટ્રાન્સફર સફળતાપૂર્વક અમલમાં મૂકી છે અને સ્પર્ધાત્મકતા જાળવી રાખી છે, જેનાથી ટકેડાના નેટવર્કમાં એક મહત્વપૂર્ણ ઉત્પાદન સાઈટ બની છે. ભવિષ્ય તરફ જોવામાં આવે તો ઝાયડસ ટકેડાના વ્યૂહાત્મક નેટવર્કમાં સાઈટની ભૂમિકાને વધારવાનો લક્ષ્ય ધરાવે છે. તેની મુખ્ય પહેલમાં નવા સક્રિય ફાર્માસ્યુટિકલ ઘટકો અને મુખ્ય સ્ટાર્ટિંગ સામગ્રી સાથે ઉત્પાદન પોર્ટફોલિયોનું વિસ્તરણ, કિલો લેબ સુવિધાઓમાં વધારો કરવો, ટકેડાના નેટ-ઝીરો ઉત્સર્જન લક્ષ્ય માટે રિન્યુએબલ ઊર્જા તરફ જવું, કાર્યક્ષમતા સુધારવા અને કચરો ઘટાડવા ડિજિટલ ઓટોમેશન ટેકનિકમાં રોકાણનો સમાવેશ થાય છે. આ ઉપરાંત નવી સપ્લાય ચેઈન વ્યૂહરચનાઓ વિકસાવવા, વૈશ્વિક સહયોગને મજબૂત બનાવવા, સતત શિક્ષણ દ્વારા કર્મચારીઓના જોડાણને આગળ વધારવા અને આરોગ્ય અને પર્યાવરણીય સ્થિરતા પર ધ્યાન કેન્દ્રિત કરતી પહેલને આગળ વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. થોમસ વોઝનીવેસ્કી, ગ્લોબલ મેન્યુફેક્ચરિંગ અને સપ્લાય ઓફિસર, ટકેડા અને ઝાયડસ ટકેડાના બોર્ડના ચેરમેન અને ડિરેક્ટરે જણાવ્યું કે, “અમે ઝાયડસ સાથે સફળ ભાગીદારી બદલ આભારી છીએ, જેઓ વિશ્વભરમાં દર્દીઓને વધુ સારી સેવા આપવા માટે અમારા મૂલ્યો અને પ્રતિબદ્ધતા શેર કરે છે. છેલ્લા 25 વર્ષમાં વાશી ખાતેના સાથીઓએ આ સાઈટને ટકેડા નેટવર્કના અભિન્ન ભાગ તરીકે પ્રસ્થાપિત કરી છે.

## અદાણી પાવરની આવક વધીને રૂપિયા 13,671.18 કરોડ થઈ

મુંબઈ | અદાણી જૂથની કંપની અદાણી પાવરે આજે એટલે કે 29 જાન્યુઆરીના રોજ ચાલુ નાણાકીય વર્ષના ત્રીજા ક્વાર્ટરના પરિણામો જાહેર કર્યા છે. જેમાં કંપનીએ જણાવ્યું હતું કે ડિસેમ્બર ક્વાર્ટરમાં તેનો ચોખ્ખો નફો 7.4 ટકા વધીને રૂપિયા 2,940.07 કરોડ થયો છે, જે ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં રૂપિયા 2,737.96 કરોડ હતો. જોકે, કંપનીના નફામાં ત્રિમાસિક ધોરણે ઘટાડો થયો છે. સપ્ટેમ્બર ક્વાર્ટરમાં તેનો ચોખ્ખો નફો રૂપિયા 3,297.52 કરોડ હતો. ડિસેમ્બર ક્વાર્ટરમાં અદાણી પાવરની આવક વધીને રૂપિયા 13,671.18 કરોડ થઈ છે, જે એક વર્ષ અગાઉના સમાન ક્વાર્ટરમાં રૂપિયા 12,991.44 કરોડ હતી. સપ્ટેમ્બર ક્વાર્ટરમાં તેની આવક રૂપિયા 13,338.88 કરોડ હતી. ડિસેમ્બર ક્વાર્ટરના પરિણામોની સાથે, કંપનીના બોર્ડે 5,000 કરોડ રૂપિયાનું ભંડોળ એકત્ર કરવાની યોજનાને પણ મંજૂરી આપી દીધી છે. આ ભંડોળ ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યૂશનલ પ્લેસમેન્ટ (QIP) દ્વારા એકત્ર કરવામાં આવશે. આ ઉપરાંત, બોર્ડે નોન-કન્વર્ટિબલ ડિબેન્ચર્સ (NCDs) દ્વારા અગાઉ મંજૂર કરાયેલ ભંડોળ એકત્ર કરવાની યોજનાને રૂપિયા 5,000 કરોડથી વધારીને રૂપિયા 11,000 કરોડ કરવાની પણ મંજૂરી આપી દીધી છે.

## વી.એલ. ઈન્ફ્રાપ્રોજેક્ટ્સ લિમિટેડને ₹45 કરોડના પાંચ મહત્વપૂર્ણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર કોન્ટ્રાક્ટ મળ્યા

મુંબઈ | વી.એલ. ઈન્ફ્રાપ્રોજેક્ટ્સ લિમિટેડ (NSE કોડ - VLINFRA), પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાની માળખાગત યોજનાઓના અમલીકરણમાં મહારત ધરાવે છે, તેને પાંચ મહત્વપૂર્ણ વર્ક ઓર્ડર અને એલઓઆઈ મળ્યાની ઉત્સાહપૂર્ણ રીતે જાહેરાત કરી છે, જેની કુલ કિંમત 45.49 કરોડ છે.
આ મહત્વપૂર્ણ ઓર્ડર કંપનીના નિરંતર વિકાસ અને ચાવીરૂપ પ્રાદેશિક બજારોમાં વિસ્તરતી ઉપસ્થિતિને દર્શાવે છે.તેલંગાણામાં 1000એમએમ વ્યાસવાળા આરસીસી એનપી3 પાઈપ્સના સ્ટોર્મ વોટર ડ્રેઈન અને આરસીસી ડ્રેઈનના બાંધકામ અને સ્થળ સફાઈ માટે 15.24 કરોડનો વર્ક ઓર્ડર મળ્યો છે. આ પ્રોજેક્ટ એક વર્ષની અંદર પૂર્ણ થવાનો છે, જે કંપનીની મોટા પાયે માળખાગત પ્રોજેક્ટ્સને અસરકારક રીતે સંચાલિત કરવાની ક્ષમતા દર્શાવે છે. ઈન્ટેક વેલથી વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ સુધી 1400એમએમ વ્યાસની ગ્રેવિટી મેઈન પાઈપલાઈન બદલવા માટે 16.31 કરોડનો કોન્ટ્રાક્ટ. આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય પાણી પુરવઠાના માળખાને સુધારવા માટે હાલની પાઈપલાઈનમાં ખામીઓને દૂર કરવાનો છે. આ પ્રોજેક્ટને છ મહિનામાં પૂર્ણ કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. પીપળી હેડવર્કસથી ધોલેરા એરપોર્ટ સુધી રૉ વોટર સપ્લાયની પાઈપલાઈન ડિઝાઈન અને બાંધકામ માટે 10.05 કરોડનો વર્ક ઓર્ડર. આ કરારમાં પમ્પિંગ મશીનરીનું ઈન્સ્ટોલેશન, ટેસ્ટિંગ અને કમિશનિંગનો સમાવેશ થાય છે, સાથે જ પાંચ વર્ષના ઓપરેશન અને મેન્ટેનન્સ યોજનાનો પણ સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટ 12 મહિનામાં પૂર્ણ થશે.


# શેરબજાર સામાન્ય વધારા સાથે બંધ થયું, સેન્સેક્સ 227 અને નિફ્ટી 86 પોઈન્ટ ઉછળ્યો

(એજન્સી) મુંબઈ | તા 30

શેર બજાર બંધ ૩૦ જાન્યુઆરી, ૨૦૨૫: ગુરુવારે ભારતીય શેરબજારમાં ભારે અસ્થિરતા જોવા મળી. શેરબજાર સામાન્ય વધારા સાથે લીલા નિશાનમાં ખુલ્યું અને આજે ઘણી વખત તેનો રંગ બદલાતો જોવા મળ્યો અને અંતે વધારા સાથે લીલા નિશાનમાં બંધ થયો. ગુરુવારે, BSE સેન્સેક્સ 226.85 પોઈન્ટ (0.30%) વધીને 76,759.81 પર બંધ થયો. જ્યારે NSEનો નિફ્ટી 50 ઈન્ડેક્સ 86.40 પોઈન્ટ (0.37%) ના વધારા સાથે 23,249.50 પોઈન્ટ પર બંધ થયો. તમને જણાવી દઈએ કે બુધવારે શેરબજાર શાનદાર રિકવરી સાથે બંધ થયું. ગુરુવારે, સેન્સેક્સની 30 માંથી 18 કંપનીઓના શેર વધારા સાથે લીલા રંગમાં બંધ થયા હતા, જ્યારે બાકીની 12 કંપનીઓના શેર ઘટાડા સાથે લાલ રંગમાં બંધ થયા હતા. એ જ રીતે, નિફ્ટી ૫૦ માં, ૫૦ માંથી ૩૫ કંપનીઓના શેર ગ્રીન ઝોનમાં વધારા સાથે બંધ થયા હતા જ્યારે બાકીની ૧૫ કંપનીઓના શેર રેડ ઝોનમાં નુકસાન સાથે બંધ થયા હતા. આજે, સેન્સેક્સ કંપનીઓમાં, ભારતી એરટેલના શેર સૌથી વધુ 2.78 ટકાના વધારા સાથે બંધ થયા, જ્યારે ટાટા મોટર્સના શેર સૌથી વધુ 7.37 ટકાના ઘટાડા સાથે બંધ થયા, જે રૂ. 700 ની નીચે બંધ થયા. આજે સેન્સેક્સમાં લિસ્ટેડ બાકીની કંપનીઓમાં, પાવર ગ્રીડના શેર 2.59%, બજાજ ફાઈનાન્સ 2.36%, નેસ્લે ઈન્ડિયા 2.15%, હિન્દુસ્તાન યુનિલિવર 1.63%, એશિયન પેઈન્ટ્સ 1.57%, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા 1.53%, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ 1.44% વધ્યા, ઈન્ડસઈન્ડ બેંક ૧.૨૨%, એચડીએફસી બેંક ૦.૮૯ ટકા, આઈટીસી ૦.૭૪ ટકા, એનટીપીસી ૦.૫૯ ટકા, આઈસીઆઈસીઆઈ બેંક ૦.૫૩ ટકા, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ૦.૪૬ ટકા, ટાટા સ્ટીલ ૦.૨૭ ટકા, એક્સિસ બેંક ૦.૨૫ ટકા, મારુતિ સુઝુકી ૦.૨૦ ટકા અને TCS ના શેર 0.04 ટકાના વધારા સાથે બંધ થયા. ગઈકાલે ૫ ટકાના ઘટાડા સાથે બંધ થયા પછી, આજે ફરી એકવાર ITC હોટેલ્સના શેર ૪.૯૮ ટકાના ઘટાડા સાથે બંધ થયા. આ ઉપરાંત, બજાજ ફિનસર્વ 2.12 ટકા, અદાણી પોર્ટ્સ 1.86 ટકા, ટેક મહિન્દ્રા 1.79 ટકા, ઝોમેટો 1.66 ટકા, કોટક મહિન્દ્રા બેંક 1.01 ટકા, લાર્સન એન્ડ ટુબ્રો 0.85 ટકા, ઈન્ફોસિસ 0.58 ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ 0.20 ટકા, ટાઈટન 0.14 ટકા અને સન ફાર્મા 0.14 ટકા વધ્યા. શેર 0.05 ટકાના ઘટાડા સાથે બંધ થયો.

## જીસીપીએલે પેસ્ટ કંટ્રોલ સોલ્યુશનમાં મજબૂત લીડરશીપ સ્થાપિત કરતાં માત્ર 99 રૂપિયામાં HIT એન્ટી-રોચ જેલ પેક લોન્ચ કર્યું

મુંબઈ | ભારતના 93 ટકા ઘરોમાં દરરોજ સાફ-સફાઈ થતી હોવા છતાં શહેરના 65 ટકા ઘરોમાં વંદાઓનો ત્રાસ યથાવત છે. જેમાં અડધાથી વધુ ઘરોમાં મધ્યમથી ઉચ્ચ સ્તરે વંદાઓનો ઉપદ્રવ જોવા મળ્યો છે. જેના હાનિકારક બેક્ટેરિયા અને એલર્જી શ્વાસ સંબંધિત સમસ્યાઓ અને ખોરાકજન્ય બીમારીઓ સહિત નોંધપાત્ર સ્વાસ્થ્ય જોખમો ઉભા કરે છે. આ પડકારને સંબોધતા ગોદરેજ કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ લિમિટેડે તેની ગોદરેજ HIT બ્રાન્ડ હેઠળ HIT એન્ટિ-રોચ જેલ રજૂ કરી છે. જે તેના માર્કેટમાં અગ્રણી ઘરેલુ જંતુનાશક પોર્ટફોલિયોમાં એક કોમ્પેક્ટ, સસ્તું (રૂ. 99માં), અને અસરકારક પ્રોડક્ટનો ઉમેરો કરે છે. HIT એ બજારની અગ્રણી બ્રાન્ડ પૈકી એક છે, જેનો ઉપયોગ વંદાના ઉપદ્રવનો સામનો કરવા માટે વ્યાપકપણે થાય છે. તેના HIT એન્ટિ-રોચ જેલની સફળતાના આધારે જીસીપીએલએ તેની અસરકારકતા જાળવતાં નાના, ખર્ચ-અસરકારક પ્રોડક્ટ માટે સુલભતા વધારવાની તક ઝડપી છે. આ નવું પેક બજારમાં સસ્તા દરે મળતુ પેસ્ટ કંટ્રોલ સોલ્યુશનની વધતી માગને સંબોધે છે. આ ઈનોવેશન કોકરોચ જેલ માર્કેટમાં 10 ગણો ગ્રોથ હાંસલ કરવાની ક્ષમતા ધરાવે છે, જે ગોદરેજ HIT ની કેટેગરી લીડર અને ઈનોવેટર તરીકેની સ્થિતિને વધુ મજબૂત બનાવે છે.આ લોન્ચ અંગે ગોદરેજ કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ લિ.ના હોમ કેર-માર્કેટિંગ હેડ શિલ્પા સુરેશે જણાવ્યું હતું કે, “અમે મચ્છરજન્ય રોગોથી ઉદ્ભવતા ગંભીર આરોગ્ય જોખમોથી વાકેફ છીએ, જે જાહેર આરોગ્ય માટે ઉદ્ભવતી સૌથી મોટી ચિંતા છે.




## બેસિલિક ફ્લાય સ્ટુડિયો ₹300 કરોડની ઓર્ડર પાઈપલાઈન સાથે મજબૂત રીતે આગળ વધી રહ્યો છે, ઓક્ટોબર'24ના વોલ્યુમમાં 39%ની વૃદ્ધિ

(એજન્સી) મુંબઈ | તા 30

બેસિલિક ફ્લાય સ્ટુડિયો લિમિટેડ (બીએફએસ), અગ્રણી વિઝ્યુઅલ ઈફેક્ટ્સ સ્ટુડિયો પૈકીના એકેજાન્યુઆરી 2025 સુધીમાં 301.3 કરોડ (27.9 મિલિયન)ની તેની મજબૂત સેલ્સ પાઈપલાઈનની જાહેરાત કરતા આનંદ અનુભવે છે. આ પ્રભાવશાળી આંકડો કંપનીના ગતિશીલ વિકાસ માર્ગ અને વિશ્વ કક્ષાની વીએફએક્સ સર્વિસિસ પૂરી પાડવા માટેની અતૂટ પ્રતિબદ્ધતા પર ભાર મૂકે છે. ઓક્ટોબર 2024માં નોંધાયેલા 20 મિલિયનની તુલનામાં વર્તમાન સેલ્સ પાઈપલાઈન 39.5%નો વધારો દર્શાવે છે, જે ઉચ્ચ-મૂલ્યના પ્રોજેક્ટ્સને મેળવવામાં કંપનીની ગતિ સાતત્યને દર્શાવે છે. આ મેનેજમેન્ટ દ્વારા અગાઉ જાણ કરાયેલ મજબૂત વૃદ્ધિ આવક માર્ગદર્શનને અનુરૂપ પણ છે. વર્તમાન ઓર્ડર બુકનો મોટાભાગનો ભાગ સપ્ટેમ્બર 2025 સુધીમાં પૂર્ણ થવાની ધારણા છે. વ્યાપક સેલ્સ પાઈપલાઈનમાં મુખ્ય સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ અને ફિલ્મ સ્ટુડિયોમાં પ્રતિષ્ઠિત પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે, જે ઉચ્ચ-ગુણવત્તાવાળી વીએફએક્સ સર્વિસિસ માટે વિશ્વસનીય ભાગીદાર તરીકે બીએફએસની પ્રતિષ્ઠાને દર્શાવે છે.

**ઓર્ડરની મુખ્ય વિશેષતાઓ:**

નેટફ્લિક્સ: 104.8 કરોડ (9.7 મિલિયન), એમેઝોન: 63.7 કરોડ (5.9 મિલિયન), સોની: 34.6 કરોડ (3.2 મિલિયન), અન્ય અગ્રણી મીડિયા હાઉસ/સ્ટુડિયો: 98.3 કરોડ (9.1 મિલિયન

બીએફએસની 301.3 કરોડ (27.9 મિલિયન)ની મજબૂત પ્રોજેક્ટ પાઈપલાઈન ગ્લોબલ વીએફએક્સ ઈન્ડસ્ટ્રીમાં કંપનીની મુખ્ય ખેલાડી તરીકેની સ્થિતિને દર્શાવે છે, જે ભવિષ્યમાં કમાણીની દૃશ્યતા અને સતત વૃદ્ધિની સંભાવનાને દર્શાવે છે. આ સિદ્ધિ કંપનીના અગ્રણી પ્રોડક્શન હાઉસ અને સ્ટુડિયો સાથેના વધતા સહયોગને ઉજાગર કરે છે, સાથે સાથે ટેક્નોલોજીમાં પ્રગતિ અને ફિલ્મો, ટેલિવિઝન, ગેમિંગ અને ઓટીટી પ્લેટફોર્મ પર વધતા જતા કોન્ટેન્ટની જરૂરિયાતોને કારણે ઉચ્ચ-ગુણવત્તાવાળા વીએફએક્સની વધતી માંગનો લાભ ઉઠાવવાની તેની ક્ષમતાને પણ દર્શાવે છે. વધુમાં, મજબૂત ઓર્ડર બુક ઈન્ડસ્ટ્રીમાં રિકવરીનો સંકેત આપે છે અને ગયા વર્ષની હડતાળથી ઉભા થયેલા પડકારોને પગલે બીએફએસ તેમાંથી મહત્તમ લાભ ઉઠાવી રહ્યો છે.

## બેંગલુરુમાં DGGIએ 3200 કરોડના GST કૌભાંડનો પર્દાફાશ કર્યો, બે આરોપીની ધરપકડ

(એજન્સી) મુંબઈ | તા 30




બેંગાલુરુમાં ડિરેક્ટોરેટ જનરલ ઓફ જીએસટી ઈન્ટેલિજન્સ (ડીજીજીઆઈ)એ ૩૨૦૦ કરોડ રૂપિયાના જીએસટી કૌભાંડનો પર્દાફાશ કર્યો છે અને આ સંબધમાં બે લોકોની ધરપકડ કરી છે. કૌભાંડનો ત્રીજો શંકાસ્પદ આરોપી હજુ ફરાર : બેંગાલુરુ અને મુંબઈમાં ૩૦થી વધારે સ્થળો દરોડા ડીજીજીઆઈ બેંગાલુરુના એડિશનલ ડાયરેક્ટર જનરલ સુચેતા શ્રીજેશે એક નિવેદનમાં જણાવ્યું છે કે આ કૌભાંડનો ત્રીજો શંકાસ્પદ આરોપી હજુ ફરાર છે. ડીજીજીઆઈના બેંગાલુરુ ઝોનલ યુનિટે બેંગાલુરુ અને મુંબઈમાં ૩૦થી વધારે સ્થળોએ દરોડા પાડયા હતાં. આરોપીએ બોગસ કંપનીઓની રચના કરી હતી. જેના આધારે ખોટી રીતે ૬૬૫ કરોડ રૂપિયાનું ઈનપુટ ટેક્સ ક્રેડિટનો લાભ મેળવ્યો હતો. આ કૌભાંડમાં મૂકવામાં નકલી બિલોનું કૂલ મૂલ્ય ૩૨૦૦ કરોડ રૂપિયાથી વધારે છે. તપાસ દરમિયાન ૧૫ બોગસ કંપનીઓ મળી આવી હતી જેમનો વાસ્તવમાં કોઈ બિઝનેસ ચાલતો ન હતો. આ કંપનીઓ કરોડો રૂપિયાની એફએમસીજી વસ્તુઓ પ્રાપ્ત કરતી હતી પણ ફક્ત આઈટી સર્પોટ, મેનેજમેન્ટ કન્સલટન્સી અને એડવર્ટાઈઝિંગ જેવી સેવાઓ માટે બિલો ઈશ્યુ કરતી હતી. મોટી સંખ્યામાં ઈનવર્ડ ઈ-વે બિલોની સામે આ કંપનીઓ પૈકી એક પણ કંપની પાસે આઉટવર્ડ ઈ-વે બિલો ન હતાં. અધિકારીઓના જણાવ્યા અનુસાર આ પૈકી ૯ કંપનીઓ ઈન્ડિયન સ્ટોક એક્સચેન્જ પર લિસ્ટેડ હતી.તપાસમાં જાણવા મળ્યું છે કે આ કંપનીઓ પૈકી મોટા ભાગની કંપનીઓના જીએસટી રિટર્ન એક જ આઈપી એડ્રેસથી ફાઈલ કરવામાં આવ્યા હતાં. જે સૂચવે છે કે આ તમામ કંપનીઓ એક જ આરોપી દ્વારા ઓપરેટ કરવામાં આવતી હતી.

# પ્રજાને બજેટમાં કોઈ ખાસ સુધારાની અપેક્ષા નહીં, મોંઘવારીમાં ગુજરાન ચલાવવો સૌથી મોટો પડકાર: સર્વે

(એજન્સી) મુંબઈ | તા 30

કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારમણ 1 ફેબ્રુઆરીના રોજ બજેટ રજૂ કરશે. બજેટ પૂર્વે યોજાયેલા સર્વેમાં પ્રજાને સરકાર પાસેથી કોઈ ખાસ અપેક્ષા ન હોવાનું જાણવા મળ્યું છે. બજેટ 2025-26માં કોઈ ખાસ સુધારા ન થવાનો અંદાજ પણ વ્યક્ત થયો છે. સી-વોટરના સર્વેમાં મોટાભાગના લોકોએ જણાવ્યું કે, મોંઘવારીના કારણે ગુજરાન ચલાવવુ મુશ્કેલ બન્યું છે. અને વર્તમાન સરકાર પાસે આ સ્થિતિમાં કોઈ ખાસ સુધારાની અપેક્ષા પણ નથી. સી-વોટરે પ્રિ-બજેટ સર્વેમાં દેશભરના જુદા-જુદા ભાગમાંથી 5269 લોકો સાથે વાતચીત કરી હતી. જેમાં 2/3 લોકોએ જણાવ્યું કે, મોંઘવારી પર કોઈ ધ્યાન આપી રહ્યા નથી. વડાપ્રધાન મોદીના રાજમાં મોંઘવારી સતત વધી રહી છે. જ્યારે 50 ટકા લોકોએ કહ્યું કે, વધતી મોંઘવારીના કારણે જીવન ધોરણ પર પ્રતિકૂળ અસર થઈ છે. તેના લીધે ઉચ્ચ કક્ષાનું જીવન ધોરણ જીવવુ મુશ્કેલ બન્યું છે. આ સર્વેમાં 50 ટકા લોકોએ પરિસ્થિતિમાં કોઈ ખાસ બદલાવ ન થવાનો અંદાજ આપ્યો છે. તેમના મતે, આવક જેટલી છે તેટલી જ રહેશે, તેમાં કોઈ ફેરફાર થશે નહીં. પરંતુ ગત વર્ષે ખર્ચ સતત વધ્યો છે. વધતો ખર્ચ સામાન્ય લોકો માટે મેનેજ કરવો મુશ્કેલ બન્યો છે. 37 ટકા લોકોએ આ વર્ષે પણ આ સ્થિતિમાં કોઈ ખાસ ફેરફારની અપેક્ષા ન હોવાનું જણાવ્યું છે. તદુપરાંત આગામી વર્ષ આવક અને ખર્ચના ધોરણે વધુ ખરાબ હોવાની ભીતિ પણ વ્યક્ત કરી છે.

### આ વર્ષ પણ ખરાબ રહેશે

આ સર્વેમાં 50 ટકા લોકોએ પરિસ્થિતિમાં કોઈ ખાસ બદલાવ ન થવાનો અંદાજ આપ્યો છે. તેમના મતે, આવક જેટલી છે તેટલી જ રહેશે, તેમાં કોઈ ફેરફાર થશે નહીં. પરંતુ ગત વર્ષે ખર્ચ સતત વધ્યો છે. વધતો ખર્ચ સામાન્ય લોકો માટે મેનેજ કરવો મુશ્કેલ બન્યો છે. 37 ટકા લોકોએ આ વર્ષે પણ આ સ્થિતિમાં કોઈ ખાસ ફેરફારની અપેક્ષા ન હોવાનું જણાવ્યું છે. તદુપરાંત આગામી વર્ષ આવક અને ખર્ચના ધોરણે વધુ ખરાબ હોવાની ભીતિ પણ વ્યક્ત કરી છે.

### જીડીપી ગ્રોથ ઘટવાનો અંદાજ

ભારત વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા ધરાવે છે. પરંતુ નાણાકીય વર્ષમાં તેનો ગ્રોથ છેલ્લા ચાર વર્ષમાં સૌથી ઓછો રહેવાનો અંદાજ છે. આ સપ્તાહના અંતે રજૂ થનારા બજેટમાં મોદી સરકાર જીડીપી ગ્રોથ જાળવી રાખવા માટે અમુક ખાસ પગલાં લઈ શકે છે. સાથે આવકમાં વધારો અને મોંઘવારી પર કાબૂ મેળવવાના પ્રયાસો કરી સકે છે. ઉલ્લેખનીય છે, ભારતમાં હાલ બેરોજગારી સૌથી મોટી સમસ્યા છે. સરકારે નવા રોજગાર સર્જન માટે પણ અમુક ખાસ ઉપાયો રજૂ કરવા જોઈએ.

## બાયોફ્યુઅલ સર્કલે ગુજરાતમાં સક્ષમ બાયોમાસ એકત્રીકરણ પ્રેરિત કરવા માટે ગ્રામીણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિસ્તાર્યું

(એજન્સી) જામનગર | તા 30

સપ્લાય ચેઈન માટે ભારતનું અગ્રણી ડિજિટલ મંચ બાયોફ્યુલ સર્કલ બાયોમાસ એકત્રીકરણ માટે સક્ષમ ઈકોસિસ્ટમ નિર્માણ કરવા ગ્રામીણ ભારતમાં તેની હાજરી વધારી રહી છે. તેની નવીમતન પહેલના ભાગરૂપે કંપનીએ બાયો માસ એકત્રીકરણના પ્રયાસોને વધારવા માટે ગુજરાતના જામનગર, બોટાદ અને વડોદરામાં 6 વેર હાઉસ સ્થાપિત કર્યા છે. આ વેર હાઉસ બાયોમાસ એકત્રીકરણ અને પ્રક્રિયાને પ્રવાહ રેખામાં લાવવા માટે શ્રેડર્સ જેવી એગ્રેગેશન મશીનરી સાથે સુસજ્જ છે. આ પહેલનું લક્ષ્ય આ મોસમમાંક પાસની દાંડીઓમાંથી 50,000 મેટ્રિક ટન (એમટી)



એકત્રિત કરવાનું છે, જેથી સ્થાનિક ખેડૂતો માટે નવી આવકનો તકો નિર્માણ થશે. સ્થાનિક ખેડૂતો સાથે સહભાગ મજબૂત બનાવવા માટે બાયોફ્યુઅલ સર્કલ દ્વારા તાજેતરમાં બોટાદમાં એક કાર્યક્રમનું આયોજન કરાયું હતું, જેમાં સ્થાનિક પ્રશાસકીય પ્રતિનિધિઓએ હાજર રહીને બોટાદની બાયોમાસ બેન્કનું ઉદઘાટન કર્યું હતું. આ કાર્યક્રમ સક્ષમ બાયોમાસ એકત્રીકરણ પદ્ધતિઓનું મહત્ત્વ અધોરેખિત કરવા સાથે બાયોમાસ બેન્કો પર્યાવરણીય સંતુલન અને સ્થાનિક ઉદ્યોગ નિર્મિતી જાળવવા સાથે અસરકારક રીતે એકત્રીકરણ અને પ્રક્રિયાને કઈ રીતે માર્ગ આપી શકે તે આલેખિત કરે છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2081, મહા સુદ-04

# કેનેડાની સ્વીકારોક્તિ



કેનેડાના એક પંચના રિપોર્ટે આખરે દૂધનું દૂધ અને પાણીનું પાણી કરી દીધું. મંગળવારે આવેલા આ રિપોર્ટમાં એ સ્પષ્ટ કરી દેવામાં આવ્યું કે કેનેડામાં જૂન ૨૦૨૩માં થયેલ ખાલિસ્તાન સમર્થક આતંકી હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં વિદેશી હાથના કોઈ પુરાવા નથી. કેનેડાના આ રિપોર્ટે વડાપ્રધાન જસ્ટિન ટડોના આરોપોને ખોટા સાબિત કરી દીધા છે, જેમાં તેમણે જૂન ૨૦૨૩માં હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં વિદેશી હાથનો આરોપ લગાવ્યો હતો. દેખીતું છે કે આ રિપોર્ટ બાદ કેનેડિયન વડાપ્રધાન ટડો ઊંધા મોંએ પછડાયા છે. એનો મતલબ છે કે એક આતંકીની હત્યા બાબતે ટડોએ રીતસર જૂઠાણું જ ચલાવ્યે રાખ્યું. ટડોએ જ્યારે પોતાના દેશની સંસદમાં આ આરોપ લગાવ્યો હતો, ત્યારે પણ તેમના એ કૃત્યને બેજવાબદાર માનવામાં આવ્યું હતું. ભારતે આરોપોને જૂઠા અને વાહિયાત ગણાવતાં તેમની પાસે પુરાવા માગ્યા હતા, જે તેઓ ક્યારેય આપી ન શક્યા. હવે તેમના જ દેશનો એક રિપોર્ટ જણાવે છે કે તેમનું એ નિવેદન સફેદ જૂઠાણું હતું. જસ્ટિન ટડોના જૂઠા આરોપો બાદ સ્વાભાવિક જ બંને દેશોના સંબંધોમાં કડવાશ વ્યાપી ગઈ હતી. ભારતે ટડોના નિવેદનોને રાજનીતિથી પ્રેરિત ગણાવી દીધા હતા. પરંતુ ટડોનો ભારતનો આકરા વિરોધનું વલણ પણ ઘરેલુ રાજનીતિમાં તેમની ખાસ મદદ ન કરી શક્યો. આખરે તેમણે પોતાના પદેથી રાજીનામું આપવાની જાહેરાત કરવી પડી. હવે નવા નેતા પસંદ થતાં સુધી તેઓ આ પદ પર રહી શકશે. હવે જ્યારે ખાલિસ્તાની આતંકી નિજ્જર હત્યાકાંડ સાથે જોડાયેલા કેનેડાના આરોપો બિલકુલ ફગાવી દેવાયા છે, ત્યારે ભારત વિરોધી તત્ત્વોને ખુલ્લી છૂટ આપવા મુદ્દે પણ નવેસરથી વાત થવી જોઈએ. ભારત પહેલેથી કહેતું આવ્યું છે કે કેનેડા અને અન્ય યુરોપીય દેશોમાં અભિવ્યક્તિની આઝાદીના નામ પર અલગતાવાદી તત્ત્વો જે પ્રકારની ભારત વિરોધી ગતિવિધિઓ ખુલ્લેઆમ ચલાવી રહ્યા છે, તેના પર પ્રભાવી રોક લગાવવાની જવાબદારી એ દેશોની છે. કેનેડા સરકારે તો એના પર કામ કરવું જ જોઈએ, સાથે જ અન્ય દેશોએ પણ આ પાસા પર ગંભીરતાથી વિચાર કરવાની જરૂર છે. કેનેડામાં આ જ વર્ષે ચૂંટણીઓ થવાની છે, તેથી બંને દેશો પાસે મોકો છે કે ભૂતકાળની ભૂલોને પાછળ છોડીને સંબંધોને પાટા પર લાવવાની નવેસરથી કોશિશ કરવામાં આવે. જો કેનેડા સરકાર પોતાની ભૂલ સમજતાં મહત્ત્વના મુદ્દાઓ પર પોતાના વલણમાં હકારાત્મક બદલાવ લાવે છે તો દ્વિપક્ષીય સંબંધોને બહેતર ભવિષ્ય આપવું મુશ્કેલ નહીં હોય.

## NEWS BRIEF

### ખુનવાડ ગામે સ્વામિનારાયણ મંદિરનો 13મો પાટોત્સવ તેમજ શાકોત્સવ અને સત્સંગ સભા યોજાઇ



કમલેશ પટેલ | સંખેડા

ખુનવાડ ખાતે ધર્મકુળ આશ્રિત સત્સંગ સમાજ દ્વારા સ્વામિનારાયણ મંદિર નો 13 મો પાટોત્સવ તેમજ શાકોત્સવ અને સત્સંગ સભા યોજાઈ હતી. ભાવિ આચાર્ય નૃગેન્દ્રપ્રસાદજી મહારાજના સાંનિધ્યમાં સ્વામિનારાયણ મંદિરનો 13 મો પાટોત્સવ તેમજ શાકોત્સવની ઉજવણી કરાઈ હતી. ખુનવાડ ની ભાગોળેથી ડી જે સાથે સ્વામિનારાયણ મંદિર સુધી શોભાયાત્રા નીકળી પટેલ ફળિયામાં માં સત્સંગ સભા યોજાઈ હતી. શ્રીજી મહારાજે લોયાધામ માં કરેલ શાકોત્સવની લીલાની દિવ્ય સ્મૃતિ થાય અને દિવ્ય સત્સંગનો મહિમા સમજાય અને સત્સંગનો ઉત્કર્ષ થાય એવા શુભ હેતુથી દિવ્ય શાકોત્સવ એવમ સત્સંગ સભાનું આયોજન કરાયું હતું જેમાં આજુબાજુના હરિભક્તો એ ખૂબ મોટી સંખ્યા માં સત્સંગ તેમજ શાકોત્સવ નો લાહવો લીધો હતો.

### ચાણસ્મા પાલિકાની ચૂંટણી માટે ભાજપે છ વૉર્ડ માટે 24 ઉમેદવારોની જાહેરાત કરી

નીતિન ઠાકર | ચાણસ્મા

ચાણસ્મા પાલિકાની 16 ફેબ્રુઆરીનાં રોજ ચૂંટણી યોજાઈ રહી છૅ ત્યારે 6વૉર્ડ નાં 24સભ્યો માટે 170 ચૂંટણી લડવા ઈચ્છતા ઉમેદવારો એ પોતાના ઉમેદવારી પત્રો ભરી પ્રદેશ ભાજપ માંથી આવેલા નિરીક્ષકો ને રજૂ કરતા પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડ દ્વારા ઉમેદવારી પત્રો ભરાવવા નાં અંતિમ દિવસે સવારે 24 ઉમેદવારો ની યાદી જાહેર કરાઈ હતી પરંતુ ભાજપ દ્વારા ત્રણ થી ચાર ઉમેદવારો ને રિપીટ કરાતા નો રિપીટ થિયરી માત્ર નિયમ પૂરતી રહેલી જોવા મળી હતી 24 ઉમેદવારો માં 50% મહિલા ઉમેદવારો ને ફાળવણી કરી હતી પ્રદેશ ભાજપ દ્વારા ચાણસ્મા પાલિકા દ્વારા જાહેર કરાયેલ 24 યાદીમાં રિપીટ ઉમેદવારો માં ગત ટર્મ માં જે ઉમેદવારો ને ટિકિટો ની ફાળવણી કરાઈ હતી આ ચૂંટણી માં ઉમેદવાર ની પત્ની તો ક્યાંક ઉમેદવાર પોતાને રિપીટ કરાયા છૅ.

### મહી બીજે ચાણસ્મા નગર સહીત પંથક માં અલખ ઘણી ની પાટ પૂજા ભજન સંતવાણી કાર્યક્રમો યોજાયા



નીતિન ઠાકર | ચાણસ્મા


મહા સુદ 2 નાં દિવસે ચાણસ્મા સહીત પંથક માં રામદેવ પીર ની પાટ પૂજા સાથે સંતવાણી ભજન નો કાર્યક્રમ યોજાયો હતો જેમાં ચાણસ્મા રામદેવ પીર મંદિરે ભજન તો જય મેલડી ભવન ખાતે કરોડા રામદેવ પીર મંદિર ખાતે રૂપપુર ચંદ્રુમાના અલખધુણા ખાતે રામદેવ પીર ની પાટ પૂજા સાથે સંતવાણી ભજન સંધ્યા નો કાર્યક્રમોં યોજાયા હતાં.

### છોટાઉદેપુર જિલ્લામાં તુવેર પાકની ટેકાના ભાવે ખરીદી તા.3 ફેબ્રુઆરીથી તુવેર પાકની નોધણી અને ખરીદી શરૂ

કમલેશ પટેલ | સંખેડા

ભારત સરકારશ્રી દ્વારા ખરીફ ૨૦૨૪-૨૫ તુવેર પાક માટે રૂ.૭૫૫૦ પ્રતિ કિવન્ટલ ટેકાના ભાવ જાહેર કરવામાં આવ્યા છે, ખરીફ ૨૦૨૪- ૨૫ PSS (પ્રાઈસ સપોર્ટ સ્કીમ) હેઠળ ટેકાના ભાવે ખરીદી કરવાનું આયોજન છે. છોટાઉદેપુર જિલ્લામાં તુવેરની ટેકાના ભાવે ખરીદી કરવા ૦૩.૦૨.૨૦૨૫ થી તા.૨૦.૦૨.૨૦૨૫ (દિન-૧૮) દરમિયાન ખેડૂતોની ગ્રામ્ય કક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્રો ખાતે VCE મારફતે ઓનલાઈન નોંધણી નાફેડના ઈ- સમૃધ્ધિ પોર્ટલ પર કરવામાં આવશે, જે મુજબ ખેડૂતોએ નોંધણી કરવાની રહેશે. ખરીદી આગામી તા.૦૩-૦૨-૨૦૨૫થી શરુ કરવામાં આવશે. એમ જિલ્લા ખેતીવાડી અધિકારી છોટાઉદેપુરની અખબારી યાદીમાં જણાવ્યું છે.

### ભચાઉ ન.પા. ચુંટણી વોર્ડ નં 6 ના કોંગ્રેસના ઉમેદવાર મોહનભાઈ દરજી એ ફોર્મ ભર્યું



મહેશ એલ.સોની | નખત્રાણા

ભચાઉ નગરપાલિકા ચુંટણી માં વોર્ડ નં ૬ ને સતાવતી મૂળભૂત સમસ્યાઓ ના નિરાકરણ માટે કોંગ્રેસ પક્ષના ઉમેદવાર મોહનભાઈ દરજી એ ભચાઉ તેમજ સિતારામ પુરા ને ગટર પાણી રસ્તા જેવી કનડતી સમસ્યાઓ દૂર થાય તેમાટે સતત લડતા રહેવા ની ખાતરી સાથે આજે ફોર્મ ભર્યું હતું. મોહનભાઈ દરજી ના જણાવ્યા અનુસાર રોડ લાઈટ સમયસર ચાલુ બંધ થતી નથી આખા શહેરને ગટરની સમસ્યા સતાવતી રહી છે શહેર ના રસ્તા ની હાલત ખરાબ છે આવનારા દિવસોમાં આ બાબતે સતત કામ કરવાની વાત મોહનભાઈ દરજી એ કરી હતી.

### બાતમીના આધારે જરોદ પોલીસે ખુલ્લામાં જુગાર રમતા જુગારીઓની પકડ્યાં

કિશન રોહિડા | જરોદ પોલીસ સ્ટેશનને મળેલ બાતમીના આધારે મધુવનના પાછળના ભાગે ખુલ્લી જગ્યામાં જુગાર રમાઈ રહ્યો છે જેના આધારે જરોદ પોલીસ સ્ટેશન ના પી આઈ ની સુચના આધારે પોલીસે સ્થળ પર જઈને જુગાર રમતા ઈસમો ગોળ કુંડાળું વળીને પાનાં પતા નો હાર જીત જુગાર રમી રહેલા ઈસમો ને કોર્ડન કરી ને જૂગાર રમતા સાગરભાઈ શિતુભાઈ વસાવા, પ્રિયાંક ભાઈ દિલીપભાઈ શ્રીમાળી, ચેતન ભાઈ ચિમનભાઈ રોહિત, મહેશભાઈ રામાભાઈ બજાણિયા જુગારીઓને દબોચી લઈ તેઓની અંગ ઝડતી કરતાં કુલ મળીને રૂપિયા 11290/- નો મુદ્દામાલ કબજે કરી ચારેય વિરુદ્ધ કાર્યવાહી આરંભી છે.

# જૂનાગઢ પાલિકા ચૂંટણી-2025: તમામ પાર્ટીના ઉમેદવારોએ ફોર્મ ભરવાની પ્રક્રિયા પૂર્ણ કરી

## ભાજપે 13 ઉમેદવાર કર્યા રિપિટ

(એજન્સી) જૂનાગઢ | તા.01

જુનાગઢ મહાનગરપાલિકાની 60 બેઠક માટે આજે ભાજપ અને કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી દ્વારા ઉમેદવારોને લઈને ફોર્મ પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી છે. આજે એક સાથે તમામ પાર્ટીના ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા.

જુનાગઢ મહાનગરપાલિકાના 15 વોર્ડની 60 બેઠક માટે ભાજપ દ્વારા વહેલી સવારે યાદી બહાર પાડવામાં આવી હતી, જેમાંથી 13 ઉમેદવારોને રિપિટ કરવામાં આવ્યા હતા. ત્યારે અન્ય પાંચ વોર્ડમાં જે ઉમેદવારો છેલ્લે શાસકમાં હતા, તેની જગ્યાએ તેમના પરિવારજનોને ટિકિટ આપવામાં આવી છે અને બાકીના તમામ નવા ચહેરાઓ ભાજપે રજૂ કર્યા છે.

જેમાં ધારાસભ્ય સંજય કોરડીયા શહેર ભાજપ પ્રમુખ પુનિત શર્મા પૂર્વ સ્ટેનિંગ કમિટીના ચેરમેન રાકેશ ધુલેશિયા અને હરેશ પરસાણાની જગ્યાએ નવા ચહેરા મૂકવામાં આવ્યા છે. આજે જૂનાગઢના સરદાર ચોક ખાતે ભવ્ય વિજય વિશ્વાસ સંમેલન કરીને ભાજપના ઉમેદવારોએ એક સાથે ફોર્મ ભર્યા હતા.



### તમામ ઉમેદવારોએ પોતાના વોર્ડમાં આજથી જ પ્રચાર શરૂ કર્યો

બીજી તરફ કોંગ્રેસ પક્ષ દ્વારા ખાનગી રીતે ઉમેદવારોને ફોન કરીને ફોર્મ ભરવા માટે બોલાવી લેવામાં આવ્યા હતા અને તમામ વોર્ડમાં ઉમેદવારોએ ફોર્મ ભરીને વિજયનો આશાવાદ વ્યક્ત કર્યો હતો. પ્રભારી પુંજા વંશ દ્વારા તમામ ઉમેદવારોના મેન્ડેડ રજૂ કરવામાં આવ્યા હતા અને શહેર કોંગ્રેસ પ્રમુખ મનોજ જોશીનું પણ ફોર્મ ભરવામાં આવ્યું હતું. ઉપરાંત નારાજ થયેલા લોકોને તેઓ મનાવી લેવામાં આવશે તેવું જણાવ્યું હતું. તેમજ ગત ચૂંટણીમાં માત્ર એક જ કોંગ્રેસની સીટ જીતનાર મહિલા મંજુલાબેન પરસારાને ફરીથી કોંગ્રેસમાંથી ટિકિટ આપવામાં આવી છે અને તેમના પુત્ર લલિત પરસાણાને પણ ટિકિટ આપવામાં આવી છે. આમ, હવે તમામ ઉમેદવારો પોતપોતાના વોર્ડમાં આજથી જ પ્રચાર શરૂ કરી દેવામાં આવ્યો છે.

# નંદેસરી બ્રિજ પર બેકાબુ ટ્રકે સફાઈ કર્મચારીઓને ઉલાળ્યા

## ચાર ઈજાગ્રસ્ત સફાઈ કર્મચારીઓ સારવાર હેઠળ



પ્રતિકાત્મક તસવીર

(એજન્સી) વડોદરા | તા.01

વડોદરા શહેર નજીક નંદેસરી બ્રિજ ઉપર સાફ-સફાઈની કામગીરી કરી રહેલા સફાઈ કામદારોને અજાણ્યા ટ્રક ચાલકે અડફેટમાં લેતા ઈજાગ્રસ્ત થયેલા સફાઈ કર્મચારીઓને સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

વડોદરા શહેર નજીક આવેલ નંદેસરી બ્રિજ ઉપર સફાઈ કામદારો સાફ-સફાઈની કામગીરી કરી રહ્યા હતા. આ કામગીરીમાં સફાઈ કામદારો બ્રિજ ઉપરથી કચરો સાફ કરી આ કચરાને કચરાના ટ્રેક્ટરમાં ભરી રહ્યા હતા. આ કામગીરી દરમિયાન અજાણ્યા ટ્રક ચાલકે બ્રિજ ઉપર સફાઈની કામગીરી કરી રહેલા ચાર જેટલા સફાઈ કર્મચારીઓને અડફેટમાં લીધા હતા. ટ્રકે અડફેટમાં લેતા ચાર સફાઈ કર્મચારીઓને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેના પગલે ઈજાગ્રસ્ત થયેલા સફાઈ કર્મચારીઓને હાઈવે એમ્બ્યુલન્સ મારફતે વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે જડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબો દ્વારા ઈજાગ્રસ્તોની સારવાર શરૂ કરવામાં આવી છે.

બચી ગયેલા સફાઈ કર્મચારીએ જણાવ્યું હતું કે, નંદેસરી બ્રિજ ઉપર ટ્રક વાળો બેફામ આવ્યો હતો. અમે સફાઈ કામ કરી રહ્યા હતા 6 જણા હતા જેમાંથી અમે બે જણા બચી ગયા છે. આ ચાર જણા ટ્રકના અડફેટમાં આવી ગયા, ટ્રક એકદમ ફૂલ ઝડપે આવી રહી હતી. નંદેસરી બ્રિજ ઉપર આ ઘટના બની હતી. મોટી ટ્રક હતી તેમ સફાઈ કર્મચારીએ જણાવ્યું હતું.

## બનાસકાંઠા | આંતરરાષ્ટ્રીય કોલ સેન્ટરનો પર્દાફાશ થયો

# વાવ-થરાદમાં સરપંચના જ મકાનમાં ચાલતો હતો ગોરખધંધો, સાયબર સેલની કાર્યવાહી

- ભુજ સાયબર સેલે દરોડા પાડી 16ને ઝડપી પાડ્યા
- લોન આપવાના બહાને વિદેશી નાગરિકો સાથે ઠગાઈ
- મકાન વાવ સરપંચ દિવાળી સોઢાનું હોવાનું ખુલ્યું

(એજન્સી) વાવ-થરાદ | તા.01

બનાસકાંઠાના વાવ-થરાદમાં સરપંચના જ મકાનમાં ચાલતો હતો ગોરખધંધો. સાયબર સેલે કાર્યવાહી કરતાં સરપંચના મકાનમાં ચાલતા આંતરરાષ્ટ્રીય કોલ સેન્ટરનો પર્દાફાશ કર્યો. વાવ-થરાદના દીપાસરમાં ભાડાના મકાનમાં આ કોલ સેન્ટર ચાલતું હતું. સાયબર સેલની બાતમી મળતા કોલ સેન્ટર પર દરોડા પાડ્યા. આ દરોડામાં 16 શખ્સને ઝડપી લાખોનો મુદ્દામાલ જપ્ત કર્યો. વાવ-થરાદના દીપાસરમાં ભાડાના મકાનમાં કોલ સેન્ટર ચાલતુ હોવાની ભૂજ સાયબર સેલની બાતમી મળી હતી. બાતમીના આધારે મકાનમાં દરોડા પાડી મુદ્દામાલ જપ્ત કરતાં 16આરોપીને ઝડપી પાડ્યા.

### કોલ સેન્ટરમાં વિદેશી નાગરિકો સાથે ઠગાઈ

દરોડા બાદ પોલીસ તપાસમાં સામે આવ્યું કે જ્યાં કોલ સેન્ટર ચાલતું હતું તે મકાન વાવ સરપંચ દિવાળીબેન સોઢાનું છે. સંરપચના મકાનમાં ચાલતા કોલ સેન્ટરમાં વિદેશી નાગરિકો સાથે ઠગાઈ આચરવામાં આવતી હતી. કેટલાક ઠગબાજો 6 મહિનાથી સરપંચનું આ વૈભવી મકાન ભાડે રાખી કોલ સેન્ટરનો ગોરખધંધો કરી રહ્યા હતા. પોલીસે ઝડપી પાડેલ શખ્સની પૂછપરછ કરતાં તેઓ પરપ્રાંતિય હોવાનું જણાવ્યું.



### ભાડાના મકાનમાં પોલીસના દરોડા

પરપ્રાંતિયો સોલારની કામગીરી કરતા હોવાનું બહાનું કરી મકાન ભાડે રાખી કોલ સેન્ટર ચલાવતા હતા. યુવક-યુવતીઓ કોલ સેન્ટર પરથી લૉન આપવાના બહાને વિદેશી નાગરિકો સાથે ફ્રોડ કરતા હતા. વિદેશી નાગરિકોની બેન્ક ખાતાની માહિતી કઢાવી અલગ-અલગ ચાર્જીસના નામે રૂપિયા પડાવતા હતા.

### પોલીસે હાથ ધરી તપાસ

બનાસકાંઠામાં અત્યારે જિલ્લા વિભાજનને લઈને ઉગ્ર વિરોધ થઈ રહ્યો છે. ત્યારે વાવ-થરાદમાંથી આંતરરાષ્ટ્રીય કોલ સેન્ટર ચાલતું હોવાની ઘટના સામે આવી. પોલીસે સરંપચના મકાનમાં દરોડા પાડી 16 આરોપીઓની અટકાયત કરી એક ફરાર આરોપી સહિત 17 શખ્સો સામે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી.

# અરવલ્લીના ધનસુરા તાલુકાના અંતિસરા ગામના ભવ્ય ચૌધરી બગાયતી ખેતીથી સફળતાની મિસાલ બન્યા

રાકેશ મહેતા | ધનસુરા

અરવલ્લી જિલ્લાના ધનસુરાના અંતિસરા ગામના 26 વર્ષના યુવાન ભવ્ય ચૌધરીએ બગાયતી ખેતીમાં સફળતા મેળવીને યુવા ખેડૂતો માટે પ્રેરણારૂપ ઉદાહરણ પૂરું પાડ્યું છે. ભવ્ય ચૌધરીએ એગ્રીકલ્ચરનો અભ્યાસ કરીને નવી પદ્ધતિથી ખેતી કરી રહ્યા છે અને મબલખ પાકથી સારી આવક મેળવી રહ્યા છે.તેઓ શક્કરટેટી અને તરબૂચની બગાયતી પદ્ધતિથી ખેતી કરીને અન્ય ખેડૂતો માટે પણ પ્રેરણારૂપ બન્યા છે. ભવ્ય ચૌધરી બગાયતી ક્રોપ કવરના ઉપયોગથી ફળપાકો અને શાકભાજી પાકોની રક્ષિત ખેતી કરી રહ્યા છે. આ પદ્ધતિથી તેઓ પાકને કુદરતી આફતોથી બચાવી શકે છે અને ગુણવત્તાયુક્ત ઉત્પાદન મેળવી શકે છે.ભવ્ય ચૌધરીએ નાની ઉંમરમાં જ ખેતીમાં નવી ટેકનોલોજીનો ઉપયોગ કરીને સફળતા મેળવી છે. તેઓ દરેક યુવાન અને ખેડૂતો માટે એક મિસાલ છે. તેમની સફળતા દર્શાવે છે કે જો યોગ્ય દિશામાં પ્રયાસ કરવામાં આવે તો કોઈપણ વ્યક્તિ સફળ થઈ શકે છે.ભવ્ય ચૌધરીની સફળતાની કહાની એ યુવા ખેડૂતો માટે એક બોધપાઠ છે કે તેઓ પણ ખેતીમાં નવી ટેકનોલોજીનો ઉપયોગ કરીને સફળ થઈ શકે છે. તેમણે સાબિત કર્યું છે કે ખેતી એ માત્ર એક વ્યવસાય નથી, પરંતુ તે એક કળા પણ છે. જો ખેડૂતો પોતાની કળાને સમજે અને તેમાં નવી ટેકનોલોજીનો ઉપયોગ કરે તો તેઓ ચોક્કસ સફળ થઈ શકે છે.



ભવ્ય ચૌધરીની સફળતા એ આપણા દેશના યુવા ખેડૂતો માટે એક નવી દિશા છે. તેઓએ સાબિત કર્યું છે કે ખેતીમાં પણ ઉજ્જવળ ભવિષ્ય છે. જો યુવા ખેડૂતો ભવ્ય ચૌધરી જેવા સફળ ખેડૂતો પાસેથી પ્રેરણા લે તો તેઓ પણ ખેતીમાં સફળ થઈ શકે છે અને દેશના વિકાસમાં પોતાનું યોગદાન આપી શકે છે.

# જીએચસીએલ ફાઉન્ડેશન દ્વારા કથીવદર ગામ ખાતે કચરાપેટીનું વિતરણ કરવામાં આવ્યું

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

આપણા દેશનાં પ્રધાનમંત્રીથી લઈ ફિલ ઈન્ડસ્ટ્રીજનાં સેલીબ્રીટીઓ સાથોસાથ દેશનાં દરેક આમ નાગરીકો પણ સ્વચ્છ ભારત મિશનની પહેલ સાથે જોડાયા છે ત્યારે GHCL ફાઉન્ડેશન દ્વારા રાજુલા તાલુકાનાં કથીવદર ગામ ખાતે સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સ્વચ્છતા હી સેવા અભિયાન હેઠળ ગ્રામ્ય કક્ષાએ લીલા અને સુકા કચરા માટે જરૂરી એવી સ્ટેન્ડ સાથેની કચરાપેટી અનુદાનીત કરવામાં આવી હતી. ફાઉન્ડેશન દ્વારા પોતાને ઔધ્યોગીક સામાજીક પ્રતિબધ્ધતા દર્શાવી કથીવદર ગામને સ્વચ્છ અને આદર્શ બનાવવા તરફ એક પહેલ હાથ ધરવામાં આવી છે. આ કાર્યક્રમને સફળ બનાવવા GHCL લીમીટેડનાં સિની. જનરલ મેનેજર જે.વી.જોષી સાહેબ, ગઢવી સાહેબ, યોગાનંદી બાપુ, ડૉ.રવિ સોલંકી તેમજ સમગ્ર સી.એસ.આર ટીમ સહભાગી બની હતી.



# રાજુલામાં સર્જાયો ગોઝારો અકસ્માત, 2 લોકોના મોત



(એજન્સી) અમરેલી | તા.01

અમરેલીના રાજુલા પાસે એક ગોઝારો અકસ્માત સર્જાયો છે. રાજુલા પાસેના બારપટોળી ગામ નજીક ત્રિપલ અકસ્માત સર્જાયો છે. જેમાં 3 મોટર સાયકલ એકબીજા સાથે અથડાતા મોટો અકસ્માત સર્જાયો છે, જેમાં 4 લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે અને 2 લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા છે. હાલમાં તમામ ઈજાગ્રસ્તોને 108 એમ્બ્યુલન્સ મારફતે રાજુલાની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે અને વધુ સારવાર શરૂ કરવામાં આવી છે. તમને જણાવી દઈએ કે અકસ્માતમાં એક મોટલ સાયકલ ચાલક અકસ્માત સર્જીને ફરાર થઈ ગયો છે. ત્યારે અકસ્માતની ઘટના બાબતે રાજુલા પોલીસને જાણ થતાં તાત્કાલિક પોલીસની ટીમ ઘટના સ્થળે પહોંચી અને ગુનો નોંધીને અકસ્માતની ઘટના બાબતે વધુ તપાસ શરૂ કરી છે.

# સાપુતારાથી વઘઇ માર્ગે જુદા જુદા બે સ્થળોએ ટ્રક પલ્ટી મારી જતા અકસ્માત





સુશીલ પવાર | ડાંગ

પ્રાપ્ત વિગતો અનુસાર આજરોજ મહારાષ્ટ્રનાં નાસિક તરફથી મકાઈની બોરીનો જથ્થો ભરી સુરત તરફ જઈ રહેલ ટ્રક.ન.જી.જે.01.એચ.ટી.8796 જે સાપુતારાથી શામગહાનને જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગનાં ફોરેસ્ટ રેસ્ટ હાઉસ પાસેનાં વળાંકમાં ચાલક દ્વારા અચાનક સ્ટેયરીંગ પરથી કાબુ ગુમાવી દેતા આ ટ્રક માર્ગની સાઈડમાં આવેલ સંરક્ષણ દીવાલ સાથે અથડાઈને પલ્ટી મારી જતા ઘટના સ્થળે ગંભીર અકસ્માત સર્જાયો હતો.આ અકસ્માતનાં બનાવનાં પગલે ટ્રકમાં ભરેલ મકાઈનો જથ્થો વેરવિખેર થઈ જવા પામ્યો હતો.જ્યારે ટ્રકને જંગી નુકસાન થયુ હતુ.જ્યારે બીજા બનાવમાં વઘઇ સાપુતારા આંતર રાજય ધોરીમાર્ગનાં નાનાપાડા ગામ નજીકનાં વળાંકમાં લોખંડનો જથ્થો ભરેલ ટાટા ટ્રક પલ્ટી મારી જતા અકસ્માત સર્જાયો હતો. આજરોજ વડોદરા તરફથી લોંખડનો જથ્થો ભરી મહારાષ્ટ્રનાં પુણે તરફ જઈ રહેલ ટાટા ટ્રક.ન.જી.જે.07.યુ.4309 જે વઘઈથી સાપુતારાને જોડતા આંતર રાજય ધોરીમાર્ગનાં નાનાપાડા પેટ્રોલ પંપ પાસેનાં વળાંકમાં ચાલક દ્વારા અચાનક સ્ટેયરીંગ પરથી કાબુ ગુમાવી દેતા ટ્રક પલ્ટી મારી જતા ઘટના સ્થળે અકસ્માત સર્જાયો હતો.આ બનાવમાં પણ ટ્રકને જંગી નુકસાન થયુ હતુ.જ્યારે બન્ને અકસ્માતનાં બનાવમાં ચાલકો સહિત કલીનરોનો ચમત્કારિક બચાવ થયેલ હોવાની વિગતો સાંપડેલ છે.

# સંખેડામાં ભૂંડોના ત્રાસથી ધરતીપુત્રો પરેશાન થયાં



કમલેશ પટેલ | સંખેડા

સંખેડા તાલુકામાં ખેતીનો ધંધો પ્રધાન છે. સંખેડા તાલુકામાં જેમાં રોજગારીના અભાવે ખેતી એકમાત્ર વિકલ્પ છે ખેતરોમાં ભેલાણ થાય તે પહેલા તકેદારીના પગલાં જરૂર ઘણા વિસ્તારોમાં પિયતની સગવડ ન હોય અને પાણીના અભાવે ચોમાસુ ખેતી ઉપર પર ખેડૂતો નિર્ભર છે. હાલના તબક્કે સંખેડા તાલુકામાં ભૂંડોનો ત્રાસ વધી જતા આ સમસ્યાને દૂર કરવા ખેડૂતો અવનવા કિમિયા અપનાવી રહ્યા છે. ખેતરોમાં ભૂંડોનો ત્રાસથી બચવા ખેડૂતો ચારે તરફ બોર્ડર કરી સાડીની વાડ બનાવી રહ્યા છે ત્યાં કેટલાક ચારે તરફ લોખંડના તાર બાંધી જાટકા મશીન ચલાવી રહ્યા છે. મૂળ મુદ્દો તો આ રખડતા ભૂંડોથી આખા વર્ષની મહેનત સમી ખેતીને બચાવવાની જ છે. કૂતરોમાંથી માંથી ટોળે ટોળા આવી આખુ ખેતર સફાચટ કરી જતાં ભૂંડોને પકડવામાં તંત્ર પાંગળુ પુરવાર થયું છે.

# સ્કિન પરથી ડાઘ દુર કરવાનો સસ્તો ઉપાય છે ફટકડી



દરેક વ્યક્તિ બેદાગ અને સુંદર ત્વચા ઈચ્છે છે. પરંતુ આહાર, તડકો અને પ્રદૂષણ ત્વચાને ડેમેજ કરે છે જેના કારણે સ્કિન પર ડાઘ દેખાવા લાગે છે. ખરાબ જીવનશૈલીના કારણે પણ ત્વચા પર ડાઘ અને ખીલ જેવી સમસ્યા દેખાય છે. આવી તકલીફોને દુર કરવા માટે સ્કિન કેર પ્રોડક્ટનો ઉપયોગ લોકો કરે છે. પરંતુ આ વસ્તુઓમાં હાનિકારક કેમિકલ હોય છે. જે ત્વચાને નુકસાન પણ કરી શકે છે. જો તમે આ વસ્તુઓના ઉપયોગ વિના ઘરેલુ ઉપાયની મદદથી ડાઘ દુર કરવા માંગો છો તો આજે તમને એક સસ્તો અને સરળ ઉપાય જણાવીએ. સ્કિનને સુંદર અને ડાઘરહિત કરવા માટે તમે ફટકડીનો ઉપયોગ કરી શકો છો. ફટકડીને તમે સ્કિન પર 3 રીતે અપ્લાય કરી શકો છો. ફટકડીનો ઉપયોગ કરવાથી સ્કિનની રંગત ખીલે છે અને ડાઘ પણ દુર થાય છે.

## ફટકડી અને ગુલાબ જળ

ચહેરાના ડાઘ દુર કરવા માટે ફટકડીમાં ગુલાબજળ મિક્સ કરીને લગાવી શકાય છે. તેના માટે ફટકડીનો પાવડર જરૂર અનુસાર લઈ તેમાં ગુલાબજળ ઉમેરી પેસ્ટ બનાવો. આ પેસ્ટને સારી રીતે સ્કિન પર અપ્લાય કરો અને 15 મિનિટ પછી પાણીથી ચહેરો સાફ કરો. સપ્તાહમાં 3 વખત આ પેસ્ટ લગાડશો તો ચહેરાની રંગત ખીલી જશે.

## ફટકડી અને એલોવેરા

ચહેરા પરના ડાઘ દુર કરવા એલોવેરા અને ફટકડી પણ વાપરી શકાય છે. એક ચમચી ફટકડીના પાવડરમાં એલોવેરા જેલ ઉમેરી પેસ્ટ બનાવો. આ પેસ્ટને ચહેરા પર 15 મિનિટ માટે લગાડો. ત્યારબાદ ઠંડા પાણીથી ચહેરો સાફ કરો. તેનાથી ખીલના ડાઘ ઝડપથી દુર થશે.



## મુલતાની માટી અને ફટકડી

સ્કિન પરના ડાઘ દુર કરવા માટે ફટકડીમાં મુલ્તાની માટી મિક્સ કરીને લગાડી શકાય છે. એક વાટકીમાં 2 ચમચી મુલ્તાની માટી લઈ તેમાં દૂધ અને 1 ચમચી ફટકડી મિક્સ કરો. આ પેસ્ટને ચહેરા પર અપ્લાય કરો. 15 મિનિટ પછી પાણીથી ચહેરો સાફ કરો.



# આ સસ્તા અનાજથી ઘરે બેઠા કરો પાર્લર જેવું કેરાટિન ટ્રીટમેન્ટ, સિલ્કી-શાઈની વાળ



કેરાટિન ટ્રીટમેન્ટમાં, વાંકડિયા, ખરબચડા અને ફ્રઝી વાળને સીધા અને નરમ કરવામાં આવે છે. આ કેમિકલ ટ્રીટમેન્ટથી વાળ 5 થી 6 મહિના સુધી સીધા અને નરમ બની જાય છે. કોરિયન મહિલાઓ ત્વચાની સંભાળ અને વાળની સંભાળ માટે ઘણી રીતે ચોખાનો ઉપયોગ કરે છે. તમે વાળના કેરાટિન માટે પણ ચોખાનો ઉપયોગ કરી શકો છો. ચોખામાં એમિનો એસિડ, વિટામીન બી, વિટામીન ઈ, મિનરલ્સ અને એન્ટી ઓક્સીડેન્ટ ગુણો જોવા મળે છે જે વાળ માટે ફાયદાકારક છે. એક મુઠ્ઠી ચોખાને પાણીમાં નાખીને ઉકાળો. બીજી તરફ એક કપ પાણીમાં બે ચમચી અળસીના બીજ નાખીને ઉકાળો. જ્યારે તે જેલ બની જાય ત્યારે ગેસ બંધ કરી દો. હવે રાંધેલા ચોખા અને શણના બીજને મિક્સ કરો અને સરસ પેસ્ટ બનાવો. હવે આ પેસ્ટમાં બે ચમચી એલોવેરા જેલ ઉમેરો. હવે આ પેસ્ટને વાળમાં લગાવો. 30 મિનિટ પછી વાળને સાદા પાણીથી ધોઈ લો. અઠવાડિયામાં બે વાર આ પેસ્ટનો ઉપયોગ કરો. તમારા વાળ નરમ અને સિલ્કી બનશે.

# ચોખાનું પાણી ઝડપથી ઘટાડશે વજન



## જાણો કેવી રીતે બનાવવું ચોખાનું પાણી અને ક્યારે પીવું ?

વધારે વજન આજના સમયની સૌથી ગંભીર સમસ્યા છે. બેઠાડું જીવનશૈલી અને ખરાબ આહારના કારણે લોકો સ્થૂળતાનું શિકાર થઈ જાય છે. વધારે વજન હોય તો ઘણી બધી બીમારીઓનું જોખમ પણ વધે છે. વજનના કારણે શરીરના મહત્વપૂર્ણ અંગ જેમકે લીવર, કિડની, હાર્ટ પર પ્રેશર વધે છે અને ધીરે ધીરે આ અંગો ખરાબ થઈ શકે છે. વધારે વજન હોય તો હાઈ બ્લડ પ્રેશર, ડાયાબિટીસ અને કિડનીની બીમારીનું જોખમ પણ રહે છે. જો આ બીમારીઓથી બચવું હોય અને વજન પણ ઘટાડવું હોય તો આહાર અને નિયમિત વ્યાયામ પર ફોકસ કરવું. વજન ઘટે તે માટે ઓછામાં ઓછી 30 મિનિટ કોઈપણ એક્સરસાઈઝ કરવી અને સાથે જ આહારમાં હેલ્ધી વસ્તુઓનો સમાવેશ કરવો. સાથે જ દિવસ દરમિયાન એવી વસ્તુનું સેવન કરવું જે ઝડપથી ચરબી બાળવામાં મદદ કરે. આજે તમને આવા જ એક ડ્રિન્ક વિશે જણાવીએ જે ઝડપથી ચરબી ઓગાળવામાં મદદ કરે છે. સામાન્ય રીતે ચોખા વિશે માનવામાં આવે છે કે તેનાથી વજન વધે છે. પરંતુ ચોખાનું પાણી વજન ઘટાડી પણ શકે છે. આજે તમને ચોખાનો આવો જ એક નુસખો જણાવીએ જે ઝડપથી વજન ઘટાડવામાં મદદ કરશે. ભાત બનાવતી વખતે ચોખાને જે પાણીમાં ઉકાળવામાં આવે છે તે પાણીને માંડ કે કાંજી પણ કહેવાય છે. ભાત બનાવ્યા પછી વધેલું પાણી ઉપયોગમાં લેવાનું હોય છે. જ્યારે પણ ભાત બનાવો ત્યારે એક કપ પાણી એક્સ્ટ્રા ઉમેરવું. ભાત બની ગયા પછી આ પાણીને ગાળીને અલગ રાખો. પાણી ઠંડુ થઈ જાય પછી તેને સૂપની જેમ પી લેવું.

### ચોખાનું પાણી પીવાથી થતા ફાયદા

1 ચોખાનું પાણી પાચનતંત્ર માટે ફાયદાકારક છે. તેનાથી ડાયજેશન સુધરે છે અને મેટાબોલિક રેટ વધે છે. સાથે જ કબજિયાત અને પેટ ફુલવાની સમસ્યામાં પણ ફાયદો થાય છે.

2. બાફેલા ચોખાનું પાણી પીવાથી શરીરનું મેટાબોલિઝમ વધે છે. મેટાબોલીક રેટ વધવાથી શરીરમાં જામેલું ફેટ ઓછું કરવામાં સરળતા રહે છે

3. બ્લડ પ્રેશર જો કંટ્રોલમાં ન રહેતું હોય તો ચોખાનું પાણી પીવું જોઈએ. ચોખાનું પાણી પીવાથી બ્લડપ્રેશર લેવલ કંટ્રોલમાં રાખવામાં મદદ મળે છે.

# બેસ્ટ એન્ટી એજીંગ ઉપાય, હળદરમાં આ વસ્તુ ઉમેરી લગાડો ચહેરા પર, 40 વર્ષે પણ સ્કિન 20 જેવી દેખાશે

વધતી ઉંમરે ત્વચાની સંભાળ કરવી જરૂરી છે. જો ત્વચાને કાળજી રાખવામાં આવે તો સ્કિન પર એજિંગના લક્ષણ દેખાવા લાગે છે. તેનાથી બચવું હોય તો યોગ્ય સમયે જ ત્વચાની સંભાળ અને નેચરલ ઉપાય કરવા જોઈએ. આજે તમને બેસ્ટ એન્ટી એજિંગ ફેસપેક વિશે જણાવીએ. ઘરના રસોડામાં રહેલી બે વસ્તુની મદદથી તમે સ્કીન કેર સારી રીતે કરી શકો છો. ત્વચાને કસાયેલી અને સુંદર બનાવવી હોય તો હળદર અને નાળિયેર તેલ બેસ્ટ વિકલ્પ સાબિત થાય છે. હળદર અને નાળિયેર તેલના એન્ટી એજિંગ ગુણ ચહેરાને ગ્લોઈંગ અને સ્કીનને ટાઈટ બનાવવામાં મદદ કરે છે. નાળિયેર તેલમાં એન્ટિ ઓક્સિડન્ટ ગુણ હોય છે જે સ્કીનની ઉંમર વધવાની પ્રક્રિયાને સ્લો કરવામાં મદદ કરે છે. આ ઉપરાંત તેમાં નેચરલ ફેટ હોય છે જે સ્કીનમાં અંદર જઈને પોષણ આપે છે જેના કારણે કરચલીઓ ઓછી પડે છે. હળદરનો ઉપયોગ વર્ષોથી ત્વચાના ઉપચારમાં કરવામાં આવે છે. હળદરમાં એન્ટી બેક્ટેરિયલ પ્રોપર્ટી હોય છે. ચપટી હળદરમાં નાળિયેરનું તેલ મિક્સ કરીને ચહેરા પર લગાડવામાં આવે તો સ્કીન ટૈનિંગ ઓછું થાય છે અને ત્વચા પર નેચરલ નિખાર આવે છે.



### હળદર અને નાળિયેર તેલના ફાયદા

- નાળિયેર તેલ અને હળદરનું મિશ્રણ સ્કિનમાંથી ગંદકી અને બેક્ટેરિયા સાફ કરવામાં મદદ કરે છે. તેનાથી સ્કીન સાફ અને મુલાયન દેખાય છે.
- આ મિશ્રણ સ્કિન પરથી એકને અને પીમ્પલને દૂર કરવામાં મદદ કરે છે અને સ્કીન ઈન્ફેક્શન પણ દૂર થાય છે.
- હળદર અને નાળિયેરનું મિશ્રણ ટૈનિંગ સાફ કરવામાં મદદ કરે છે અને ત્વચા પર નિખાર લાવે છે.
- આ મિશ્રણ સ્કીનને અંદરથી પોષણ આપે છે અને સ્કિન ગ્લોઈંગ બને છે.

**આ રીતે લગાડો હળદર અને નાળિયેર તેલ** | ચહેરા પર હળદર અને નાળિયેર તેલ લગાડવું હોય તો એક બાઉલમાં એક ચમચી શુદ્ધ નાળિયેર તેલ લેવું અને એક ચપટી હળદર પાવડર મિક્સ કરવો. આ મિશ્રણને સારી રીતે હલાવો અને પેસ્ટ બનાવો. તૈયાર કરેલા મિશ્રણને ચહેરા અને ગરદન પર અપ્લાય કરો અને 20 મિનિટ માટે રહેવા દો. ત્યાર પછી હળવા હાથે મસાજ કરીને હૂંફાળા પાણીથી ચહેરો સાફ કરો.

## લક્કી ચાર્મ



- રુપાલી દવે

સવાર સવારમાં અજાણ્યા નંબર પરથી ફોન આવતા યામિની ને ફોન પિક કરતા ભય લાગતો હતો. તદન અપરચિત વ્યક્તિ નો દમદાર અવાજનાં પડઘા નજીક બેડરૂમ માં સૂતેલ પુત્ર સાંભળી લેશે એનો ભય લાગતો હતો.પતિદેવ સાત આઠ દિવસ થી નિયમિત વોક પર જાય છે એટલું સારું છે એની પૂછ પરછ સચાલુ કરી દેત....પરણિત સ્ત્રીઓનો આ પ્રકારનો ભય એની ઉમર ના અમુક પડાવ પર એને લાગવો સામાન્ય છે.શું થાય લગ્ન બાદ સ્ત્રી નું પત્ની બનવું એ પુરુષ ની પ્રોપર્ટી બન્યા બરોબર છે.એમાં આપણા સમાજમાં પુરુષ નાં માટે નિયમની મર્યાદા નથી, એને બધી છૂટ છે.યામિની ને અજાણ્યો ફોન આવતા ભયના માર્યા થયું કે એ પતિ પુત્ર જાત જાતના પ્રશ્નો પૂછશે તો હું શું જવાબ આપીશ? જવાબ બાદ એને સંતોષ તો મળવાનો જ નથી કેમકે પતિ પુત્ર બન્ને મારા પ્રત્યે વધારે પઝેસીવ અને આશંકિત પણ હોઈ છે ને એમને મારી ખૂબ ચિંતા રહેતી હોય છે..પણ દિલ નું શું કરવું? એને સમજાવવું અશક્ય છે.આ અજનબી અવાજ એ મારા દિલ પર કાબૂ મેળવી લીધો છે. સતત પંદર દિવસ થી આવતા ફોન ને ઘણું ઈચ્છુ છું કે કોલ કટ કરી નાખું..પણ નથી કરતી કેમ?

..મારે એની સાથે વાત નથી કરવી હોતી તોય કર્યા કરું છું.

ઘણીવાર ભય લાગે છે કે પરણિત સ્ત્રી છું 25વર્ષ નો પણ દીકરો આરાધ છે. આમપણ સ્ત્રીઓ ને માટે પ્રેમ વગેરે ઉમરનાં આ પડાવ બાદ અશક્ય લાગે છે. સમાજ માં અમુક વસ્તુ પરણિત સંસ્કારી સ્ત્રીઓ માટે બંધન રૂપ હોય છે.આમ પણ પચાસ વર્ષ બાદ પરિવાર પરત્વે નું પ્રભુત્વ એ અમુક લાગણીઓ વચ્ચે લક્ષ્મણ રેખા બની ને અંકાઈ જતી હોય છે ....

યામિની ને થયું કે અજ્ઞાત નંબર પર થી આવતા કોલ ને કટ કરી નાખું પરંતુ આ અવાજ દિલ પર વધારે પડતો હાવી થઇ ગયો હતો.યામિની એ ફોન કટ ના કર્યો.તો .નાં.. જ કર્યો..યામિની ને એનો અફસોસ પણ બિલકુલ નથી પણ મનોમન ખૂબ ખુશ હતી..કેમ?..અજનબી પ્રેમી એ એને કહ્યું કે તારો અવાજ મારા માટે લકી ચાર્મ છે એટલે બેત્રણ દિવસથી આપનો અવાજ સાંભળવા ફોન કર્યા કરું છું.યામિની ને અજનબી પ્રેમી ની વાત સાંભળી ને વર્ષો પહેલાની વાત યાદ તાજા થઈ ગઈ. નવી નવેલી દુલ્હન બની ને વીસ વર્ષે પતિગૃહે આવી હતી ત્યારે ખૂબ શરમાળ હતી નીરવની સાથે આંખ મેળવતા પણ શરમ આવતી હતી.જ્યારે એ વડીલોની માન મર્યાદા ને લીધે મારો હાથ પકડીને બેડરૂમમાં લઈ જઈને ગાલ પર હળવી કિસ કરીને કહેતા હતા કે તું મારી લક્કી ચાર્મ છો, તારા વગર અધૂરો છું.પરિવાર ના સુખ સમૃદ્ધિ માટે દોડતા નીરવ ના મુખ માંથી 'લક્કી ચાર્મ' શબ્દ ભૂલતો ગયો. નીરવના હદયનો લક્કી ચાર્મ પણ ઘરકામ ની ભાગદોડ માં શબ્દ ભૂલતો ગયો ને ગૃહસ્થીની ભાગદોડમાં એની યામિની પણ ખોવાઈ ગઈ કે એ સાસરે કોના માટે આવી હતી એ પણ ભૂલી ગઈ. નીરવ પણ પરિવારની જવાબદારીઓ ના લીધે કામની દોડભાગમા વ્યસ્ત થઈ ગયો. ગૃહિણીઓને ઘર પરિવારની સવાર થી રાત સુધી સેવાઓમાં ફુરસત નથી હોતી એટલે ' લક્કી ચાર્મ' શબ્દ કાને પડતાં જ નીરવ સાથે વિતાવેલ લક્કી દિવસો યાદ આવી ગયા. આ દિવસો પણ સમય સાથે યાદો ની ડાયરી માંથી ભૂસાઈ ચૂક્યો હતો' કેમ? એ વિશે ઘણીવાર વિચાર્યું હતું પણ જવાબ શૂન્ય..

યામની એ ઊંડો નિસાસો નાખતા કહ્યું કે એશા!!અવિરત રાત દિવસ મૃત્યુ સુધી ચાલ્યા કરતી ગૃહિણી ના પરિવાર પ્રત્યે ના સમર્પણ માં બધું બદલાઈ જતું હોય છે. બાળકો પણ બાળપણ માંથી યુવાન થતાં પોતપોતાની ગૃહસ્થી માં વ્યસ્ત થઈ જાય છે પરંતુ ગૃહિણીઓ એની ફરજ અને જવાબદારી ક્ષણવાર પણ ભૂલતી નથી.તારી યામિની ને લગ્ન બાદ ૫૫ વર્ષ એ 'લક્કી ચાર્મ' શબ્દ સાંભળતા જ લગ્ન બાદ ના દિવસો યાદ આવી ગયા.મારા પતિદેવનાં હદય નો એ સુંદર લક્કી ચાર્મ ઘર ગૃહસ્થી ની ઝંઝટ માં ખોવાઈ ગયો છે. યાર!!આરવ અને નિકિતા નામક બાળકો યુવાન થયા બાદ પણ જવાબદારી ના નામે ઝીરો છે.આ બધી પંચાત માં પાર્લર જવાનો સમય મળતો જ નથી એમાં ઉંમર કરતા આયુ વધારે લાગવા લાગી છે.એ બિચારા નો વાંક કાઢવો નકામો છે પત્ની ના મોઢા પર સ્ફૂર્તિ ઓછી ને થાક વધારે હોય છે.

એશા એ ખડખડાટ હસતા હસતા કહ્યું કે યાર યામિની, કોણે કીધું તને કે તું ઉંમર કરતા મોટી લાગે છે? આજ પણ તું યંગ એન્ડ ફિટ છો,તને પ્રથમ નજરે નિહાળી ને માન્યા માં જ ના આવે કે તું આરવ અને નિકિતા ની મમ્મી છો. પાર્લર વગેરે માં ટ્રીટમેન્ટ લેવાથી થોડું બ્યુટીફુલ દેખવાય છે. બ્યુટી તો નમણાશ થી જ વધારે ખીલે છે,તારી મોટી કાળી આંખોં અને લાંબા વાળ સુંદરતા માટે કાફી છે. યામિની સહેજ શરમાઈને ધીમી બોલી કે ખરેખર એશા, મને એ દમદાર અવાજ માં બોલેલ 'લકી ચાર્મ' સાંભળી ને થયું કે મે આ અવાજ અગાઉ ક્યાંક સાંભળ્યો છે અવાજ મા બોલાયેલ 'લકી ચાર્મ' શબ્દ દિલથી ગમ્યો.શું ખબર કોણ છે? નિયમિત ત્રણચાર દિવસ થી અજાણી વ્યક્તિ ના આવતા થી ગુસ્સે થવાના બદલે ખુશી થાય છે.વર્તમાન માં કોલેજમાં ભણતી યુવતી નથી, છતાંય વિચારું છું કે સ્ત્રીઓનો ચાર્મ અમુક આયુ માં ઓસરી જવો અશક્ય છે ઈશ્વર એ સ્ત્રી ની રચના જ માયા સ્વરૂપે રચી છે એટલે....

એશા એ યામિની સાથે મજાક મસ્તી કરતા ખડખડાટ હસતા હસતા પૂછ્યું કે દમદાર અવાજ વાળો મર્દ કોણ છે? જાણું તો ખરી મારી સખી ના નાજુક દિલ પર કબજો જમાવી દિધો છે. બોલ..બોલ. યામિની શરમાતા શરમાતા ધીમેથી બોલી કે છે કોઈ અજનબી પ્રેમી..એકદમ અલગ દિવસ રાત ફોન કર્યા કરે છે..અવાજ સાંભળવો ગમે છે ને સાંભળી ને લાગે છે કે અવાજ ને ઓળખું છું.એશા એ પૂછ્યું કે શું? સાંભળી ને લાગે છે.તુ એને જનમોજનમ થી ઓળખે છે રાઈટ. યામિની એ એશા ને શરમાતા શરમાતા ધીમેથી કહ્યું 'હા'...

....પત્ની ને મોબાઈલ પર એની ફ્રેન્ડ એશા સાથે વાત કરતા સાંભળી નીરવને મનોમન હસવું આવતા બોલ્યો કે યામિની..યામિની તુ બિલકુલ નથી બદલાઈ.તારું સૌંદર્ય અને ભોળપણ લગ્ન ના 30 વર્ષે પણ અકબંધ રહ્યું છે.પચાસ વર્ષ બાદ સ્ત્રીઓની સમજણ વધે અને સૌંદર્ય ઘટવા લાગે છે પરંતુ આ ૫૫વર્ષે પણ તારું સૌંદર્ય વધારે સોળ વર્ષની યુવતી જેવું નીખર્યું છે ને તારા નિખાલસ મુગ્ધ હાસ્ય માં ખોવાઈ ને ડૂબી જવાનું મન થાય છે.અજનબી વ્યક્તિની સાથે વાત કર્યા કરે છે ને ૩૫ વર્ષ ના લગ્ન જીવન માં રાત દિવસ સતત સાંભળ્યા કરે છે છતાંય અવાજ ને ઓળખી શકતી નથી.. ઓફિસ બ્રેક માં નિયમિત યામિની ને ફોન કર્યા કરું છું છતાંય એ ક્યારેય મારો અવાજ ઓળખી શકતી નથી.વર્તમાન માં અજનબી પ્રેમી બન્યા બાદ યામિની સાથે ફરી સગાઈ થઈ હોય એવું લાગે છે..

જૂના સમયમાં મોબાઈલ નહતા ત્યારે પણ મોટાભાગ ના દંપતીઓ ના પ્રૌઢાવસ્થા માં વસંત ની કાયમી વિદાઈ નહતી થતી.બાહર કામસર ફરતા પુરુષ ના માટે સવારે ઊઠીને રાત સુધી બધું અવનવું હોય છે જ્યારે ગૃહિણીઓ ની રૂટિન લાઈફ માં બધું એક નું એક રહેતા અમુક ઉંમરે એનું જીવન મશીન માફક બની જતું હોય છે.આ સમય માં પુરુષ એ પત્ની ના જીવનમાં પુનઃ રોમાન્સ લાવવા પ્રયત્ન કરવા જોઈએ.પત્ની ની રૂટિન નીરસ લાઈફ માં વસંત ઋતુ નું આગમન થશે તો પ્રૌઢ અવસ્થામાં પત્ની નો વિશ્વાસ અને પ્રેમ મળતા વૃધ્ધાવસ્થા પણ ખુશખુશાલ વિતશે..આધુનિક યુગમાં મોબાઈલની તાકાત થી નીરવ એની પરિવાર મા ખોવાઈ ને ગુમ થયેલ પત્ની યામિની નો પ્રેમી પતિ બનવામાં સફળ થયો છે. પ્રૌઢ અવસ્થામાં સારા મિત્ર ની જરૂર વધારે હોય છે,મિત્રતા પત્ની સાથે થાય તો સમજો સોને પે સુહાગા.






# રિલીઝ થયાના કલાકોમાં જ HDમાં લીક થઈ શાહિદ કપૂરની ફિલ્મ 'દેવા', મેકર્સને થઈ શકે છે મોટું નુકસાન

**વર્ષ 2025ની સૌથી મોટી ફિલ્મોમાંની એક શાહિદ કપૂરની ફિલ્મ 'દેવા' રિલીઝ થયાના થોડા કલાકો બાદ તરત જ ઓનલાઈન લીક થઈ ગઈ છે. અને તે પણ HD ફોર્મમાં લીક થઈ છે, જેના કારણે હવે મેકર્સને ભારે નુકસાનનો સામનો કરવો પડી શકે છે. આ ફિલ્મ 31 જાન્યુઆરીએ થિયેટરોમાં રિલીઝ થઈ હતી. ફિલ્મના રિવ્યુ આવવાનું શરૂ થયું હતું અને તે દરમિયાન તેના લીકના સમાચાર સામે આવ્યા છે.**

**ડાઉનલોડ કરવા વિવિધ કીવર્ડ્સ દ્વારા ગૂગલ પર સર્ચ થઈ રહ્યું છે |** ફિલ્મમાં શાહિદ કપૂરને પોલીસના રોલમાં જોવા મળે છે અને ચાહકો તેને પોલીસ યુનિફોર્મમાં જોઈને ખૂબ જ ખુશ થઈ રહ્યા છે. થિયેટરોમાં દર્શકોની ભીડ એકઠી થાય તે પહેલાં જ આ ફિલ્મ ઓનલાઈન લીક થઈ ગઈ છે. એક રિપોર્ટ પ્રમાણે 'દેવા' ફિલ્મ ડાઉનલોડ કરવા માટે અલગ અલગ કીવર્ડ્સ દ્વારા ગૂગલ પર સર્ચ કરવામાં આવી રહ્યું છે.

**ફિલ્મમાં શાહિદ પોલીસના રોલમાં જોવા મળી રહ્યો છે |** ફિલ્મ વિશે વાત કરીએ તો 'દેવા' એક એક્શન ફિલ્મ છે, જેમાં શાહિદ પોલીસના રોલમાં જોવા મળી રહ્યો છે, જ્યારે પૂજા હેગડે એક પત્રકારની ભૂમિકામાં જોવા મળે છે. તેમની સાથે ગિરીશ કુલકર્ણી અને કુબ્રા સૈત પણ ફિલ્મમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકામાં જોવા મળે છે. 'દેવા' નું નિદર્શન મલયાલમ ફિલ્મ નિર્માતા રોશન એન્ડ્રૂઝ દ્વારા કરવામાં આવ્યું છે.

**ફિલ્મમાં શાહિદની એન્ટ્રી એક ડાન્સ સાથે થાય છે |** ફિલ્મના ટ્રેલરથી લઈને દરેક ગીતો હિટ ગયા છે. હવે, આ ફિલ્મ પણ હિટ થવાની આશા છે, કારણ કે, ફિલ્મની ઘણી પ્રશંસા થઈ રહી છે. ફિલ્મમાં શાહિદની એન્ટ્રી એક ડાન્સ સાથે થાય છે અને પોલીસ અધિકારીની ભૂમિકામાં તેની એક્શન દર્શકોને ચુંબકની જેમ પોતાની સીટ પર બાંધીને રાખે છે.

**પહેલા દિવસે આટલું હોઈ શકે છે ફિલ્મનું કલેક્શન |** એક અંદાજ પ્રમાણે ફિલ્મ 'દેવા' ની શરૂઆત ધીમી રહેશે અને શરૂઆતના દિવસોમાં લગભગ 5-10 કરોડ રૂપિયાની કમાણી કરી શકે છે. ટ્રેડ એનાલિસ્ટના મતે એડવાન્સ ટિકિટનું વેચાણ લગભગ રૂ. 1.7 કરોડ હોઈ શકે છે.




### એ આર રહેમાનનું આઈકોનિક મ્યુઝિક અને અરિજિત સિંહના સૂરીલા અવાજે

## છત્રપતિ સંભાજી મહારાજ અને મહારાણી યેસુબાઈના શાશ્વત બંધનને છાવાના 'જાને તુ' સાથે જીવંત બનાવ્યું!




(એજન્સી) મુંબઈ | તા.01

એકેડેમી એવોર્ડ વિનર દિગ્ગજ એ આર રહેમાન અને ભારતના સૌથી વધુ લોકપ્રિય ગાયક અરિજિત સિંહ, બહુપ્રતિક્ષિત ફિલ્મ 'છાવા' ના 'જાને તુ' ગીત માટે ફરી એક સાથે આવ્યા છે. આ મંત્રમુગ્ધ કરી દેતું ગીત, છત્રપતિ સંભાજી મહારાજ અને મહારાણી યેસુબાઈના શાશ્વત બંધનનું વર્ણન કરે છે, જેમાં અનુક્રમે વિકી કૌશલ અને રશ્મિકા મંદાના જોવા મળી રહ્યાં છે. 'છાવા', જે વિઝનરી દિનેશ વિજન અને મેડોક ફિલ્મ્સ દ્વારા નિર્મિત છે અને પ્રતિભાશાળી લક્ષ્મણ ઉતેકર દ્વારા દિગ્દર્શિત છે, તે ભારતના ઈતિહાસના એક પ્રતિષ્ઠિત વ્યક્તિત્વને એવી રીતે જીવંત કરે છે જે પહેલાં ક્યારેય જોવા મળ્યું નથી. આ ફિલ્મ 14 ફેબ્રુઆરીએ વિશ્વભરના સિનેમાઘરોમાં રિલીઝ થવાની તૈયારીમાં છે.આ ગીતને હૈદરાબાદમાં સ્ટારકાસ્ટે તેમના ચાહકો અને મીડિયા વચ્ચે લોન્ચ કર્યું હતું. ગીતના ટીઝરને પહેલાથી જ જોરદાર પ્રતિસાદ મળ્યો છે, અને આખો ટ્રેક ચોક્કસપણે ઉત્સાહ પર ખરો ઉતરી એક અવિસ્મરણીય અનુભવ આપશે. 'જાને તુ' એક એવું ગીત છે જે એક એવા બંધનની લાગણીઓને પ્રતિબિંબિત કરે છે જેણે વિઘ્નો વચ્ચે વિજય મેળવ્યો છે. એ.આર. રહેમાનના કોમ્પોઝિશનમાં તેમની ટ્રેડમાર્ક પ્રતિભા છે - ખંતીલી, અલૌકિક,છતાં સાર્વત્રિક. ઈર્શાદ કામિલના કાવ્યાત્મક શબ્દો સાથે, આ ગીત પ્રેમની સુંદરતાને મઢે છે અને અરિજિત સિંહના હૃદયસ્પર્શી કંઠથી પ્રેક્ષકોમાં પ્રેમની લહેર પેદા કરવા માટે તૈયાર છે. એ.આર. રહેમાને જણાવ્યું, "જાને તુ માટે, હું ઈચ્છતો હતો કે સંગીત છત્રપતિ સંભાજી મહારાજ અને મહારાણી યેસુબાઈ વચ્ચેના શાશ્વત ભક્તિ જેવા પ્રેમનો પડઘો પાડે, અને સાથેસાથે આધુનિક આત્મા સાથે પણ વાત કરે.

## એક્શન ફિલ્મમાં સમાંથાની એન્ટ્રી



(એજન્સી) મુંબઈ | તા.01

એક્શન મુવીમાં દક્ષિણ ભારતીય ફિલ્મની અભિનેત્રી સમાંથાની એન્ટ્રી થઈ છે. આ ફિલ્મ સમાંથાના અન્યો ફિલ્મો કરતા અલગ રહેશે. "રક્તબ્રહ્માંડ" નામની ફિલ્મ માટે સમાંથાએ ટ્રેનિંગ લેવાનું પણ શરુ કર્યુ છે. આ ફિલ્મમાં તેના એક્શન સીન આલિયા ભટ્ટ અને દિપીકા પાદુકોણની એક્શન મુવીને પણ ટક્કર આપશે. એક્શન ફિલ્મ "રક્તબ્રહ્માંડ"માં આદિત્ય રોય કપૂર પણ જોવા મળશે. આ ફિલ્મના અન્ય કલાકારો પણ પોતાનો દમખમ બતાવશે. સાઉથની ફિલ્મો હોય કે બોલીવુડની હવે હિરો સાથે હિરોઈન પણ એક્શન સીન આપતી નજર પડે છે. 'પઠાણ'માં દીપિકા પાદુકોણ જબરદસ્ત ફાઈટ સિક્વન્સ અને એક્શન કરતી જોવા મળી હતી. તે જ સમયે, આલિયા ભટ્ટ YRF સ્પાય યુનિવર્સની ફિલ્મ 'આલ્ફા'માં વિસ્ફોટક એક્શન કરતી જોવા મળશે. હવે એક્શન અભિનેત્રીઓની રેસમાં સાઉથ સ્ટાર સામંથા રૂથ પ્રભુનું નામ પણ સામેલ થઈ ગયું છે. સમાંથા 'રાક્ટ યુનિવર્સ: ધ બ્લડી કિંગડમ'માં પ્રવેશી છે. 'સિટાડેલ: હની બની'માં એક્શન બતાવ્યા પછી, હવે સામન્થાએ પોતાનો આગામી પ્રોજેક્ટ એક્શન તરીકે પસંદ કર્યો છે. આ શ્રેણીમાં આદિત્ય રોય કપૂર મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. આદિત્યનું પાત્ર પણ ખૂબ જ વિસ્ફોટક બનવાનું છે. આદિત્યએ તાજેતરમાં જ ફિલ્મનું એક્શનથી ભરપૂર પહેલું શેડ્યૂલ પૂર્ણ કર્યું છે. આ હાઈ-ઓક્ટેન એક્શન થ્રિલરમાં પોતાના પાત્રને સંપૂર્ણ બનાવવા માટે, આદિત્યએ તલવાર, શસ્ત્રો અને માર્શલ આર્ટ્સની તાલીમ લીધી છે.'રક્ત બ્રહ્માંડ: ધ બ્લડી કિંગડમ'માં આદિત્ય રોય કપૂર અને સમાંથા ઉપરાંત, મિર્ઝાપુર ફેમ અલી ફઝલ, વામિકા ગબ્બી જેવા સ્ટાર્સ મહત્વપૂર્ણ ભૂમિકાઓ ભજવતા જોવા મળશે. આ શ્રેણી 2025માં નેટફ્લિક્સ પર સ્ટ્રીમ થશે. આ શ્રેણીનું દિગ્દર્શન 'તુમ્બાડ' ફેમ રાહી અનિલ બર્વે કરશે.

## રેપર રફ્તારે છૂટાછેડાના પાંચ વર્ષ બાદ કર્યા બીજા લગ્ન, પત્ની મનરાજ સાથેના વેડિંગ ફોટોઝ વાઈરલ



મુંબઈ : તમંચે પે ડિસ્કો, ધાકડ અને ઐસા મેં શૈતાન જેવા સુપરહીટ ગીતો માટે જાણીતા ફેમસ રેપર અને સિંગર રફ્તાર કથિતરીતે પોતાની પહેલી પત્ની કોમલ વોહરા સાથે ડિવોર્સ લીધાના 5 વર્ષ બાદ ફેશન સ્ટાઈલિસ્ટ મનરાજ જવંદા સાથે લગ્નના બંધનમાં બંધાઈ ચૂક્યો છે. સોશિયલ મીડિયા પર તેના લગ્નની ઘણી બધી તસવીરો વાઈરલ થઈ રહી છે, જે તેના ચાહકો શેર કરી રહ્યાં છે અને તેને લગ્નની શુભકામનાઓ પણ આપી રહ્યાં છે. જોકે, રફ્તાર કે મનરાજ તરફથી તેમના લગ્નની તસવીરો હજુ શેર કરવામાં આવી નથી.તેમના લગ્નમાં તેમના પરિવારના અને નજીકના લોકો નજર આવી રહ્યાં છે. ચાહકો તેમના આમ અચાનક લગ્નને લઈને ખૂબ ચોંકી ગયા છે.


રફ્તાર કે મનરાજ તરફથી તેમના લગ્નની તસવીરો હજુ સુધી શેર કરવામાં આવી નથી પરંતુ ચાહકો એ જાણવા આતુર છે કે શું હકીકતમાં બંનેએ લગ્ન કરી લીધા છે. આ સાથે જ ચાહકો તેમના લગ્નની શુભકામનાઓ પણ આપી રહ્યાં છે. આ પહેલા બંનેના લગ્નનું આમંત્રણ કાર્ડ પણ સોશિયલ મીડિયા પર વાઈરલ થયુ હતુ, જેમાં રફ્તાર અને મનરાજનું નામ લખેલું છે.રેપર રફ્તાર, જેનું અસલી નામ દિલિન નાયર છે. જેણે 31 જાન્યુઆરી શુક્રવારે પોતાના પરિવાર અને નજીકના મિત્રોની વચ્ચે મનરાજ સાથે લગ્ન કર્યાં. તેમના લગ્નની એક તસવીર સોશિયલ મીડિયા પર ખૂબ પસંદ કરવામાં આવી રહી છે. બંનેએ સાઉથ ભારતીય રીતિ-રિવાજો અનુસાર લગ્ન કર્યાં. જેમાં તે અને તેમની પત્ની પારંપરિક વસ્ત્રોમાં નજર આવી રહ્યાં છે.

ફોટોમાં રફ્તાર, મનરાજના ગળામાં મંગળસૂત્ર બાંધતા નજર આવી રહ્યાં છે.વાઈરલ તસવીરોમાં રફ્તાર અને મનરાજ એકબીજાને પ્રેમથી દેખતાં નજર આવી રહ્યાં છે. બંને માટે આ એક ખૂબ સુંદર ક્ષણ છે. જેમાં તે સાથે ખૂબ ખુશ નજર આવી રહ્યાં છે. તેમના નજીકના લોકો બંને પર ફૂલ વરસાવતાં નજર આવી રહ્યાં છે. તેમના ચાહકો તેમના લગ્નથી ખૂબ ખુશ છે અને સોશિયલ મીડિયા દ્વારા તેમને લગ્નની ખૂબ શુભકામનાઓ આપી રહ્યાં છે અને ઈચ્છે છે કે બંને પોતે પોતાના લગ્નની તસવીરો શેર કરે.રફ્તાર અને મનરાજ જવંદાએ એકબીજાને 2023માં ડેટ કરવાનું શરૂ કર્યું હતું, તે બાદ બંનેએ આજે 31 જાન્યુઆરી, 2025ની સવારે એકબીજાને જીવનસાથી તરીકે અપનાવી લીધા છે. આ રફ્તારના બીજા લગ્ન છે. આ પહેલા રફ્તારના પહેલા લગ્ન 2016માં કોમલ વોહરા સાથે થયા હતા. જોકે, બંનેનો સંબંધ વધુ સમય સુધી ચાલી શક્યો નહીં. બંનેના ડિવોર્સ 2022માં થઈ ગયા હતા.

## મિસ્ટ્રી વૂમનના પ્રેમમાં પડ્યો આમિર ખાન? 59ની વયે ત્રીજા લગ્નની તૈયારી! ડેટિંગ લાઈફ ચર્ચામાં

(એજન્સી) મુંબઈ | તા.01

બોલિવૂડ મિસ્ટર પરફેક્શન આમિર ખાનની પ્રોફેશનલ જર્ની શાનદાર રહી છે. પરંતુ પર્સનલ લાઈફમાં એક્ટરને ખૂબ જ ઉતાર-ચઢાવનો સામનો કરવો પડ્યો છે. આમિર ખાનના બે લગ્ન તૂટી ગયા છે. પરંતુ હવે ફરી એકવાર આમિર પોતાની લવ લાઈફને લઈને ચર્ચામાં જોવા મળ્યા છે. રિપોર્ટ પ્રમાણે આમિર ખાનને બેંગ્લુરુમાં રહેતી મિસ્ટ્રી વૂમન સાથે પ્રેમમાં છે. તેમજ આમિર પરિવારને પણ આ છોકરીનો પરિચય કરાવ્યો છે. મળતી માહિતી પ્રમાણે આમિર ખાન સિરિયસલી આ મિસ્ટ્રી વૂમન સાથે રિલેશનશીપમાં છે. જોકે, હજુ સુધી કોઈ સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યું નથી. આમિરે હાલમાં જ આખા પરિવારને નવી પ્રેમિકાનો પરિચય કરાવ્યોફિલ્મફેરના રિપોર્ટ પ્રમાણે 59 વર્ષીય આમિર ખાન મિસ્ટ્રી વૂમન સાથે સિરિયસલી સંબંધમાં છે. બંને વચ્ચેનો સંબંધ ખૂબ જ મજબૂત છે. સૂત્રો દ્વારા મળતી માહિતી પ્રમાણે, આમિરની નવી પ્રેમિકા બેંગ્લોરની છે. આપણે તેમની પ્રાઈવસીનું પણ ધ્યાન રાખવું જોઈએ અને તેમની અંગત વિગતો જાહેર ન કરવી જોઈએ. આમિરે હાલમાં જ આખા પરિવારને તેની નવી પ્રેમિકાનો પરિચય કરાવ્યો છે. સૂત્રો દ્વારા મળતી માહિતી પ્રમાણે દરેક સભ્યો સાથે મુલાકાત ખૂબ સારી રહી હતી.આમિરના લગ્ન જીવનની વાત કરીએ તો, તેણે પહેલા લગ્ન 1986 માં રીના દત્તા સાથે કર્યા હતા. આ લગ્નથી આમિરને બે બાળકો છે - આયરા અને જુનૈદ. પરંતુ 2002 માં બંનેના છૂટાછેડા થઈ ગયા. આ પછી આમિરે 2005 માં કિરણ રાવ સાથે લગ્ન કર્યા. આ લગ્ન પણ લાંબા સમય સુધી ટકી શક્યા નહીં. બંનેએ 2021 માં છૂટાછેડાની જાહેરાત કરી. આ લગ્નથી આમિરને એક પુત્ર આઝાદ છે.હવે આમિર ત્રીજી વખત લગ્ન કરશે કે નહીં, તે અંગે તો માત્ર અભિનેતા જ કહી શકે છે, કારણ કે હજુ સુધી તેણે તેના સંબંધોના સમાચારની પુષ્ટિ કરી નથી.



## સોઢીની મુલાકાત બાદ મીકાએ કહ્યુ "સારા દિવસ આવી રહ્યા છે."

મુંબઈ : તારક મહેતા કા ઉલ્ટા કા ચશ્મા સિરીયલમાં સોઢીનું પાત્ર ભજવતા ગુરુચરણને ગાયક મીકા સિંહનો સાથ મળ્યો છે. સોશિયલ મીડિયાના વીડિયોમાં આ બંને વચ્ચેની મુલાકાત બતાવવામાં આવી છે. સોશિયલ મીડિયા પર ગુરુચરણ અને મીકા સિંહનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે. ગુરુચરણ એટલે કે સોઢીએ આ મુલાકાત બદલ ગાયક મીકા સિંહનો આભાર વ્યક્ત કર્યો હતો.તારક મહેતા કા ઉલ્ટા ચશ્મામાં રોશન સિંહ સોઢીનું પાત્ર ભજવનાર ગુરચરણ સિંહ ખરાબ તબિયતના કારણે પીડાઈ રહ્યા છે. અભિનેતાને તાજેતરમાં ગંભીર સ્થિતિના કારણે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા અને તેમણે તેમની હાલત ગંભીર ગણાવી હતી. તેમના નજીકના મિત્ર ભક્તિ સોનીએ જણાવ્યું કે ગુરુચરણ મે 2024માં ઘરે પાછા ફર્યા પછી ખોરાક ખાવાનું બંધ કરી દીધું હતું. જો કે હવે એક સકારાત્મક અપડેટ છે તે આખરે ફરીથી ખાવાનું શરૂ કરવા માટે સંમત થયા છે. જે સ્વસ્થ થવાનો આશાસ્પદ સંકેત છે. વધુમાં, ભક્તિએ ખુલાસો કર્યો કે ગુરુચરણ ટૂંક સમયમાં કામ શરૂ કરવા માટે મુંબઈ પાછો ફરશે. અભિનેતા તાજેતરમાં જ લોકપ્રિય ગાયક મીકા સિંહને મળ્યો હતો. એક ઓનલાઈન વિડીયોમાં તેમની મીટિંગ જોવા મળે છે. જેમાં ગુરચરણ મીકાના સમર્થન બદલ આભાર વ્યક્ત કરે છે. બદલામાં, મિકાએ તેમને ખાતરી આપી કે સારા દિવસો આવી રહ્યા છે. ગુરુચરણને આર્થિક મદદની જરૂર નથી, પણ ભક્તિ આગ્રહ રાખે છે કે તેને ખરેખર કામની જરૂર છે.

## 8 વર્ષથી અટકી પડેલી ગુલશન કુમારની બાયોપિક ફરી પાટે ચઢી



મુંબઈ : ટી સીરીઝના માલિક અને ભૂષણ કુમારના પિતા ગુલશન કુમારની બાયોપિક 'મોગલ' પર હવે ફરી કામ શરૂ થયું છે. આ ફિલ્મ માટે હવે દિગ્દર્શક તરીકે તુષાર હીરાનંદાનીને સુકાન આપવામાં આપવામાં આવ્યું છે. હાલ આ દિગ્દર્શક લેખકો અને ભૂષણ કુમાર સાથે ફિલ્મની સ્ક્રિપ્ટની તૈયારી કરી રહ્યો છે. તેથી હવે આ ફિલ્મ ફરી ટ્રેક પર આવી છે. ફિલ્મની સ્ક્રિપ્ટ તૈયાર થયા પછી જ ફિલ્મના કલાકારોની પસંદગી કરવામાં આવશે. રસપ્રદ છે કે, આ બાયોપિકની ઘોષણા લાંબા સમય પહેલા કરવામાં આવી હતી. જેમાં સુભાષ કપૂરના દિગ્દર્શનમાં અક્ષય કુમાર મુખ્ય રોલ કરવાનો હતો. પરંતુ મતભેદોના કારણે ફિલ્મનું કામ અટકી ગયુ હતું. આ પછી સુભાષ કપૂરનું નામ મી ટુ આંદોલનમાં સપડાયા પછી તે ા ફિલ્મથી દૂર થઈ ગયો હતો.

### વિવાદાસ્પદ પોસ્ટ સામે વિરોધ

## સ્વરા ભાસ્કરનું એક્સ એકાઉન્ટ કાયમી ધોરણે સસ્પેન્ડ



મુંબઈ : સ્વરા ભાસ્કરનું એક્સ એકાઉન્ટ કાયમી ધોરણે સસ્પેન્ડ કરી દેવાયું છે. તેણે રિપબ્લિક ડે તથા ગાંધી નિર્વાણ દિનને સાંકળીને એક પોસ્ટ કરી હતી. જેની સામે વાંધો લેવાતાં તેનું એકાઉન્ટ સસ્પેન્ડ કરી દેવાયું છે. સ્વરાએ ઈન્સ્ટાગ્રામ પર તેને એક્સ દ્વારા મળેલી નોટિસના બે સ્ક્રીનશોટ્સ પોસ્ટ કર્યા છે. સ્વરાએ પોતે પોતાની પોસ્ટસનો બચાવ પણ કર્યો છે. ઉલ્લેખનીય છે કે સ્વરા એક્સ પર સૌથી સક્રિય બોલીવૂડ કલાકારોમાંની એક છે. જોકે, તેની ડાબેરી વિચારધારાને કારણે તે અવારનવાર જમણેરી જૂથોનું નિશાન બનતી રહે છે. તેની આ બંને પોસ્ટસ સામે પણ જમણેરી જૂથોએ વાંધો લીધો હોવાનું મનાય છે.

# અભિનેતાઓ કરતાં પણ ત્રણ ગણી ફી લેશે પ્રિયંકા ચોપડા



(એજન્સી) મુંબઈ | તા.01

વિશ્વ વિખ્યાત અભિનેત્રી પ્રિયંકા ચોપડા હોલિવૂડ બાદ લગભગ નવ વર્ષ પછી ભારતીય સિનેમામાં વાપસી કરવાની તૈયારી કરી રહી છે. લાંબા સમય પછી તેણે કોઈ ભારતીય ફિલ્મને સાઈન કરી છે. તેને સાઉથમાં ડાયરેક્ટર એસ.એસ રાજામૌલીની આગામી ફિલ્મ 'એસએસએમબી 29'ની ફિલ્મ સાઈન કરી છે. આ ફિલ્મમાં પ્રિયંકા તેલુગુ સુપરસ્ટાર મહેશ બાબુ સાથે જોવા મળશે. આ દરમિયાન કહેવામાં આવી રહ્યું છે કે, પ્રિયંકાએ આ ફિલ્મ માટે ભારી ધરખમ ફી વસૂલી છે. એક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે, ફિલ્મ 'એસએસએમબી 29' માટે પ્રિયંકાએ 30 કરોડ રૂપિયા ફી વસૂલી છે. જે કોઈ પણ ભારતીય અભિનેત્રી દ્વારા અત્યાર સુધીમાં લેવામાં આવેતી ફી કરતા અનેક ઘણી વધુ છે. આ પહેલા દીપિકા પાદુકોણે ફિલ્મ 'પદ્માવત' માટે 13 કરોડ રૂપિયા ફિલ્મ લીધી હતી. જે તે સમયે કોઈ મહિલા અભિનેત્રી દ્વારા લેવામાં આવેલી સૌથી વધુ ફી હતી. આ ફિલ્મ માટે પુરુષ અભિનેતા રણવીર સિંહ અને શાહિદ કપૂરે 10-10 કરોડ રૂપિયા ફી લીધી હતી. એ સમયે દીપિકા પછી પ્રિયંકા સૌથી વધુ ફી લેનારી ટોપ પેઈડ અભિનેત્રીની લીસ્ટમાં ટોપના સ્થાન પર હતી. ત્યારે હવે પ્રિયંકા આ ફિલ્મ માટે અભિનેતાઓ કરતા ત્રણ ગણી ફ લેશે તેવું કહેવાઈ રહ્યું છે. પ્રિયંકાના સ્ટારડમમાં ઘણો પાવર છે. તેની ફેન ફોલોઈંગ પણ આંતરરાષ્ટ્રીય સ્તરની છે. તેણે હોલિવૂડ માં અનેક મોટી ફિલ્મમાં કામ કર્યું છે અને તે ફિલ્મો સુપરહિટ રહી હતી. હવે રાજામૌલીની ફિલ્મમાં તેની એન્ટ્રી સાથે આંતરરાષ્ટ્રીય સ્તરે ફિલ્મનું સ્તર પણ વધી ગયું છે. જો આપણે ફિલ્મ 'એસએસએમબી 29'ની વાત કરીએ તો મહેશ બાબૂ, પ્રિયંકા ચોપડા સિવાય સાઉથનો અભિનેતા પૃથ્વીરાજ સુકુમાર પણ જોવા મળશે. કહેવામાં આવી રહ્યું છે કે, આ ફિલ્મનું શૂટિંગ એપ્રિલ મહિનાથી શરુ થશે અને વર્ષ 2027માં ફિલ્મ રિલીઝ થઈ શકે છે.

## રાજામૌલીની આ ફિલ્મમાં કરશે કામ

# ભારતે ચોથી T20 15 રનથી જીતી:સિરીઝમાં 3-1ની અજેય




(એજન્સી) પૂર્ણે તા 01

ભારતે ચોથી T20માં ઈંગ્લેન્ડને 15 રનથી હરાવ્યું છે. આ સાથે, ટીમે 5 મેચની સિરીઝમાં 3-1ની અજેય લીડ મેળવી લીધી છે. પુણેના MCA સ્ટેડિયમમાં ઈંગ્લેન્ડે બોલિંગ કરવાનો નિર્ણય લીધો. ભારતે 9 વિકેટ ગુમાવ્યા બાદ 181 રન બનાવ્યા. ઈંગ્લેન્ડની ટીમ 166 રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારત તરફથી શિવમ દુબેના કન્કશન સબસ્ટિટ્યૂટ હર્ષિત રાણાએ 3 વિકેટ ઝડપી. રવિ બિશ્નોઈએ પણ 3 વિકેટ લીધી. વરુણ ચક્રવર્તીએ 2 વિકેટ લીધી. અર્શદીપ સિંહ અને અક્ષર પટેલને 1-1 વિકેટ મળી. બેટિંગમાં હાર્દિક પંડ્યા અને શિવમ દુબેએ 53-53 રન બનાવ્યા.ભારત તરફથી 20મી ઓવરમાં અર્શદીપ સિંહ બોલિંગ કરવા આવ્યો. તેણે 19 રનને ડિફેન્ડ કર્યા. પહેલા 3 બોલમાં 3 રન આપ્યા બાદ, અર્શદીપે ચોથા બોલ પર સાકિબ મહમૂદને કેચ આઉટ કરાવ્યો. સાકિબની વિકેટ પડતાની સાથે જ ઈંગ્લેન્ડની ટીમ ઓલઆઉટ થઈ ગઈ. ટીમે 19.4 ઓવરમાં 166 રન બનાવ્યા.19મી ઓવરના છેલ્લા બોલ પર હર્ષિત રાણાએ પોતાની ત્રીજી વિકેટ લીધી. તેણે જેમી ઓવરટનને બોલ્ડ કર્યો. ઓવરટને 15 બોલમાં 19 રન બનાવ્યા.

**બિશ્નોઈએ ત્રીજી વિકેટ ઝડપી :** રવિ બિશ્નોઈએ 17મી ઓવરમાં ત્રીજી વિકેટ લીધી. તેણે ઓવરના પાંચમા બોલ પર જોફ્રા આર્ચરને બોલ્ડ કર્યો. આર્ચર ખાતું પણ ખોલાવી શક્યો નહીં. બિશ્નોઈએ જોસ બટલર અને બેન ડકેટને પણ પેવેલિયન મોકલ્યા હતા.17મી ઓવરના પાંચમા બોલ પર હર્ષિત રાણાએ જેકબ બેથેલને કેચ આઉટ કરાવ્યો. બેથેલે 9 બોલમાં 6 રન બનાવ્યા. હર્ષિત કન્કશન સબસ્ટિટ્યુટ તરીકે મેદાનમાં ઉતર્યો છે. તેણે લિયામ લિવિંગસ્ટનને પણ આઉટ કર્યો હતો.

**વરુણ ચક્રવર્તીને બીજી વિકેટ મળી :** 15મી ઓવરમાં વરુણ ચક્રવર્તી પોતાના સ્પેલની છેલ્લી ઓવર નાખવા આવ્યો. તેણે ત્રીજા બોલ પર હેરી બ્રુકને કેચઆઉટ કરાવ્યો અને પાંચમા બોલ પર બ્રાયડન કાર્સેને કેચઆઉટ કરાવ્યો હતો. કાર્સે 2 બોલમાં 4 રન બનાવ્યા. ચક્રવર્તીએ સિરીઝમાં 12 વિકેટ લીધી છે.

**કેપ્ટન જોસ બટલર 2 રને આઉટ :** આઠમી ઓવરમાં રવિ બિશ્નોઈએ ઈંગ્લેન્ડના કેપ્ટન જોસ બટલરને પેવેલિયન મોકલી દીધો. તેણે શોર્ટ થર્ડ મેન પોઝિશન પર બટલરને હર્ષિત રાણાના હાથે કેચ આઉટ કરાવ્યો.

# રાજકોટમાં સચિન, જયસૂર્યા અને લારા રમતા જોવા મળશે

(એજન્સી) રાજકોટ તા 01

રાજકોટ સહીત સમગ્ર સૌરાષ્ટ્રના ક્રિકેટરસિકો માટે વધુ એક વખત સારા સમાચાર સામે આવી રહ્યા છે. જાન્યુઆરીમાં ભારત ઈંગ્લેન્ડ વચ્ચે રમાયેલ મેચ બાદ ફરી ફેબ્રુઆરી મહિનામાં ક્રિકેટ ક્રિકેટ ફીવર છવાશે. જેમાં નિવૃત થયેલા અલગ અલગ 6 દેશોના ખેલાડીઓ રાજકોટ આવશે અને ટી20 મેચ રમશે. આ મેચ રમવા માટે ગોડ ઓફ ક્રિકેટ એટલે કે સચિન તેંડુલકર, બ્રાયન લારા અને મોર્ગન સહિતના ખેલાડીઓ રાજકોટ આવશે. 28 ફેબ્રુઆરીથી 7 માર્ચ વચ્ચે 6 ટી-20 મેચ રમાશે

રાજકોટ જામનગર રોડ પર આવેલ ખંઢેરી ગામ ખાતે નિરંજન શાહ ક્રિકેટ સ્ટેડિયમ પર આગામી 28 ફેબ્રુઆરીથી 7 માર્ચ સુધી અલગ અલગ 6 ટી-20 મેચ યોજાનાર છે. ઈન્ટરનેશનલ માસ્ટર્સ લીગમાં કુલ 6 ટીમ ભાગ લેશે. જેમાં ભારત, ઓસ્ટ્રેલિયા, દક્ષિણ આફ્રિકા, ઈંગ્લેન્ડ, અને વેસ્ટ ઈન્ડિઝના પૂર્વ ખેલાડીઓ ભાગ લેવા માટે રાજકોટ આવશે. ઉલ્લેખનીય છે કે ઈન્ટરનેશનલ માસ્ટર્સ લીગની મેચ રાજકોટ ઉપરાંત મુંબઈ અને રાયપુર (છતીશગઢ) ખાતે પણ રમાનાર છે.ઈન્ટરનેશનલ માસ્ટર્સ લીગમાં ભારત વતી ગોડ ઓફ ક્રિકેટ માસ્ટરબ્લાસ્ટર સચિન તેંડુલકર, પઠાણ સહિતના ખેલાડીઓ રમશે તો વેસ્ટ ઈન્ડીઝમાંથી બ્રાયન લારા, ક્રિસ ગેઈલ, વગેરે ભાગ લેશે જયારે ઈંગ્લેન્ડમાંથી ઈઓન મોર્ગન, કેવિન પીટરસન, દક્ષિણ આફ્રિકામાંથી જેક કાલિસ, જોન્ટી રોડ્સ અને શ્રીલંકામાંથી કુમાર સંગાકારા, સનથ જયસૂર્યા, તેમજ ઓસ્ટ્રેલિયામાંથી શેન વોટ્સન સહિતના ખેલાડીઓ રાજકોટમાં ટી-20 મેચ રમવા મેદાન પર ઉતરશે. ઈન્ટરનેશનલ માસ્ટર્સ લીગ ટુર્નામેન્ટની શરૂઆત 22 ફેબ્રુઆરીથી થશે જેમાં પ્રથમ 5 નિરંજન શાહ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે 28 ફેબ્રુઆરીના રોજ પ્રથમ મેચ શ્રીલંકા અને ઓસ્ટ્રેલિયા વચ્ચે, બીજો મેચ 1 માર્ચના રોજ ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ત્રીજો મેચ 3 માર્ચના રોજ દક્ષિણ આફ્રિકા અને ઈંગ્લેન્ડ વચ્ચે ચોથો મેચ 5 માર્ચ ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે પાંચમો મેચ 6 માર્ચના રોજ શ્રીલંકા અને વેસ્ટ ઈન્ડીઝ વચ્ચે જયારે અંતિમ મેચ 7 માર્ચના રોજ ઓસ્ટ્રિયા અને દક્ષિણ આફ્રિકા વ એ રમાવાની છે.



## ક્રિકેટર રિદ્ધિમાન સાહાએ ક્રિકેટને કહ્યું અલવિદા

ભારતનો પૂર્વ વિકેટકીપર અને બેટર રિદ્ધિમાન સાહાએ ક્રિકેટને અલવિદા કહી દીધું છે. તેણે પંજાબ અને બંગાળ વચ્ચે રમાયેલી રણજી ટ્રોફીમાં પોતાની કારકિર્દીની છેલ્લી મેચ રમી હતી. 40 વર્ષીય સાહા બંગાળ તરફથી રહી રહ્યો હતો. તેને ત્રણ વર્ષ પહેલા 2022માં ભારતીય ટીમમાંથી બહાર કરી દેવામાં આવ્યો હતો. એ સમયે રિદ્ધિમાન સાહાની જગ્યાએ કેએસ ભરતને તક આપવામાં આવી હતી. હવે આં અંગે સાહાએ જણાવ્યું છે કે, 'મને ટીમમાંથી બહાર કરવામાં આવ્યો હતો એ મારા માટે અન્યાય ન હતો પરંતુ ટીમના સારા મારે આવું કરવામાં આવ્યું હશે.'

# રણજી ટ્રોફી: કોહલી ચોગ્ગો ફટકાર્યા બાદ બોલ્ડ થયો:હિમાંશુએ વિકેટ લીધી



(એજન્સી) નવી દિલ્હી તા 01

વિરાટ કોહલીનું 12 વર્ષ બાદ રણજી ટ્રોફીમાં વાપસી ખાસ રહી નથી. તે 15 બોલમાં 6 રન બનાવીને આઉટ થયો હતો. તેને રેલવેના હિમાંશુ સાંગવાને બોલ્ડ કર્યો હતો. શુક્રવારે મેચના બીજા દિવસે સ્ટમ્પ સુધી, દિલ્હીએ પ્રથમ દાવમાં 334/7 રન બનાવ્યા છે. સુમિત માથુર 78 રન અને સિદ્ધાંત શર્મા 15 રન સાથે ક્રિઝ પર છે. કેપ્ટન આયુષ બદોની 99, સનત સાંગવાન 30 અને યશ ધૂલ 32 રન બનાવીને આઉટ થયા હતા. દિલ્હીએ આજે 41/1ના સ્કોરથી રમવાનું શરૂ કર્યું છે. રેલવેની ટીમ પ્રથમ દાવમાં 241 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. જ્યારે ઈન્દોરમાં મધ્યપ્રદેશના હર્ષ ગ્વાલી અને શુભમ શર્માએ બેવડી સદી ફટકારીને ટીમને મજબૂત સ્થિતિમાં પહોંચાડી દીધી છે. કર્ણાટક સામે હરિયાણાના કેપ્ટન અંકિત કુમારના 118 રનની મદદથી ટીમને પહેલી ઈનિંગમાં 232/5નો સ્કોર બનાવ્યો હતો. કોહલીએ ઈનિંગ્સની શરૂઆત રક્ષણાત્મક રીતે કરી હતી. તેણે પાંચમો બોલ કવર તરફ ધકેલીને પોતાનો પહેલો રન બનાવ્યો. વિરાટે હિમાંશુની બોલ પર સ્ટ્રેટ ડ્રાઈવ પર ફોર ફટકારી હતી.

**વિરાટે તેની છેલ્લી રણજી મેચ 2012માં રમી હતી :** કોહલીએ 2006માં તમિલનાડુ સામે રણજીમાં ડેબ્યૂ કર્યું હતું. વિરાટે તેની છેલ્લી રણજી મેચ 2012માં વીરેન્દ્ર સેહવાગની કઆગેવાનીમાં રમી હતી, જ્યારે ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર સુરેશ રૈનાએ યુપીની કમાન સંભાળી હતી. આ મેચ ગાઝિયાબાદના નેહરુ સ્ટેડિયમમાં રમાઈ હતી. કોહલીની બેટિંગ જોવા માટે 10 હજારથી વધુ દર્શકો આવ્યા હતા, પરંતુ તે આઉટ થતાં જ તેઓ નિરાશ થઈને ઘરે પરત ફર્યા હતા. દિલ્હીની પાયલે કહ્યું- 'લાંબા રાહ બાદ કોહલી બેટિંગ કરવા આવ્યો, પરંતુ તે વહેલો આઉટ થઈ ગયો. આનાથી નિરાશ થયા છીએ.'

# સચિન તેંડુલકરને લાઈફ ટાઈમ અચીવમેન્ટ એવોર્ડ અપાશે:BCCI



(એજન્સી) મુંબઈ તા 01

BCCI સચિન તેંડુલકરને આજીવન એવોર્ડ આપવા જઈ રહ્યું છે. તેંડુલકરને આ એવોર્ડ 1 ફેબ્રુઆરી, શનિવારે BCCI મુખ્ય કાર્યાલયમાં વાર્ષિક સમારંભમાં આપવામાં આવશે. બોર્ડના એક અધિકારીએ પીટીઆઈને આ વાતની પુષ્ટિ કરી છે. તેમણે કહ્યું- હા, તેમને (સચિન તેંડુલકર) સીકે નાયડુ લાઈફટાઈમ એચિવમેન્ટ એવોર્ડ આપવામાં આવશે. તેંડુલકર આ એવોર્ડ મેળવનાર 31મો ક્રિકેટર બનશે. 51 વર્ષીય તેંડુલકરે ભારત માટે 664 આંતરરાષ્ટ્રીય મેચ રમી છે. ટેસ્ટ અને વન-ડેમાં સૌથી વધુ રન બનાવવાનો રેકોર્ડ તેમના નામે છે. તેંડુલકરે 200 ટેસ્ટ મેચમાં 15,921 રન બનાવ્યા છે, જ્યારે 463 વન-ડે મેચમાં 18,426 રન બનાવ્યા છે. સચિને એક T20 આંતરરાષ્ટ્રીય મેચ પણ રમી છે. અગાઉ 2023માં, આ એવોર્ડ ભારતીય ટીમના ભૂતપૂર્વ હેડ કોચ રવિ શાસ્ત્રીને આપવામાં આવ્યો હતો. તેંડુલકરને એવોર્ડ કેમ મળશે? યુગના મહાન બેટર તરીકે ગણવામાં આવતા, તેંડુલકર બધી પરિસ્થિતિઓમાં સરળતાથી રન બનાવવા માટે જાણીતા હતા. તેમણે 1989માં 16 વર્ષની ઉંમરે પાકિસ્તાન સામે ટેસ્ટ ક્રિકેટમાં પ્રવેશ કર્યો હતો અને આગામી 20 વર્ષોમાં વિશ્વભરના બોલરો સામે રન બનાવ્યા હતા. તેના નામે ટેસ્ટ અને વન-ડેમાં સંયુક્ત રીતે 100 સદી ફટકારવાનો રેકોર્ડ પણ છે. તેંડુલકર 2011ના વર્લ્ડ કપ વિજેતા ભારતની ટીમનો મુખ્ય સભ્ય હતો. આ તેમનો રેકોર્ડ છઠ્ઠો અને છેલ્લો વર્લ્ડ કપ હતો. આ એવોર્ડ 31 વર્ષ પહેલા શરૂ થયો હતો BCCI એ 1994માં ભારતના પ્રથમ કેપ્ટન કર્નલ સીકે નાયડુના માનમાં આ એવોર્ડ શરૂ કર્યો હતો. નાયડુની પ્રથમ સિરીઝની કારકિર્દી 1916 થી 1963 સુધી 47 વર્ષની હતી. આ એક વિશ્વ રેકોર્ડ છે. નાયડુએ એડમિનિસ્ટ્રેટર તરીકે પણ સેવા આપી હતી. 1983માં ભારતની વિશ્વ ચેમ્પિયન ટીમના સભ્યો રવિ શાસ્ત્રી અને ફારૂક એન્જિનિયરને કર્નલ સીકે નાયડુ લાઈફટાઈમ એચિવમેન્ટ એવોર્ડ આપવામાં આવ્યો હતો. ફારુકે ભારત માટે 46 ટેસ્ટ અને પાંચ વન-ડે રમી હતી.

# પીઠની ઈજાને કારણે માર્શ ચેમ્પિયન્સ ટ્રોફીમાંથી બહાર

(એજન્સી) ઓસ્ટ્રેલિયા તા 01

ઓસ્ટ્રેલિયા ટૂંક સમયમાં તેના સ્થાનની જાહેરાત કરશે, ટીમની પ્રથમ મેચ 22 ફેબ્રુઆરીએ થશે ઓસ્ટ્રેલિયાના ઓલરાઉન્ડર મિચેલ માર્શ પીઠની ઈજાને કારણે ચેમ્પિયન્સ ટ્રોફી 2025માંથી બહાર થઈ ગયો છે. ઓસ્ટ્રેલિયા ક્રિકેટ બોર્ડે શુક્રવારે આ જાણકારી આપી. બોર્ડની પસંદગી પેનલ ટૂંક સમયમાં તેમની બદલીની જાહેરાત કરશે. 33 વર્ષીય માર્શે તાજેતરમાં ભારત સામેની ટેસ્ટ શ્રેણી દરમિયાન પીઠના દુખાવાની ફરિયાદ કરી હતી. તે શ્રેણીમાં તેનું પ્રદર્શન કંઈ ખાસ નહોતું અને તે સિડનીમાં રમાયેલી છેલ્લી મેચમાંથી બહાર થઈ ગયો હતો. તે મેચમાં તેના સ્થાને બ્યુ વેબસ્ટરને તક મળી હતી. ICCએ તમામ ટીમની જાહેરાત માટે છેલ્લી તારીખ 12 જાન્યુઆરી રાખી હતી. જોકે, ટીમમાં ફેરફાર 12 ફેબ્રુઆરી સુધી કરી શકાય છે, જે ICCની સમયમર્યાદા છે. આ પહેલા પણ ઓસ્ટ્રેલિયાએ માર્શના રિપ્લેસમેન્ટની જાહેરાત કરવી



પડશે. ગ્રુપ-Bમાં ઓસ્ટ્રેલિયા ઓસ્ટ્રેલિયા તેની તમામ ગ્રુપ સ્ટેજની મેચ લાહોર અને રાવલપિંડીમાં રમશે. તેને ગ્રુપ બીમાં રાખવામાં આવ્યો છે. આ ગ્રુપમાં અફઘાનિસ્તાન, ઈંગ્લેન્ડ અને દક્ષિણ આફ્રિકાનો સમાવેશ થાય છે. કેપ્ટનપદની જવાબદારી પેટ કમિન્સ પર ટીમની આગેવાની પેટ કમિન્સને સોંપવામાં આવી છે, જોકે ટુર્નામેન્ટમાં તેના રમવા અંગે શંકા છે. બોર્ડર-ગાવસ્કર ટ્રોફી દરમિયાન કમિન્સને પગની ઘૂંટીમાં ઈજા થઈ હતી. કમિન્સ તેના બીજા બાળકના જન્મ માટે શ્રીલંકા પ્રવાસ પર પણ ગયો નથી. તેની ગેરહાજરીમાં સ્ટીવ સ્મિથ બે ટેસ્ટ મેચોની કપ્તાની સંભાળી રહ્યો છે.

# વિરાટ કોહલીને ક્લીન બોલ્ડ કરનાર કોણ છે હિમાંશુ સાંગવાન?

(એજન્સી) નવી દિલ્હી તા 01

રણજી ટ્રોફીમાં 30 જાન્યુઆરીથી દિલ્હી વિરૂદ્ધ રેલવે મેચ શરૂ થઈ હતી. વિરાટ કોહલી પહેલા દિવસે બેટિંગ કરી શક્યો ન હતો, પરંતુ જ્યારે તે બીજા દિવસે બેટિંગ કરવા આવ્યો ત્યારે તે માત્ર 15 બોલ જ રમી શક્યો હતો. તેણે માત્ર 6 રન બનાવ્યા હતા. એક તરફ વિરાટ તેના ખરાબ ફોર્મને કારણે ટીકાઓનો સામનો કરી રહ્યો છે, તો બીજી તરફ તેને ક્લીન બોલ્ડ કરનાર હિમાંશુ સાંગવાન પણ ચર્ચામાં છે. આખરે કોણ છે હિમાંશુ સાંગવાન, જેના એક બોલ પર કોહલીની વિકેટ પડી ગઈ હતી. હિમાંશુ સાંગવાન, જમણા હાથના ફાસ્ટ બોલર જે રેલવે માટે રમે છે, તેનો જન્મ 2 સપ્ટેમ્બર 1995ના રોજ નજફગઢ, દિલ્હીમાં થયો હતો. તેણે દિલ્હી તરફથી રમતી વખતે 2019માં વિજય હજારે ટ્રોફીમાં લિસ્ટ-એમાં પ્રવેશ કર્યો હતો. તેણે સૈયદ મુશ્તાક અલી T20 ટ્રોફી અને રણજી ટ્રોફીમાં રમીને ફર્સ્ટ-ક્લાસમાં પણ પ્રવેશ કર્યો. ક્રિકેટમાં જોડાતા પહેલા ટિકિટ કલેક્ટર તરીકે કામ કર્યું હતું ક્રિકેટમાં જાણીતું નામ બનતા પહેલા હિમાંશુ સાંગવાન નવી દિલ્હી રેલવે સ્ટેશન પર ટિકિટ કલેક્ટર તરીકે કામ કરતા હતા. હિમાંશુની માતા ભગવાન રતિ વ્યવસાયે સ્કૂલ ટીચર છે અને પિતા સુરેન્દ્ર સિંહ સાંગવાન બેંકમાં મેનેજર તરીકે કામ કરે છે. વાસ્તવમાં તેને રેલવેમાં નોકરી વિશે એક મિત્ર દ્વારા જાણ થઈ હતી. અરજી કર્યાના 6 મહિનામાં જ તેમને ટિકિટ કલેક્ટરની નોકરી મળી ગઈ. હિમાંશુ સાંગવાનની ક્રિકેટ કારકિર્દી હિમાંશુ સાંગવાન અંડર-19 સ્તરે દિલ્હી માટે રિષભ દુર્ભાગ્યવશ, તે વધુ સફળતા મેળવી શક્યો નહીં.

# ભારત બીજીવાર U-19 વર્લ્ડ કપની ફાઈનલમાં પ્રવેશ ઇંગ્લેન્ડની મહિલા ટીમને 9 વિકેટે હરાવી

(એજન્સી) દુબઈ તા 01

પારુણિકા સિસોદિયા પ્લેયર ઓફ ધ મેચ રહી હતી. તેણે 4 ઓવરના ક્વોટામાં 21 રન આપીને 3 વિકેટ લીધી હતી. ઈંગ્લેન્ડને પાવરપ્લેમાં 2 ઝટકા લાગ્યા, 114 રનનો ટાર્ગેટ આપ્યો ટૉસ જીતીને બેટિંગ કરી રહેલી ઈંગ્લેન્ડની શરૂઆત ખાસ રહી ન હતી. પાવરપ્લેમાં ટીમે 43 રનમાં 2 વિકેટ ગુમાવી દીધી હતી. પરંતુ, ઓપનર ડેવિના પેરીનની ઈનિંગના આધારે ટીમ 100ના સ્કોર સુધી પહોંચાડવામાં સફળ રહી. પેરીને 40 બોલમાં 6 ચોગ્ગા અને 2 છગ્ગાની મદદથી 45 રન બનાવ્યા હતા. જ્યારે એબી નોર્ગોવે 25 બોલમાં 30 રન બનાવ્યા હતા. બાકીના બેટર્સ સારું પ્રદર્શન કરી શક્યા ન હતા. ભારતીય ટીમ માટે પારુણિકા સિસોદિયા અને વૈષ્ણવી શર્માએ 3-3 વિકેટ લીધી હતી. તેના સિવાય આયુષી શુક્લાને 2 વિકેટ મળી હતી. બોલર પારુણિકા સિસોદિયા સાથે વિકેટની ઉજવણી કરતી કેપ્ટન નિક્કી પ્રસાદ. બોલર પારુણિકા



સિસોદિયા સાથે વિકેટની ઉજવણી કરતી કેપ્ટન નિક્કી પ્રસાદ. ભારતની મજબૂત શરૂઆત, ઓપનરોની ફિફ્ટીની ભાગીદારી 114 રનના ટાર્ગેટને ચેઝ કરવા ઉતરેલી ભારતીય ટીમની શરૂઆત સારી રહી હતી. પર પડી હતી. અહીં જી ત્રિશા 35 રન બનાવીને આઉટ થઈ ગઈ હતી. તે ફોબી બ્રેટ દ્વારા બોલ્ડ થયો હતો. નિક્કી પ્રસાદ (કેપ્ટન), સાનિકા ચાલકે (વાઈસ-કેપ્ટન), જી ત્રિશા, કમલિની જી (વિકેટકીપર), ભાવિકા આહિરે (વિકેટકીપર), ઈશ્વરી અવસરે, મિથિલા વિનોદ, જોશિતા વીજે, સોનમ યાદવ, પારુણિકા સિસોદિયા, કેસરી દ્રિતી, આયુષી શુકન આનંદિતા કિશોર, એમડી શબનમ, વૈષ્ણવી એસ. સ્ટેન્ડબાય: નંદના એસ, ઈરા જે, અનાડી ટી.

# મેચ શરૂ થયાના 2 કલાક બાદ અચાનક જ હર્ષિત રાણાએ કર્યું ડેબ્યૂ

(એજન્સી) પૂર્ણે તા 01

ઈંગ્લેન્ડ સામેની ચોથી T20 મેચ દરમિયાન કંઈક એવું થયું જેણે ચાહકોને ચોંકાવી દીધા. મેચ શરૂ થયાને 2 કલાક વીતી ગયા હોવા છતાં હર્ષિત રાણા અચાનક ટીમ ઈન્ડિયાની પ્લેઈંગ ઈલેવનમાં જોડાઈ ગયો, જાણો કેમ થયું આવું? IND vs ENG : મેચ શરૂ થયાના 2 કલાક બાદ અચાનક જ હર્ષિત રાણાએ કર્યું ડેબ્યૂ , આ ખેલાડીના કારણે મળી તક ઈંગ્લેન્ડ સામે પુણે T20માં કંઈક એવું જોવા મળ્યું જેણે લાખો ચાહકોને આશ્ચર્યચકિત કર્યા. આ મેચમાં મેચ શરૂ થયાના બે કલાક બાદ ટીમ ઈન્ડિયાની પ્લેઈંગ ઈલેવનમાં અચાનક ફેરફાર થયો અને પહેલા બહાર બેઠેલા ખેલાડીએ




ટીમમાં પ્રવેશ કર્યો. આ ખેલાડી છે હર્ષિત રાણા, જેને પુણે T20માં કનકશન સબસ્ટિટ્યૂટ તરીકે રમવાની તક મળી હતી.રાણાને અચાનક પુણેમાં સ્થાન મળ્યું કારણ કે મેચ દરમિયાન શિવમ દુબે ઈજાગ્રસ્ત થઈ ગયો હતો. શિવમ દુબે 20મી ઓવરમાં જેમી ઓવરટોનના બોલ પર ઈજાગ્રસ્ત થયો હતો. ઈંગ્લેન્ડના આ ફાસ્ટ બોલરનું બાઉન્સર દુબેના હેલ્મેટ પર વાગ્યું હતું, જેના પછી તેણે ચક્કર આવવાની ફરિયાદ કરી હતી. પરિણામ એ આવ્યું કે તે મેચમાંથી બહાર થઈ ગયો અને તેની જગ્યાએ હર્ષિત રાણાને રમવાની તક મળી. શિવમ દુબેની બાદબાકી હર્ષિત રાણા માટે એક મોટા સારા સમાચાર બની ગઈ કારણ કે તે પ્રથમ વખત T20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમવા આવ્યો હતો. હા, આ બન્યું હર્ષિત રાણાનું T20 ઓવરના બીજા બોલ પર વિકેટ પણ લીધી. હર્ષિત રાણાએ લિવિંગ્સ્ટનને આઉટ કરીને ટીમ ઈન્ડિયાને ચોથી સફળતા અપાવી અને તે તેની પ્રથમ વિકેટ બની.

# પાકિસ્તાને જાહેર કરી ચેમ્પિયન્સ ટ્રોફીની ટીમ

(એજન્સી) લાહોર તા 01

યજમાન પાકિસ્તાને આખરે ચેમ્પિયન્સ ટ્રોફીની 15 ખેલાડીઓની ટીમ જાહેર કરી દીધી છે. ચેમ્પિયન્સ ટ્રોફીના યજમાન પાકિસ્તાને સૌથી છેલ્લે 15 સભ્યોની ટીમ જાહેર કરી છે. પાકિસ્તાની ક્રિકેટ બોર્ડે કેપ્ટન પદેથી બાબર આઝમનું પત્તું કાપ્યું છે અને તેને બદલે તાજેતરમાં ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકામાં જેમની કેપ્ટન્સી હેઠળ વનડે શ્રેણી જીતવામાં આવી હતી તે મોહમ્મદ રિઝવાનને કેપ્ટન જાહેર કરાયો છે. સ્ટાર ખેલાડી મોહમ્મદ રિઝવાનને કેપ્ટન બનાવાયો છે. છેલ્લા કેટલાક સમયથી વિવાદોમાં રહેલા ફખર જમાનને ચેમ્પિયન્સ ટ્રોફીની ટીમમાં સ્થાન મળ્યું છે. રિઝવાનની કપ્તાનીમાં પાકિસ્તાને ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકામાં વનડે શ્રેણી જીતી હતી. ખુશદિલ શાહ લાંબા સમય બાદ ક્રિકેટમાં પાછો આવ્યો છે તેને પણ ચેમ્પિયન્સ ટ્રોફીની ટીમમાં સ્થાન મળ્યું છે. આ સિવાય ટીમમાં તૈયબ તાહિર, કામરાન ગુલામ અને ઉસ્માન ખાન જેવા યુવા ખેલાડીઓ પણ છે. અબરાર અહેમદ એકમાત્ર મુખ્ય સ્પિનર છે. જ્યારે ફાસ્ટ બોલિંગમાં શાહીન શાહ આફ્રિદી, નસીમ શાહ, હરિસ રઉફ અને મોહમ્મદ હસનૈન છે. બોલિંગ ઓલરાઉન્ડર આમિર જમાલ પણ તેને સપોર્ટ કરવા હાજર છે. ફખર ઝમાન, બાબર આઝમ, સઈદ શકીલ, મોહમ્મદ રિઝવાન (કેપ્ટન) તૈયબ તાહિર, કામરાન ગુલામ, સલમાન અલી આગા, ખુશદિલ શાહ, શાહીન શાહ આફ્રિદી, નસીમ શાહ, હરિસ રઉફ, મોહમ્મદ હસનૈન, આમિર જમાલ, અબરાર અહેમદ અને ઉસ્માન ખાન.

# ચેમ્પિયન્સ ટ્રોફીની કોઈ ઓપનિંગ સેરેમની થશે નહીં:કેપ્ટનનું કોઈ ફોટોશૂટ નહીં થાય

(એજન્સી) પાકિસ્તાન તા 01

ચેમ્પિયન્સ ટ્રોફી 2025 પહેલા કોઈ ઓપનિંગ સેરેમની નહીં થાય. ICC કેપ્ટનનું કોઈ સત્તાવાર ફોટોશૂટ પણ નહીં હોય. જોકે આ ઈવેન્ટ ICC ટુર્નામેન્ટના યજમાન દેશમાં યોજાય છે, તે 1996 પછી દેશમાં પ્રથમ ICC ટુર્નામેન્ટ, પાકિસ્તાનમાં યોજાનારી ચેમ્પિયન્સ ટ્રોફીની તૈયારીઓનો ભાગ હશે નહીં. એક સૂત્રએ ક્રિકબઝને કહ્યું, 'ICC અથવા PCBએ ક્યારેય ઓપનિંગ સેરેમનીની જાહેરાત કરી નથી. કેટલીક ટીમ પાકિસ્તાન મોડી પહોંચી રહી છે, તેથી આ શક્ય નથી.' અગાઉ, ગુરુવારે, PTIએ અહેવાલ આપ્યો હતો કે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB) અને ICC ટૂંક સમયમાં ઉદ્ઘાટન સમારોહની જાહેરાત કરશે. મહારાજા રણજીત સિંહ દ્વારા બનાવવામાં આવેલા હઝુરી બાગ કિલ્લામાં તેનું આયોજન કરવામાં આવશે. ચેમ્પિયન્સ ટ્રોફી 2025 19 ફેબ્રુઆરીથી 9 માર્ચ સુધી રમાશે. ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયાની ટીમ 18 કે 19 ફેબ્રુઆરીએ લાહોર પહોંચશે. ઈંગ્લેન્ડની ટીમ હાલમાં ભારત સાથે T-20 અને ODI શ્રેણી રમી રહી છે. તે જ સમયે ઓસ્ટ્રેલિયા શ્રીલંકા પ્રવાસ પર છે. જ્યાં તેને બે ટેસ્ટ અને બે વન-ડે મેચ રમવાની છે. પ્રવાસની છેલ્લી મેચ (બીજી ODI) કોલંબોમાં 14 ફેબ્રુઆરીએ



રમાશે. ક્રિકબઝના જણાવ્યા અનુસાર, આયોજકોએ કહ્યું કે પાકિસ્તાનમાં ટીમના આગમનની અલગ-અલગ તારીખોને કારણે ઓપનિંગ સેરેમની કે કેપ્ટનનું ફોટોશૂટ શક્ય નથી. સૂત્રએ જણાવ્યું કે, ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયાની ટીમોએ લાહોર પહોંચવાના માર્ગમાં બ્રેક લીધો છે. બંને ટીમ શરૂઆતના મેચના એક દિવસ પહેલા અથવા (ફેબ્રુઆરી 19)ના દિવસે પહોંચશે, તેથી ટુર્નામેન્ટ પહેલા તમામ કેપ્ટન ઉપલબ્ધ રહેશે નહીં. આવી સ્થિતિમાં કોઈ ઓપનિંગ સેરેમની, કેપ્ટન્સનું કોઈ ફોટોશૂટ કે પ્રેસ કોન્ફરન્સ નહીં થાય.

# વનડે હોય કે ટી20 કોઈ દિવસ છગ્ગો નથી મારી શક્યા ભારતના 3 દિગ્ગજ ક્રિકેટર

(એજન્સી) નવી દિલ્હી તા 01

ક્રિકેટ ઈતિહાસના ત્રણ એવાં ચહેરા જેમણે વન-ડે અને ટી-20માં હજુ સુધી એક પણ છગ્ગો ફટકાર્યો નથી. ખાસ વાત તો એ કે, આ ત્રણેય ખિલાડી ભારતીય ક્રિકેટ ટીમના છે. આમ જોવા જઈએ તો, ભારતીય ટીમમાં એક થી એક ઘાતક બેટ્સમેનોની ફોજ છે. જો કે, આ ફોજમાં અમુક ખિલાડીઓ એવાં પણ છે કે જેઓના બેટથી હજુ સુધી એક સિક્સ પણ નીકળી નથી. 2. કુલદીપ યાદવ ભારતીય ટીમનો ચાઈનામેન બોલર કુલદીપ યાદવ ત્રણેય ફોર્મેટમાં રમે છે. ખાસ કરીને, વન-ડે અને ટી-20માં તો તે ભારતીય ટીમની પહેલી પસંદ છે. કુલદીપે ઈન્ટરનેશનલ સ્તરે 106 વન-ડે અને 40 ટી-20 મેચ રમી છે. ભારતીય બોલર ભલે નીચલા ક્રમે બેટિંગ કરવા આવતો હોય પરંતુ તેણે વન-ડે અને ટી-20માં હજુ સુધી એક છગ્ગો ફટકાર્યો નથી. લેગી સ્પિનરે 2016માં વન-ડે ક્રિકેટથી ડેબ્યૂ કર્યું હતું. ચહલને બેટિંગ કરવાની તક ઓછી મળી છે પણ જેટલી તક મળી છે, એમાં તેણે પોતાની બેટિંગથી એક છગ્ગો ફટકાર્યો નથી. જણાવી દઈએ કે, આ બોલરે




લિસ્ટ-એ અને ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટ રમતી વખતે 3 છગ્ગા ફટકાર્યા છે. ભારતીય ટીમમાં ઈશાંત શર્માનો દબદબો જોવા મળ્યો છે. ઈશાંત શર્માએ 2007માં ડેબ્યૂ કર્યું હતું અને લોર્ડસમાં ઈંગલેન્ડ સામે મેચ વિનિંગ બોલિંગ સ્પેલ કરીને ભારતીય ટીમને જીત અપાવી હતી. એક બોલર તરીકે ઈશાંત શર્માએ લોકોને ઘણા પ્રભાવિત કર્યા. ઈશાંત શર્માના નામે ટેસ્ટમાં એક અડધી સદી પણ છે. ખાસ વાત તો એ કે, આંતરરાષ્ટ્રીય સ્તરે ઈશાંત શર્માએ 199 મેચ રમી છે પણ તે એક છગ્ગો ફટકારી શક્યો નથી.

## આમા સવાર 6 લોકોનાં મોતની આશંકા; ટેકઓફની 30 સેકન્ડ પછી રહેણાક વિસ્તારમાં ઘરો પર પડ્યું

# અમેરિકાના ફિલાડેલ્ફિયામાં ચાર્ટર મેડિકલ વિમાન ક્રેશ થયું

(એજન્સી) વોશિંગ્ટન તા 01

અમેરિકાના પેન્સિલવેનિયાના ફિલાડેલ્ફિયામાં શનિવારે સવારે એક નાનું મેડિકલ વિમાન ક્રેશ થયું. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ફિલાડેલ્ફિયાથી મિઝોરી જઈ રહેલા વિમાનમાં સવાર તમામ 6 લોકોનાં મોતની આશંકા છે. આમાં બે ડોક્ટર, બે પાઈલટ, એક દર્દી અને એક ફેમિલી મેમ્બર સામેલ છે. ફેડરલ એવિયેશન એડમિનિસ્ટ્રેશન (FAA) અનુસાર, લિયરજેટ 55 નામનું આ વિમાને નોર્થઈસ્ટ ફિલાડેલ્ફિયા એરપોર્ટથી સાંજે 6:30 વાગ્યે (સ્થાનિક સમય) ઉડાન ભરી હતી. માત્ર 30 સેકન્ડ પછી એ 6.4 કિલોમીટર (4 માઈલ) દૂર ક્રેશ થયું. AFPએ સ્થાનિક મીડિયાને ટાંકીને જણાવ્યું હતું કે વિમાન રહેણાક વિસ્તારમાં ઘરો પર પડ્યું રોઈટર્સના જણાવ્યા અનુસાર, આ વિમાન બે લોકો સાથે ઊડી રહ્યું હતું અને એ એક શોપિંગ મોલ નજીક ક્રેશ થયું.



### પ્લેન ટેકઓફની માત્ર 30 સેકન્ડમાં જ ક્રેશ થયું હતું

ફેડરલ એવિયેશન એડમિનિસ્ટ્રેશન (FAA) અનુસાર, Learjet 55 નામનું પ્લેન નોર્થ-ઈસ્ટ ફિલાડેલ્ફિયા એરપોર્ટ પરથી સાંજે 6:30 વાગ્યે (સ્થાનિક સમય) ઉડાન ભરી અને 30 સેકન્ડ પછી માત્ર 6.4 કિલોમીટર (4 માઈલ) દૂર ક્રેશ થયું. આ એરપોર્ટનો ઉપયોગ મુખ્યત્વે કોમર્શિયલ જેટ અને ચાર્ટર ફ્લાઈટ માટે થાય છે. આ વીડિયો ઘરની બહાર લગાવવામાં આવેલા કેમેરામાં રેકોર્ડ કરાયો હતો. આમાં વિમાન ઘર પર પડતું જોવા મળે છે. એ બાદ જોરદાર વિસ્ફોટ થાય છે. જે જગ્યાએ પ્લેન પડ્યું ત્યાં ઘણાં ઘરો અને દુકાનો છે.

### બુધવારે વિમાન દુર્ઘટનામાંથી 40 મૃતદેહ મળ્યા હતા

વોશિંગ્ટન ડીસીમાં વિમાન દુર્ઘટનામાં માર્યા ગયેલા લોકોના અત્યારસુધીમાં 40 મૃતદેહ મળ્યા છે. દુર્ઘટના બાદ અમેરિકન એરલાઈન્સનું વિમાન પોટોમેક નદીમાં ત્રણ ટુકડાઓમાં પડેલું જોવા મળ્યું હતું. પ્લેન અને હેલિકોપ્ટર બંનેના ફ્લાઈટ ડેટા રેકોર્ડર (FDR અથવા બ્લેક બોક્સ) મળ્યાં છે. આ અકસ્માત પેન્સિલવેનિયા શહેરના ગીચ વસતિવાળા વિસ્તારમાં ત્રણ માળના શોપિંગ સેન્ટર રૂઝવેલ્ટ મોલ પાસે થયો હતો.

### FAA અને નેશનલ ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બોર્ડ (NTSB) અકસ્માતની તપાસ કરી રહ્યા

વોશિંગ્ટન ફાયર વિભાગના ચીફ જોન ડોનેલીએ જણાવ્યું હતું કે પાણીમાં શોધ અને બચાવ કામગીરી ચાલુ છે. પાણી એકદમ ઊંડું અને કાદવવાળું છે, જેના કારણે ડાઈવર્સને ડાઈવિંગ કરવામાં મુશ્કેલી પડી રહી છે. બચાવમાં ઘણા દિવસો લાગી શકે છે. આ ઘટના રોનાલ્ડ રીગન એરપોર્ટ નજીક બની હતી. આ અકસ્માત યુએસ એરલાઈન્સના CRJ700 બોમ્બાર્ડિયર જેટ અને આર્મીના બ્લેક હોક (H-60) હેલિકોપ્ટર વચ્ચે થયો હતો. અમેરિકન એરલાઈન્સનું જેટ કેન્સાસ રાજ્યથી વોશિંગ્ટન આવી રહ્યું હતું.માર્યા ગયેલા લોકોમાં ભારતીય મૂળનાં અસરા હુસૈન રઝા (26 વર્ષ) પણ સામેલ છે.

## ટ્રમ્પનો ટેરિફ વૉર શરૂ, ચીન-કેનેડા-મેક્સિકો પર લાગુ

(એજન્સી) અમેરિકા તા 01

ટ્રમ્પનો ટેરિફ વૉર શરૂ, ચીન-કેનેડા-મેક્સિકો પર લાગુ, 10 લાખ અમેરિકનના મોત માટે જવાબદાર ઠેરવ્યાં

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ એક પછી એક ચોંકાવનારા અને આંચકાજનક નિર્ણયો લઈ રહ્યા છે. તેમણે આજથી કેનેડા, ચીન અને મેક્સિકો સહિત અમેરિકા સાથે વેપાર કરતા મુખ્ય ભાગીદારો પર ટેરિફ લાગુ કરવાની જાહેરાત કરી દુનિયાભરમાં ખળભળાટ મચાવી દીધો છે. વ્હાઈટ હાઉસે આ મામલે પુષ્ટિ કરતાં પ્રેસ સચિવ કેરોલિન લેવિટે પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું કે ટ્રમ્પ મેક્સિકો અને કેનેડા પર 25% ટેરિફની સાથે સાથે ચીન પર 10% ટેરિફ લગાવશે. ગેરકાયદે ફેન્ટેનાઈલથી અમેરિકામાં 10 લાખના મોત આ પગલું એ દેશો વિરુદ્ધ ભરવામાં આવ્યું જે ગેરકાયદે ફેન્ટેનાઈલ (માદક પદાર્થ)નો સપ્લાય અને વિતરણની મંજૂરી આપી અમેરિકામાં નશીલી દવાઓની સમસ્યાને પ્રોત્સાહન આપી રહ્યા છે. લેવિટે કહ્યું કે મેક્સિકો પર 25% ટેરિફ, કેનેડા પર 25% ટેરિફ અને અમારા દેશમાં મોકલેલા ગેરકાયદે ફેન્ટેનાઈલ બદલ ચીન પર 10% ટેરિફ લાગુ કરી રહ્યા છે જેણે અમેરિકામાં 10 લાખ લોકોના જીવ લીધા. માર્ચ નહીં 1 ફેબ્રુઆરીથી જ ટેરિફ લાગુ લેવિટે કહ્યું કે 1 માર્ચ નહીં પણ 1 ફેબ્રુઆરીથી જ આ ટેરિફ લાગુ કરવામાં આવી રહ્યો છે. અમુક મીડિયા અહેવાલોના અહેવાલો ખોટા છે. ડોનાલ્ડ ટ્રમ્પે જે વાયદા કર્યા હતા તે પૂરાં કરવાની દિશામાં આ એક પગલું છે.

## મિલિટ્રી ચીફ દાઈફ માર્યા ગયા હોવાનું હમાસે સ્વીકાર્યું

(એજન્સી) તેલ અવીવ તા 01

હમાસે ગુરુવારે ઈઝરાયલના હવાઈ હુમલામાં લશ્કરી વડા મોહમ્મદ દૈફના મૃત્યુની પુષ્ટિ કરી હતી. ટાઈમ્સ ઓફ ઈઝરાયલના અહેવાલ મુજબ હમાસના પ્રવક્તા અબુ ઓબેદાએ એક વીડિયો જાહેર કર્યો છે.

આ વિડિયોમાં દૈફ ઉપરાંત અબુએ હમાસના ડેપ્યુટી કમાન્ડર અબુ તામા, કોમ્બેટ સપોર્ટ ચીફ રાયદ થાબેટ અને મિલિટરી વિંગના ચીફ ઓફ સ્ટાફ રફા સલામેહ, ખાન યુનુસ બ્રિગેડ કમાન્ડર અયમાન નોફાલ, સેન્ટ્રલ અને નોર્થ ગાઝા બ્રિગેડ કમાન્ડર અહેમદ ગંદૂરનું નામ પણ આપવામાં આવ્યું હતું.

ઈઝરાયલના જણાવ્યા અનુસાર, ગયા વર્ષે 23 જુલાઈના રોજ હવાઈ હુમલામાં ડાઈફ માર્યો ગયો હતો. ઈઝરાયલે ખાન યુનુસમાં બ્રિગેડ કમાન્ડર રફા સલામેહના ઠેકાણા પર હુમલો કર્યો, જ્યાં દૈફ પણ હાજર હતો.



ઈઝરાયલના સંરક્ષણ મંત્રીએ ડાઈફનો ફોટો ક્રોસ આઉટ કર્યો હતો ઈઝરાયલના તત્કાલિન સંરક્ષણ પ્રધાન યોવ ગાલાન્ટે 1 ઓગસ્ટ, 2024ના રોજ ડાઈફના મૃત્યુની પુષ્ટિ કરી હતી. તેણે તેને ગાઝામાંથી આતંકવાદને નાબૂદ કરવાના લક્ષ્યમાં એક મોટું પગલું ગણાવ્યું. ગેલન્ટે સોશિયલ મીડિયા પર એક ફોટો પણ શેર કર્યો હતો, જેમાં તે બ્લેક માર્કર સાથે ડાયફના ફોટોને ક્રોસ કરતો જોવા મળે છે.

ઈઝરાયલે 7 વખત દૈફને મારવાનો પ્રયાસ કર્યો હતો, જોકે તેના વારંવાર ભાગી જવાને કારણે સફળ થઇ શક્યા નહીં. ડાઈફ ગયા વર્ષે 7 ઓક્ટોબરે ઈઝરાયલ પર થયેલા હુમલાનો ગેલન્ટની છે, જેમાં તે ડાઈફની તસવીરને બ્લેક કલરથી રંગી રહ્યો છે.

આ તસવીર યોવ ગેલન્ટની છે, જેમાં તે ડાઈફની તસવીરને બ્લેક કલરથી રંગી રહ્યો છે.

વિજ્ઞાન સ્નાતક ડાઈફ ઈઝરાયલનો મોસ્ટ વોન્ટેડ કેવી રીતે બન્યો? દૈફ 2002થી હમાસની સૈન્ય શાખાના વડા હતા. મોહમ્મદ દૈફનો જન્મ 1965માં ગાઝાના ખાન યુનિસ કેમ્પ (શરણાર્થી કેમ્પ)માં થયો હતો. તે સમયે ગાઝા પર ઈજિપ્તનો કબજો હતો. 1950માં શસ્ત્રો સાથે ઈઝરાયેલમાં ઘૂસણખોરી કરનારાઓમાં તેના પિતા પણ સામેલ હતા.

## મસ્ક ડીપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશયન્સીના વડા છે

(એજન્સી) અમેરિકા તા 01

મસ્ક જે કામ હાથમાં લે છે તે પૂરી લગનથી પૂરૂં કરે છે - ડોનાલ્ડ ટ્રમ્પે સોપેલાં કામમાં તેઓ રાત દિવસ રચ્યા, પચ્યા રહે છે, વ્હાઈટ હાઉસની પાસે જ ઓફીસ છે, ઓફીસને ઘર કર્યું છે વોશિંગ્ટન : ટેસ્લા અને X ના સીઈઓ એલન મસ્ક હવે પોતાનાં નવાં કામમાં ડૂબી ગયા છે. પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તેઓને ડીપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફીશ્યન્સી વિભાગના વડા બનાવ્યા છે. તેની ઓફીસ વ્હાઈટ હાઉસની પાસે જ છે. તેમાં તેઓ તેમનો પૂરો સમય આપે છે. ઓફીસમાં જ તેમણે બેડરૂમ બનાવી દીધો છે.

તેઓ જે કામ હાથમાં લે છે, તે પૂરી લગનથી પૂરૂં કરે છે. તેઓએ ટ્વિટર ખરીદ્યું તેનું નવું નામ ઠ રાખ્યું ત્યાં પણ તેઓએ એક ખંડને બેડરૂમ બનાવી દીધો હતો.

મસ્કની નવી ઓફીસ આઈઝન હોવર એક્ઝીક્યુટિવ ઓફીસનાં બિલ્ડીંગમાં છે. જે વ્હાઈટ હાઉસથી થોડાં ડગલાં જ દૂર છે. ટ્રમ્પે પહેલાં તેઓ માટે વ્હાઈટ હાઉસમાં જ લિંકન રૂમમાં ઓફીસ રાખવા કહ્યું હતું. ત્યાં રાત્રે સુવા આપવાની હતી. પરંતુ વ્હાઈટ હાઉસમાં રહે તો, રહેણી-કરણીના ચોક્કસ નિયમો પાળવા પડે તે સહજ છે. આથી તેઓએ તેમની ઓફીસ વ્હાઈટ હાઉસથી થોડે દૂર રાખી છે.ટેસ્લાના પ્રારંભનાં દિવસોમાં તો તેઓ ફ્લોર ઉપર પથારી રાખી સૂઈ રહેતા હતા. ૨૦૨૨માં એક ઈન્ટરવ્યૂમાં તેઓએ કહ્યું હતું કે, તેઓ આમ એટલા માટે કરે છે કે તેઓની મહેનત કર્મચારીઓ જોઈ શકે, તેથી તેઓ પણ વગર કહે, મહેનત કરવા પ્રેરિત થાય, અને કર્મચારીઓ સાથે સંબંધો મજબૂત બને, તેઓ મન લગાવી કામ કરે.

## ડોલર સામે શિંગડા ભરાવવા હોય તો અમેરિકાને ભૂલી જજો

વોશિંગ્ટન: વૈશ્વિક અર્થતંત્ર પર અમેરિકન ડોલરનું પ્રભુત્વ ઘટાડવા માટે બ્રિક્સ દેશો ગયા વર્ષના અંતમાં ડી-ડોલરાઈઝેશસનની ચર્ચા કરી રહ્યા હતા ત્યારે હવે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સત્તા પર આવ્યાના પખવાડિયામાં વધુ એક વખત બ્રિક્સ દેશોને ડોલરનું પ્રભુત્વ ઘટાડવા સામે ચેતવણી આપી છે. ટ્રમ્પ તેમના ચૂંટણી વચનો મુજબ 'અમેરિકા ફર્સ્ટ'ની નીતિ પર ચાલતા અત્યાર સુધીમાં અનેક મોટા નિર્ણયો લઈ ચૂક્યા છે ત્યારે તેમણે ફરીથી બ્રિક્સ દેશોને ડોલર સામે પગલાં લેશો તો અમેરિકન બજારને ભૂલી જવાની ચેતવણી આપી છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તેમના ચૂંટણી અભિયાન સમયે 'અમેરિકા ફર્સ્ટ'નીતિને અનુસરવા માટે આપેલા અનેક વચનો અમલ શરૂ કરી દીધો છે. ટ્રમ્પે બીજા કાર્યકાળમાં સત્તા સંભાળવાની એ જ રીતે ટ્રમ્પે ચૂંટણી અભિયાનોમાં બ્રિક્સ દેશો પર ૧૦૦ ટકા ટેરિફ લગાવવાની વાત પણ કરી હતી. આ અંગે હવે ટ્રમ્પે ફરી એક વખત બ્રિક્સ દેશોને ખુલ્લી ધમકી આપી છે. ટ્રમ્પે કહ્યું કે બ્રિક્સ દેશો ડોલરનો વિકલ્પ શોધવાનો પ્રયત્ન પણ કરશે તો તેમને અમેરિકામાં તેમનો સામાન વેચવાની મંજૂરી નહીં અપાય.

## પાકિસ્તાનમાં શરૂ થઈ મહાકુંભની ઉજવણી

### વિશેષ રીતે થયું ગંગા સ્નાન અને હવન, ને તે અન્ય પાણી સાથે ભેળવીને ભક્તો સ્નાન કરે છે

(એજન્સી )પાકિસ્તાન તા 01

પાકિસ્તાનમાં રહેતા હિન્દુઓ માટે ભારતમાં મહાકુંભમાં ભાગ લેવો મુશ્કેલ બન્યું છે, કારણ કે વિઝા મેળવવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. આથી, તેમણે પોતાનો મહાકુંભ રહીમયાર ખાનમાં યોજ્યો. ભારતમાં જવાનું મુશ્કેલ હોવાથી, પાકિસ્તાનમાં રહેનારા હિન્દુઓએ પોતાનો મહાકુંભ આયોજિત કર્યો છે. પ્રસંગ દરમિયાન, મોટી સંખ્યામાં હિન્દુ ભક્તોએ ગંગા સ્નાન જેવા ધાર્મિક ક્રિયા કરી હતી. આ ઉજવણી તેમના માટે મહત્વપૂર્ણ ગણાઈ રહી છે. ચાલો જાણીએ પાકિસ્તાનના મહાકુંભમાં શું છે. ભારતમાં થાય તેવા મહાકુંભમાં સામેલ થઈ શકતા નથી એવા પાકિસ્તાની હિન્દુઓ માટે મહાકુંભના આ કાર્યક્રમનો ખૂબ જ મહત્વ છે. વિઝા સંબંધિત સમસ્યાઓના કારણે, પાકિસ્તાની હિન્દુઓ માટે ભારતના પ્રયાગરાજ મહાકુંભમાં સામેલ થવું મુશ્કેલ છે. પરંતુ, પાકિસ્તાનમાં રહેનારા હિન્દુઓએ પોતાના મહાકુંભનું આયોજન કરી તેનો આરંભ કર્યો.




### મહાકુંભમાં ગંગાના પાણીનું વિશેષ આયોજન કરવામાં આવ્યું

પાકિસ્તાનના રહીમયાર ખાન જિલ્લામાં આયોજિત મહાકુંભમાં ગંગાના પાણીનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. અહીંના કેટલાક ભક્તોએ જણાવ્યુ કે દરેકને ગંગા સ્નાન માટે મોકળાઈ મળી શકતી નથી. તેથી, ગંગા નદીમાંથી પાણી લાવવામાં આવ્યું અને તે અન્ય પાણી સાથે ભેળવીને ભક્તો સ્નાન કરે છે. આ માટે એક તળાવ બનાવવામાં આવ્યો છે જ્યાં ભક્તો ઊતરતા અને ઉપર પાણી રેડવામાં આવતું હતું.

## એક ટેબલ પર રૂપિયાનો ઢગલો પડ્યો હોય અને 15 મિનિટમાં ગણવાના હોય તો કેટલા રૂપિયા ગણાય?

(એજન્સી) ચીન તા 01

એક ટેબલ પર અઢળક રૂપિયાનો ઢગલો કરી દેવામાં આવે અને 15 મિનિટ ગણવા માટે આપવામાં આવે તો કેટલા રૂપિયા ગણાઈ શકે.. તમને થશે આ કેવો વિચીત્ર સવાલ છે પરંતુ આ સવાલ થવો વાજબી છે કારણ કે ચીનની એક કંપનીએ તેના કર્મચારીઓને આ જ પ્રકારે બોનસ વહેંચ્યુ છે. વિશ્વાસ ન આવતો હોય તો અહીં આપેલો વીડિયો જોઈ લો. જો તમે નોકરી કરતાં હોય અને તમારી કંપની તમને કહે કે ટેબલ પર અઢળક રૂપિયા ગોઠવ્યા છે.



તમે 15 મિનિટમાં જેટલા ગણી શકો એટલા રૂપિયા તમને બોનસ તરીકે ઘરે લઈ જવા મળશે. તમને થશે આવું થોડુ હોય. પરંતુ આ સત્ય હકીકત છે.

ચીનની એક કંપનીએ પોતાના કર્મચારીઓને બોનસ એવી રીતે વહેંચ્યું કે તે દુનિયામાં ચર્ચાનો વિષય બની ગયો. આ ચાઈનીઝ ફર્મ ક્રેન્સનું ઉત્પાદન કરે છે અને તેનું નામ 'હેનાન માઈનિંગ ક્રેન કંપની લિમિટેડ' છે, તેણે 11 મિલિયન સિંગાપોર ડોલર અને 70 કરોડ ભારતીય રૂપિયા બોનસ તરીકે કર્મચારીઓને આપ્યા. હેનાન માઈનિંગ દ્વારા તેના કર્મચારીઓને બોનસ આપવાની આ રીત સોશિયલ મીડિયા પર પણ ખૂબ વાયરલ થઈ રહી છે. ક્રેન કંપનીએ લગભગ 70 મીટર લંબાઈના ટેબલ પર ચાઈનીઝ કરન્સી યેન પાથરી દીધી અને તેના કર્મચારીઓને 15 મિનિટનો સમય આપ્યો કે જેટલા રૂપિયા ગણી શકો એટલા રૂપિયા તમે ઘરે લઈ જાવ. કંપની દ્વારા એવું કહેવામાં આવ્યું હતું કે આ સમયગાળામાં તમે જેટલી રોકડ લઈ શકો તેટલી રકમ લેવા માટે તમારી પાસે 15 મિનિટનો સમય છે. આ માટે કંપનીએ 30-30 કર્મચારીઓની ટીમ બનાવી હતી અને દરેકને એક પછી એક તક આપી હતી. કંપની દ્વારા 25 જાન્યુઆરીના રોજ આ સ્પેશિયલ બોનસનું વિતરણ કરવામાં આવ્યું હતું. સામાન્ય રીતે, જ્યારે કોઈ કંપની બોનસ આપે છે, ત્યારે કર્મચારીઓ ઉત્સાહિત થઈ જાય છે અને જો આ બોનસ મર્યાદા વિનાનું હોય, તો પછી કહેવું જ શું.

## 21મી સદીનો ઈતિહાસ અમેરિકા-ચીન સંબંધોનો ઈતિહાસ બની રહેશે : માર્કો

(એજન્સી) ચીન તા 01

ચીન આપણા ભોગે વિશ્વમાં સૌથી સબળ સત્તા બનવા માગે છે તેથી યુદ્ધ તો ન જ કરાય, પરંતુ પરિસ્થિતી ઉપર પૂરતું ધ્યાન રાખીશું'' વોશિંગ્ટન : અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રૂબિયોએ કહ્યું હતું કે, '૨૧મી સદીનો ઈતિહાસ, ચીન-અમેરિકા સંબંધોનો ઈતિહાસ બની રહેશે.' આ સાથે તેઓએ કહ્યું હતું કે ચીન અમેરિકાની સલામતી સામેની સૌથી મોટી ભીતિ બની રહ્યું છે.

ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્રમાં વિદેશ મંત્રીનું સ્થાન મળ્યા પછી પહેલી જ વખત 'મેગીન-કેલી-શો'માં આપેલી મુલાકાત દરમિયાન કહ્યું હતું કે, 'ચીનને રોકવા માટે કશું ન કરવું તે મૂર્ખતા છે.' પૂર્વેની વિદેશ નીતિઓમાં ચીનને વિકાસશીલ દેશ માનવામાં આવતો હતો, પરંતુ તે વાસ્તવમાં તો એક સમૃદ્ધ અને સમર્થ દેશ બની ગયું છે. ૨૧મી સદીનો ઈતિહાસ અમેરિકા-ચીન સંબંધોનો ઈતિહાસ બની રહેશે.માર્કો રૂબિયોએ વધુમાં જણાવ્યું હતું કે, 'ચીન, દુનિયામાં સૌથી વધુ શક્તિશાળી દેશ આપણા ભોગે બનવા માગે છે. તે કારણસર યુદ્ધ તો ન જ થઈ શકે પરંતુ આપણે પરિસ્થિતિ ઉપર ધ્યાન ચોક્કસ રાખીશું.'

## US સેનેટમાં 'જય શ્રીકૃષ્ણ' બોલી કાશ પટેલે દિલ જીત્યાં: માતા-પિતાનાં ચરણસ્પર્શ કર્યાં, ટ્રમ્પના FBI ચીફનો વીડિયો વાઈરલ

(એજન્સી) અમેરિકા તા 01

FBI ચીફ પદ માટે નામિક ભારતીય મૂળના વકીલ કાશ પટેલનો એક વીડિયો વાઈરલ થઈ રહ્યો છે, જેમાં તેઓ તેમનાં માતા-પિતાના ચરણ સ્પર્શ કરતાં જોવા મળે છે. સોશિયલ મીડિયા પર તેમના સંસ્કારોની પ્રશંસા થઈ રહી છે. ડોનાલ્ડ ટ્રમ્પે ભારતીય મૂળના કાશ પટેલને ફેડરલ તપાસ એજન્સી FBIના નવા ડિરેક્ટર તરીકે નિયુક્ત કર્યા છે. ગુરુવારે સેનેટની બેઠકમાં કાશ પટેલની નિમણૂકને સમર્થન આપવામાં આવ્યું હતું. આ બેઠક પહેલા કાશ પટેલે પોતાનાં માતા-પિતાનાં ચરણ સ્પર્શ કર્યા, જેનો વીડિયો સોશિયલ મીડિયા ભારતીય સંસ્કારો અને પરંપરાગત મૂળને જાળવી રાખવા બદલ તેમની પ્રશંસા કરી રહ્યા છે.



### કાશ પટેલ એક ભારતીય-અમેરિકન વકીલ અને રાષ્ટ્રીય સુરક્ષા નિષ્ણાત છે.

કાશ પટેલ એક ભારતીય-અમેરિકન વકીલ અને રાષ્ટ્રીય સુરક્ષા નિષ્ણાત છે. તેમને પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના નજીકના માનવામાં આવે છે. તેમને FBI ડિરેક્ટર પદ માટે નામિક કરવામાં આવ્યા છે. દરમિયાન તેમનું નામાંકન સેનેટ ન્યાયતંત્ર સમિતિમાં સમીક્ષા હેઠળ છે. જો તે આ પાસ કરે છે, તો તેઓ ભારતીય મૂળના પ્રથમ FBI ડિરેક્ટર બની શકે છે.

### જય શ્રીકૃષ્ણ કહીને માતા-પિતાનો પરિચય કરાવ્યો

માતા-પિતાનો પરિચય આપતાં કાશ પટેલે કહ્યું, હું આજે અહીં બેઠેલા મારા પિતા પ્રમોદ અને માતા અંજનાનું સ્વાગત કરવા માગું છું. તેઓ ભારતથી અમેરિકા આવ્યાં છે. મારી બહેન નિશા પણ અહીં છે. જય શ્રીકૃષ્ણ. તેમના પરંપરાગત અભિવાદનની ભારતીય સમુદાય અને અમેરિકન નાગરિકો બંને દ્વારા ખૂબ પ્રશંસા કરવામાં આવી. બીજા એક યુઝરે લખ્યું કે તમારા મૂળને ક્યારેય ભૂલશો નહીં. એક અન્યએ લખ્યું, વાહ! મને નહોતું લાગતું કે હું તેનાથી વધુ પ્રભાવિત થઈ શકું, તેમનાં માતા-પિતાને ગર્વ થવો જોઈએ.

## સૌર પવનોની થપાટથી ઓસ્ટ્રેલિયા અને હિન્દ મહાસાગરમાં રેડિયો બ્લેકઆઉટ

(એજન્સી) મેરીલેન્ડ(અમેરિકા) તા 01

અમેરિકાની અંતરિક્ષ સંશોધન સંસ્થા નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન(નાસા)નાં અને નેશનલ ઓશનિક એન્ડ એટમોસફિયરિક એડમિનિસ્ટ્રેશન (એન.ઓ.એ.એ.-નોઆ)નાં સૂત્રોએ એવી માહિતી આપી છે કે સૂર્યમાંથી ફેંકાયેલા ભયાનક સૌર પવનોની થપાટને કારણે આજે ૬ : ૧૦ , યુનિવર્સલ ટાઈમ કોર્ડિનેટેડ(યુટીસી) ૨૦૨૫ની ૩૧,જાન્યુઆરીએ પશ્ચિમ ઓસ્ટ્રેલિયામાં અને ઈન્ડિયન ઓશન પ્રદેશના હિસ્સામાં રેડિયો બ્લેકઆઉટ સર્જાયો હતો.

રેડિયો બ્લેકઆઉટ એટલે સંદેશા વ્યવહાર અને વીજળી પુરવઠો ખોરવાઈ જાય. ટેલિવિઝનનું પ્રસારણ બંધ થઈ જાય રેલવેના સિગ્નલ ફેઈલ થઈ જાય. રેફ્રીજરેટમાં મોટા વિસ્ફોટ થાય. પૃથ્વીના ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવના વાતાવરણમાં રાતા,ભૂરા,પીળા રંગના વિશાળ કદના પટ્ટા (જેને અરોરા લાઈટ્સ કહેવાય છે)સર્જાય અને ભયંકર વિસ્ફોટ પણ થાય.

હાલ સૌર પવનોની ગતિ ૩૦૫ કિલોમીટર(પ્રતિ સેકન્ડ) ની છે. ઉપરાંત, સૂર્યના - એઆર ૩૯૭૬ સંજ્ઞાવાળા સૂર્યકલંકમાંથી સૌર જ્વાળા પૃથ્વી પર વધુ અસર આજે ૩૧,જાન્યુઆરીની મોડી રાતે અથવા આવતીકાલે ૧, ફેબ્રુઆરીએ પણ થવાની શક્યતા છે. સૂર્યના - એઆર ૩૯૭૬ સંજ્ઞાવાળા સૂર્યકલંકનો પવનોની ભારે અસરને કારણે જી-૧ પ્રકારનાં વિદ્યુત ચુંબકીય તોફાનોનો ખળભળાટ પૃથ્વીના ઉંચાં અક્ષાંશવાળાં સ્થળોએ થવાની સંભાવના છે.

### 'કઠમુલ્લા' શબ્દ વાપરનારા જસ્ટિસ શેખર બંધ રૂમમાં માફી માગી રહ્યા હતા

# બહાર નીકળતા જ ફરી ગયા: સુપ્રીમ કોર્ટના જજ

(એજન્સી) નવી દિલ્હી । તા. 01

અલ્હાબાદ હાઈકોર્ટના જસ્ટિસ શેખર કુમાર યાદવે એક કાર્યક્રમમાં મુસ્લિમો માટે 'કઠમુલ્લા' શબ્દનો ઉપયોગ કર્યો હતો. આ સિવાય તેમણે દેશમાં બહુમતી પ્રમાણે સિસ્ટમ ચલાવવાની વાત કરી હતી. તેમના આ નિવેદનને લઈને ઘણો વિવાદ થયો હતો અને સુપ્રીમ કોર્ટે પણ તેની નોંધ લીધી હતી. જસ્ટિસ યાદવે બંધ રૂમમાં સુપ્રીમ કોર્ટના કોલેજિયમ સામે માફી માંગી,એટલું જ નહીં, જસ્ટિસ યાદવ વ્યક્તિગત રીતે સુપ્રીમ કોર્ટના કોલેજિયમ સમક્ષ હાજર થયા. આ દરમિયાન કોલેજિયમના સભ્ય રહી ચૂકેલા જસ્ટિસ હૃષિકેશ રોયે ઘણા મહત્ત્વના ખુલાસા કરતા કહ્યું છે કે, 'જસ્ટિસ શેખર કુમાર યાદવે કોલેજિયમ સાથેની મીટિંગમાં કહ્યું હતું કે હું તમારા બધાની માફી માંગુ છું.' તેના પર ચીફ જસ્ટિસ સંજીવ ખન્નાએ કહ્યું કે, 'બંધ રૂમમાં માફી માંગવાનો કોઈ અર્થ નથી. તમારે આ જાહેરમાં કરવું જોઈએ.'કોલેજિયમના પાંચેય જજોની સામે માફી માગી હતી,31 જાન્યુઆરીએ સુપ્રીમ




કોર્ટમાંથી નિવૃત્ત થયેલા જસ્ટિસ રોયે કહ્યું કે,' 'જસ્ટિસ શેખર કુમાર યાદવે જાહેર માફી માગવાની વાત સ્વીકારી લીધી હતી. આવું જ કહીને તેઓ કોર્ટની બહાર નીકળ્યા હતા, પરંતુ હજુ સુધી તેમણે માફી માંગી નથી. આટલું જ નહીં, તેમણે પોતાના એક જવાબમાં એમ પણ કહ્યું કે મેં કંઈ ખોટું નથી કહ્યું.' આ મામલે જસ્ટિસ રોયે વધુમાં કહ્યું કે, 'તેમણે કોલેજિયમના પાંચેય જજોની સામે કહ્યું હતું કે હું તમારા બધાની માફી માંગુ છું. તે સમયે તેઓ તૈયાર હતા. પરંતુ જ્યારે ચીફ જસ્ટિસે જ્યારે જાહેરમાં માફી માગવાની વાત કરી તો તેઓ સહમત થઇ ગયા, પરંતુ ત્યાંથી બહાર નીકળ્યા બાદ તેમને માફી માગી નહી. એવું લાગે છે કે જસ્ટિસ શેખર કુમારે પાછળથી પોતાનો વિચાર બદલી નાખ્યો. પહેલા તો તેઓ જાહેરમાં માફી માંગવા તૈયાર હતા.'યુનિફોર્મ સિવિલ કોડ પર ભાષણ આપતા જસ્ટિસ શેખર કુમાર યાદવે વિવાદાસ્પદ નિવેદન આપતા કહ્યું હતું કે દેશની વ્યવસ્થા બહુમતીના હિસાબે ચાલશે. પરિવારમાં મોટાભાગના લોકો જે માને છે તે જ થાય છે. આ સિવાય તેમણે મુસ્લિમો માટે 'કઠમુલ્લા' શબ્દનો ઉપયોગ કર્યો હતો. આ મામલે કોલેજિયમે તેમને સમન્સ જારી કર્યા હતા.જસ્ટિસ શેખર યાદવે આ મામલે અલ્હાબાદ હાઈકોર્ટના ચીફ જસ્ટિસને જવાબ આપ્યો હતો. જેમાં તેમણે કહ્યું હતું કે, 'હું હજુ પણ મારા નિવેદન પર અડગ છું. મેં મારું નિવેદન ન્યાયાધીશ તરીકે નહીં પરંતુ એક હિન્દુ તરીકે આપ્યું છે. તેથી, કોર્ટ પરિસરની બહાર જે કંઈપણ કહેવામાં આવે છે તે મારી ન્યાયાધીશ તરીકેની આચારસંહિતાનું ઉલ્લંઘન કરતું નથી. આ સિવાય હાઈકોર્ટની ગરિમાને કોઈ નુકસાન નથી કર્યું.'

## પાસપોર્ટ કોર્ટ પાસે છતાં NRI અમેરિકા ભાગી ગયો, સુપ્રીમ કોર્ટનો ધરપકડનો આદેશ, ગૃહમંત્રાલયને તપાસના નિર્દેશ

(એજન્સી) નવી દિલ્હી । તા. 01

એક NRI પાસપોર્ટ સુપ્રીમ કોર્ટમાં જમા હોવા છતા પાસપોર્ટ વગર જ અમેરિકા ભાગી ગયો હતો, કોર્ટની અવમાનનાનો સામનો કરી રહેલા આ NRIને પાસપોર્ટ વગર જ દેશ છોડીને ભગાડવામાં કોણે મદદ કરી તેની તપાસ કરવા તેમજ તેને શોધીને કોર્ટમાં હાજર કરવા માટે કેન્દ્ર સરકારને સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો હતો. સાથે જ સવાલ ઉઠાવ્યો હતો કે પાસપોર્ટ વગર તે અમેરિકા કેવી રીતે ગયો? તેને કોણે મદદ કરી તેની પણ તપાસ કરવા ટકોર કરી હતી. NRI મનીષ છોકર અને તેની પત્ની વચ્ચે છૂટાછેડા થયા હતા અને અંતિમ સેટલમેન્ટ વખતે કોર્ટે મનીષને આદેશ આપ્યો હતો કે તે પુત્રને માતાને સોંપે. જો કે મનીષે કોર્ટના આદેશનું પાલન ના કર્યું જેને પગલે




તેની સામે કોર્ટની અવમાનનાની કાર્યવાહી ચાલી રહી હતી અને તેનો પાસપોર્ટ સુપ્રીમ કોર્ટે પોતાની કસ્ટડીમાં લઈ લીધો હતો. 22મી જાન્યુઆરીએ સુનાવણી સમયે મનીષ કોર્ટમાં હાજર ના થયો બાદમાં 29મીએ પણ હાજર ના થયો. બાદમાં કોર્ટને જાણ કરવામાં આવી કે મનીષ અમેરિકા જતો, રહ્યો છે તેનો પુત્ર અમેરિકામાં રહે છે જેનું સ્વાસ્થ્ય ઠીક ના હોવાથી તે જતો રહ્યો છે. જો કે સુપ્રીમ કોર્ટે સવાલ એ ઉઠાવ્યો હતો કે તેનો પાસપોર્ટ કસ્ટડીમાં હોવા છતા તે કેવી રીતે ભારત છોડીને જતો રહ્યો? તેને પાસપોર્ટ વગર જવામાં કોણે મદદ કરી? કોર્ટની કાર્યવાહીથી છટકી જવા બદલ સુપ્રીમના ન્યાયાધીશ સુધાંશુ ધુલિયા અને ન્યાયાધીશ પ્રશાંત કુમાર મિશ્રાની બેંચે આરોપી મનીષ સામે બિનજામીનપાત્ર વોરંટ કાઢીને તેની ધરપકડ કરીને કોર્ટમાં લાવવા આદેશ આપ્યો હતો. બેંચે કહ્યું હતું કે અમે કેન્દ્રીય ગૃહ મંત્રાલયને પણ આદેશ આપીએ છીએ કે તે આરોપી મનીષને ભારત લાવવા માટે કાર્યવાહી કરે. સાથે જ અમે એડી. સોલિસિટર જનરલ કે. એમ. નટરાજને આદેશ આપીએ છીએ કે તેઓ પાસપોર્ટ વગર મનીષ કેવી રીતે ભાગી ગયો અને તેને કોણે કોણે મદદ કરી તેની તપાસ કરવામાં આવે.

### સંપૂર્ણ સત્ય નથી જણાવ્યું? શું મૃત્યુઆંક ફક્ત 30 લોકોનો જ છે?

## મહાકુંભમાં નાસભાગ બાદ 5 મૃતદેહોની ઓળખ બાકી તો 24ની તસવીરો કેમ જાહેર કરી, ઊઠ્યાં સવાલ

(એજન્સી) નવી દિલ્હી । તા. 01

મહાકુંભમાં મૌની અમાવસ્યાની રાત્રે મોટી દુર્ઘટના ઘટી હતી. આ રાત્રે નાસભાગ મચી ગઈ હતી અને તેમાં 30 લોકોના મોત થયા હોવાનું તંત્ર દ્વારા જાહેર કરવામાં આવ્યું હતું. પરંતુ હવે આ નાસભાગને લઈને અનેક સવાલો ઉઠી રહ્યા છે. સવાલ છે કે શું મંગળવાર-બુધવારની રાત્રે સંગમ નોઝ સિવાય અન્ય કોઈ જગ્યાએ પણ નાસભાગ મચી હતી? શું DIG વૈભવ કૃષ્ણાએ ઝુંસીમાં થયેલી નાસભાગ જેવી પરિસ્થિતિ વિશે સંપૂર્ણ સત્ય નથી જણાવ્યું? શું મૃત્યુઆંક ફક્ત 30 લોકોનો જ છે? જો માત્ર પાંચ મૃતદેહોની ઓળખ બાકી હતી, તો પછી પોસ્ટમોર્ટમ હાઉસમાં 24 મૃતદેહોની તસવીર બાદમાં



કેમ લગાવવામાં આવી? આ તમામ સવાલોની સાથે એક વધુ સવાલ એ છે કે મહાકુંભમાં ગુમ થયેલા લોકો ક્યાં ગયા? નાસભાગના ત્રણ દિવસ પછી પણ ઘણા લોકો પોતાના પરિવારના સભ્યોને શોધી નથી શક્યા.અનેક લોકો પોતાના પરિવારજનોને શોધી રહ્યા. મહાકુંભમાં ઘણા લોકો એવા છે જે પોતાના પરિવારજનોને શોધવા માટે ભટકી રહ્યા છે. આવી જ એક અનુરાધા પણ છે, જે છેલ્લા ત્રણ દિવસથી હાથમાં મોબાઈલ ફોન લઈને પોતાની માતાની તસવીર બતાવતી તેમને શોધી રહી છે. મહાકુંભમાં નાસભાગ બાદ જેમણે પોતાના પરિવારજનોને ગુમાવ્યા હતા તેઓ જીવિત મળવાની આશા સાથે શબઘર સુધી પહોંચી રહ્યા છે. અનુરાધા દેવી પ્રયાગરાજના પોસ્ટમોર્ટમ ગૃહમાં પહોંચી ગયા છે. તેમની બહેન પણ તેમની સાથે છે. તેમનો એક દીકરો છે. દીકરો તેની નાનીને શોધી રહ્યો છે. અનુરાધા પોતાની માતાની તસવીર બતાવતી સરકારી મદદ કેન્દ્રથી શબઘર સુધી પહોંચી ગઈ છે પરંતુ હજુ તેમને તેમની માતા નથી મળી.

### તમિલનાડુના જનાર્થનનું રૂ. ૮૭ કરોડનું સ્કેમ

## સીબીઆઈ રૂ. 150 કરોડના બે કૌભાંડીને વિદેશથી ભારત લાવી

(એજન્સી) નવી દિલ્હી । તા. 01

ઈન્ટરપોલ રેડ નોટિસ હેઠળ થાઈલેન્ડથી બે ભાગેડુઓનું ભારત પ્રત્યાર્પણ કરવામાં આવ્યા છે. આ બંને ગુનેગાર તમિલનાડુ અને ગુજરાતમાં વોન્ટેડ હતા. સીબીઆઈએ ઈન્ટરપોલ સાથેના સમન્વયથી આ ઓપરેશન પાર પાડયું હતું. આ બંને ભાગેડુમાં એક તમિલનાડુનો જનાર્થન સુંદરમ છે. જનાર્થન સુંદરમ પર પોન્ઝી સ્કીમ દ્વારા રોકાણકારો સાથે ૮૭ કરોડ રુપિયાની છેતરપિંડી કરવાનો આરોપ છે. તેમણે જણાવ્યું હતું કે પોન્ઝી યોજના દ્વારા દ્વારા રોકાણકારો સાથે છેતરપિંડી કરનારા જનાર્થનને બેંગકોકથી પકડીને ભારત લાવવામાં આવ્યો છે. તમિલનાડુ પોલીસે તેની કોલકાતા




એરપોર્ટ પરથી ધરપકડ કરી હતી. તમિલનાડુ પોલીસની આર્થિક ગુના શાખા દ્વારા કાવતરું, વિશ્વાસઘાત, છેતરપિંડી, વ્યાજની પુર્નચૂકવણીમાં ચૂક અને અનિયમિત જમા યોજના પ્રતિબંધ ૨૦૧૯ હેઠળ કરવામાં આવેલા ગુના માટે વોન્ટેડ હતા.
સીબીઆઈના એક પ્રવક્તાએ જણાવ્યું હતું કે તમિલનાડુ પોલીસના અનુરોધ પર ૨૧ જુન ૨૦૨૩ના રોજ ઈન્ટરપોલ દ્વારા તેમની સામે રેડ કોર્નર નોટિસ જારી કરવામાં આવી હતી. ૨૮ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ બેંગકોક જનારા સુંદરમને રેડ કોર્નર નોટિસના લીધે થાઈલેન્ડમાં પ્રવેશવા દેવાયો ન હતો.
બીજી બાજુએ છેતરપિંડી અને કાવતરું રચવાના કેસમાં ઈન્ટરપોલ તરફથી રેડ કોર્નર નોટિસ જારી કરીને વોન્ટેડ વીરેન્દ્રભાઈ મણિભાઈ પટેલને અમદાવાદ એરપોર્ટ પર પકડવામાં આવ્યા હતા. ફ્રોડના એક કેસમાં ગુજરાત પોલીસની વિનંતીના પગલે આરોપીને નોટિસ જારી કરવામાં આવી હતી.

### લિથિયમ, કોબાલ્ટ, નિકલ તથા રેર-અર્થસ માટે ઝૂંબેશ

## અતિ મહત્વની ધાતુઓ શોધવા ઝૂંબેશ હાથ ધરાશે : ભારત તેનો જથ્થો એકત્રિત કરશે



નવી દિલ્હી : વડાપ્રધાન નરેન્દ્ર મોદીની કેબિનેટે નેશનલ ક્રીટીકલ મિનરલ મિશનને મંજૂરી આપી છે. આ માટે સરકારે ૧૬૩૦૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે. જયારે વિવિધ જાહેર સાહસો તેમાં રૂ. ૧૮૦૦૦ કરોડનું રોકાણ કરશે. આ મિશન (અભિયાન) દ્વારા સરકાર અતિ મહત્વની ધાતુઓ અંગેની આયાત ઘટાડવા માગે છે. આ પૈકીની ઘણી ધાતુઓ જેવી કે ઈન્ડીપેનની નિબમાં વપરાતું ઈરીડીયમ, સાયકલનાં હેન્ડલ વગેરે ઉપર લગાડાતું નિકલ, સિક્કા બનાવવામાં પણ વપરાતું નિકલ તો જનસામાન્ય માટેની રોજીંદી જરૂરિયાતો પુરી પાડે છે. ઉપરાંત, ઉલ્લેખનીય છે કે રેર-અર્થસ (મહત્વની ધાતુઓ) માં યુરેનિયમ ૨૩૫, (યુ-૨૩૫) યુરેનિયમ-૨૩૮ અને પ્લુટોનિયમ ૨૪૦ સમાવિષ્ટ છે. આ ધાતુઓ એટમ બોંબ બનાવવામાં અનિવાર્ય છે. તેના સૌથી મોટા જથ્થા પશ્ચિમ દક્ષિણ ઓસ્ટ્રેલિયા, રશિયા અને બ્રાઝિલ્સ તથા યુએસમાં પ્રાપ્ય છે. યુરેનિયમની એન્ડ પ્રોડકટ સીસુ છે. માટે જયાં જયાં સીસુ મળી આવે ત્યાં ત્યાં જેમ કે દક્ષિણ પૂર્વ રાજસ્થાનમાં યુરેનિયમ હોવાનું જાણવા મળ્યું છે. જયારે મેઘાલયમાં તો, બહુ મોટા પ્રમાણમાં યુરેનિયમ હોવાનું જાણવા મળ્યું છે. સંભવ તે છે કે તે કાઢવામાં ખર્ચ ઘણો થાય તેમ છે તે ધાતુનું મહત્વ જોતાં ખર્ચનો વિચાર કરાય નહીં. આ ઉપરાંત ખાનગી ક્ષેત્રને પણ તેમાં જોડવાનો નિર્ણય કરાયો છે. આ ઉપરાંત જે દેશો પાસે રેર-અર્થ્સ (બહુ ઓછા પ્રમાણમાં મળતી પરંતુ મહત્વની ધાતુઓ) નો જથ્થો વધારવા સરકારે નિર્ણય લીધો છે. સાથે મિનરલ-પ્રોસેસિંગ પાર્કસ અને તે ક્રીટીકુલા મિનરલ્સનાં રીસાયકલિંગ પ્રોસેસ માટે પણ વ્યવસ્થા ગોઠવવામાં આવશે. તે માટે સેન્ટર ઓફ એક્સેલન્સ ઓન ક્રીટીકલ મિનરલ્સ ઉપરાંત ક્રિટિકલ મિનરલ ટેકનોલોજીસ ઉપર સંશોધન કરવા વિવિધ સ્થળે સંશોધન કેન્દ્રો સ્થાપવામાં આવશે. આ અંગે વિત્તમંત્રી નિર્મલા સીતારામને ગયા બજેટ ૨૦૨૪-૨૫ના બજેટમાં ફાળવણી કરી હતી.

### 70થી 90 કલાક કામની ચર્ચા વચ્ચે આર્થિક સરવેમાં ચેતવણી

## સપ્તાહમાં 60 કલાકથી વધારે કામ કરવાથી આરોગ્ય પર ગંભીર અસરનું જોખમ: અભ્યાસ

નવી દિલ્હી: હાલમાં સપ્તાહમાં ૭૦થી ૯૦ કલાક કામ કરવાની ચર્ચા ચાલે છે ત્યારે પ્રી-બજેટ ઈકોનોમિક સરવેના અભ્યાસોમાં ણાવાયું છે કે સપ્તાહમાં ૬૦ કલાકથી વધારે કામ કરવુ તે આરોગ્ય પર વિપરીત અસર કરે છે. આ સરવેમાં ખાસ નોંધ છે કે ડેસ્ક પર કામકાજના લાંબા કલાકોથી વ્યક્તિના માનસિક આરોગ્ય પર અસર પડે છે અને તેમા પણ ૧૨ કલાકથી વધારે કામ કરનારે માનસિક સ્વસ્થતા માટે સંઘર્ષ કરવો પડે છે.
આ અભ્યાસના આધારે કહેવામાં આવ્યું છે કે સારી જીવનશૈલી પસંદગી, વર્કપ્લેસ કલ્ચર્સ અને કૌટુંબિક સંબંધો જાળવવા હોય તો દર મહિને કામમાં કમસેકમ બેથી ત્રણ દિવસની તો રજા પડે જ છે. આ સરવેમાં જણાવાયું હતું કે અનેકવિધ પરિબળો ઉત્પાદકતાને અસર કરે છે. મેનેજર સાથે સારામાં સારા સંબંધો હોય તો પણ દર મહિને પાંચ દિવસનો લોસ વર્ક કલ્ચરના કારણે જાય છે, પરંતુ ઉત્પાદકતા માટે બીજું એક મહત્ત્વનું પરિબળ માનસિક આરોગ્ય છે.હુના અભ્યાસમાં જણાવાયું હતું કે દર વર્ષે વિશ્વસ્તરે ચિંતા, તનાવના લીધે ૧૨ અબજ દિવસનું નુકસાન જાય છે અને તેનું નાણાકીય મૂલ્ય એક ટ્રિલિયન ડોલર થાય છે. રુપિયાના સંદર્ભમાં જોઈએ તો તેનું મૂલ્ય પ્રતિ દિન રુ. ૭,૦૦૦ કરોડ થાય છે. લાર્સન એન્ડ ટુબ્રોના ચેરમેન સુબ્રમણ્યમે સપ્તામાં ૯૦ કલાક કામ કરવાની વાત કરી અને તે પૂર્વે નારાયણમૂર્તિ ૭૦ કલાક વાત કરવાની કહી ચૂક્યા છે. તેના જવાબમાં અદાણી ગુરપના ચેરમેન ગૌતમ અદાણીએ મજાકમાં જણાવ્યું છે કે જો કોઈ ઘરે આઠ કલાક કરતાં વધારે સમય વીતાવે તો પત્ની ભાગી જાય. લાર્સનના ચેરમેનના નિવેદનની આરપીજી ગુરપના વડા હર્ષ ગોએન્કા, આઈટીસીના ચેરમેન સંજીવ પુરી અને મહિન્દ્રાના આનંદ મહિન્દ્રાએ ટીકા કરી છે. આ બધા ચીનના ૯૯૬ના વર્ક કલ્ચરનું ઉદાહરણ આપે છે. તેમા પ્રતિ સપ્તાહ છ દિવસ સવારના ૯થી રાતના ૯ વાગ્યા સુધીના કામનો સમાવેશ થાય છે. ઈકોનોમિક સરવેએ આ સ્ટડીના આધારે નોંધ કરી છે કે ભારતની આર્થિક મહત્ત્વાકાંક્ષા પૂરી કરવી હોય તો જીવનશૈલીની પસંદગી પર તાત્કાલિક ધ્યાન આપવું જરૂરી છે. તેમા પણ ખાસ કરીને બાળકો અને યુવાનોની જીવનશૈલી પર વધારે સારી હોય તે જરુરી છે. ડેસ્ક પર કામકાજના લાંબા કલાકો માનસિક આરોગ્ય પર વિપરીત અસર પાડે છે અને છેવટે તે આર્થિક વૃદ્ધિની ઝડપને બ્રેક મારે છે, એમતેમણે ઉમેર્યું હતું. આ સરવે પર ટિપ્પણી કરતાં શાર્દૂલ અમરચંદ મંગળદાસ એન્ડ કંપનીના પાર્ટનર શ્વેતા શ્રોફે જણાવ્યું હતું કે કોર્પોરેટ ઈન્ડિયા માનસિક આરોગ્યની આર્થિક અસરોને ઓછી આંકી રહ્યુ છે, તેના લીધે કંપનીના નફા પર પણ અસર પડી શકે છે તે બાબત કંપનીએ સમજવી પડશે.

### ભોપુરા ચોક ખાતે ગેસ સિલિન્ડર ભરેલી ટ્રકમાં ભીષણ આગ

(એજન્સી) ગાઝિયાબાદ। તા. 01

યુપીના ગાઝિયાબાદમાં ટીલા મોડ પોલીસ સ્ટેશન વિસ્તારમાં દિલ્હી-વજીરાબાદ રોડ પર ભોપુરા ચોક ખાતે ગેસ સિલિન્ડરોથી ભરેલી ટ્રકમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. ફાયર બ્રિગેડના અધિકારીઓ અને કર્મચારીઓ સ્થળ પર છે પરંતુ વિસ્ફોટના કારણે ફાયર બ્રિગેડના કર્મચારીઓ ટ્રક સુધી પહોંચી શક્યા નથી. સીએફઓ રાહુલ કુમારે જણાવ્યું કે સિલિન્ડર બ્લાસ્ટનો અવાજ આસપાસના કેટલાય કિલોમીટર સુધી સંભળાયો.ભોપુરા ચોકમાં જ્યાં ગેસ સિલિન્ડરોથી ભરેલી ટ્રકમાં આગ લાગી હતી તે સ્થળથી 2-3 કિમી દૂરથી શૂટ કરવામાં આવેલા વીડિયોમાં વિસ્ફોટ સાંભળી શકાય છે. આગ કયા કારણોસર લાગી તે હજુ સુધી જાણી શકાયું નથી, જો કે હજુ સુધી કોઈ જાનહાનિના સમાચાર નથી. આગ ઓલવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.કાઉન્સિલર ઓમ પાલ ભાટીનું કહેવું છે કે આ ઘટના સવારે લગભગ 3.30 વાગ્યે બની હતી અને કોઈ જાનહાનિની કોઈ માહિતી નથી. પોલીસ અને ફાયરની ટીમે આગ પર કાબુ મેળવ્યો હતો.

### મતદાનના સીસીટીવી ડેટા સાચવી રાખવા પંચને સુપ્રીમનો આદેશ

(એજન્સી) નવી દિલ્હી । તા. 01

ચૂંટણી પંચ પ્રત્યેક મતદાન મથકે મતદારોની સંખ્યા ૧૨૦૦થી વધારીને ૧૫૦૦ કરવા વિચારી રહ્યું છે, આ નિર્ણય સામે સુપ્રીમ કોર્ટમાં અરજી કરાઇ છે. જેની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે મતદાન સમયે કરાયેલી વીડિયોગ્રાફીના ડેટાનો સંગ્રહ કરી રાખવા પંચને આદેશ આપ્યો હતો. ગયા વર્ષે ઓગસ્ટ મહિનામાં ચૂંટણી પંચે મતદાન મથકે મતદારોની ઓછામાં ઓછી સંખ્યા વધારીને ૧૫૦૦ કરવા વિચારી રહ્યું હોવાનું કહ્યું હતું. જેને બાદમાં ઇંદુ પ્રકાશ સિંઘ દ્વારા એક પીઆઇએલ કરીને સુપ્રીમમાં પડકાર ફેંકાયો હતો. જેની સુનાવણી દરમિયાન સુપ્રીમે ચૂંટણી પંચને સીસીટીવી ફૂટેજ કે વીડિયો રેકોર્ડિંગના ડેટા સાચવવા આદેશ આપ્યો હતો. આ પહેલા મતદાન પ્રક્રિયાના સીસીટીવી ફૂટેજ લોકોને ના આપવા માટે સુધારા કરાયા હતા, જેને કોંગ્રેસ નેતા જયરામ રમેશે સુપ્રીમમાં પડકાર્યા હતા. ૧૫ જાન્યુઆરીએ સુપ્રીમ કોર્ટે જયરામ રમેશની અરજી પર કેન્દ્ર સરકાર અને ચૂંટણી પંચ પાસેથી જવાબ માગ્યો હતો.

### મંદિરોમાં વીઆઇપી દર્શન સામેની અરજી સુપ્રીમે ફગાવી

નવી દિલ્હી: સુપ્રીમ કોર્ટે મંદિરોમાં વીઆઈપીને રુપિયા લઈને આપવામાં આવતી વિશેષ સવલત સામે કરવામાં આવેલી જાહેર હિતની અરજીને નકારી કાઢી હતી. સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે તે આ કેસમાં કોઈ આદેશ નહીં આપે, આ મુદ્દે કયા પગલાં લેવા તેના અંગે મંદિરની મેનેજમેન્ટ સમિતિ જ નિર્ણય લે. મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્ના અને સંજય કુમારની બેન્ચે જણાવ્યું હતું કે આ મુદ્દે સમાજ અને મંદિરની સંચાલન સમિતિએ જ નિર્ણય લેવાનો છે. સુપ્રીમ કોર્ટ તેમા કોઈ આદેશ નહીં આપે.

**પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન**

**પ્રી અને પોસ્ટ ટેમ્પિંગ ટ્રેક માપન સર્વે**

**ઈ-ટેન્ડર સૂચના સં : DRM-BRC 125 વર્ષ 2024-25** ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના વતી ડિવિઝનલ રેલ્વે મેનેજર (WA/C) દ્વારા નીચેના કામો માટે પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390004 ખાતે સીલબંધ ટેન્ડર મંગાવવામાં આવે છે. **ટેન્ડર નંબર :** DRM BRC 125 વર્ષ 2024-25 **કામનું નામ :** વડોદરા વિભાગ:- સિનિયર DEN સાઉથ BRC ના અધિકારક્ષેત્ર હેઠળ ટિમ્બલ ગેડો વોર્સિસ ટ્રોલી સિસ્ટમનો ઉપયોગ કરીને પ્રી અને પોસ્ટ ટેમ્પિંગ ટ્રેક માપન સર્વે. **કામનો અંદાજિત ખર્ચ (રૂ.માં) :** ₹96,80,879.89 **જમા કરવાની બિડ સિક્યોરિટી (રૂ.માં) :** ₹1,93,600.00 **ટેન્ડર સબમિશન અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમય :** ટેન્ડર 21.02.2025 ના રોજ 15.00 કલાક પહેલા સબમિટ કરવાના રહેશે અને તે જ તારીખે 15.30 કલાકે ખોલવાના રહેશે. **વેબ સાઇડ વિગતો અને સંપૂર્ણ વિગતો જોઈ શકાય તેવા સ્થાન અને ટેન્ડર ફોર્મ ખરીદી શકાય તેવા કાર્યાલયનું સરનામું માટેની માહિતી :** ડિવિઝનલ રેલ્વે મેનેજર (WA/C) પશ્ચિમ રેલવે પ્રતાપનગર,વડોદરા - 4**વેબસાઇટ :** www.ireps.gov.in 292

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

**અરજીઓ આમંત્રિત કરતી નોટિસ**

**અમદાવાદ ડિવિઝન, પશ્ચિમ રેલવે પર યાત્રી ટિકિટ સુવિધા કેન્દ્ર (YTSK)ની અધિકૃતતા માટે અરજીઓનું આમંત્રણ.** ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેના વતી, ડિવિઝનલ રેલવે મેનેજર (વાણિજ્ય), પશ્ચિમ રેલવે, અમદાવાદ એવા વ્યક્તિઓ પાસેથી અંગ્રેજી/હિન્દીમાં સીલબંધ અરજીઓ આમંત્રિત કરે છે જેમણે 18 વર્ષની ઉંમર પૂર્ણ કરી હોય અને રેલવે દ્વારા અધિકૃત ટિકિટ એજન્ટ હોય/જેમાં JTBS, STBA, Ex. RTSA, EX.RTA અને આઈઆરસીટીસી દ્વારા નિયુક્ત ઓછામાં ઓછા 02 (બે) વર્ષનો અનુભવ ધરાવતા એજન્ટોનો સમાવેશ થાય છે જે કોમ્પ્યુટરાઈઝ્ડ અનરિઝર્વ્ડ ટિકિટિંગ સિસ્ટમ દ્વારા આરક્ષિત / અનારક્ષિત રેલ ટિકિટ જારી કરવા પશ્ચિમ રેલવે, અમદાવાદ ડિવિઝનમાં પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમ (પીઆરએસ) કમ કોમ્પ્યુટરાઈઝ્ડમાં અનરિઝર્વ્ડ ટિકિટ સિસ્ટમ (UTS) ટર્મિનલ્સ (જેને "યાત્રી ટિકિટ સુવિધા કેન્દ્ર (YTSKs)" કહેવાય છે) ની સ્થાપના અને સંચાલન માટે નિર્ધારિત શરતોને પૂર્ણ કરતા અથવા રેલવે વહીવટીતંત્ર દ્વારા સમયાંતરે સૂચવવામાં આવે તે રીતે રસ ધરાવતા અરજદારો રેલવે બોર્ડ દ્વારા સમયાંતરે બહાર પાડવામાં આવેલી માર્ગદર્શિકા અનુસાર અનુગામી નવીકરણને આધિન ત્રણ વર્ષના પ્રારંભિક સમયગાળા માટે અરજી કરી શકે છે. અરજી ફોર્મ રેલવે ની વેબસાઇટ www.wr.indianrailways.gov.in પરથી ડાઉનલોડ કરી શકાય છે અને 07/03/2025 ની છેલ્લી તારીખે અથવા તે પહેલાં 15.00 કલાકે જમા કરી શકાશે.
અમદાવાદ વિભાગમાં "યાત્રી ટિકિટ સુવિધા કેન્દ્ર (YTSK)" ની સ્થાપના માટે અધિકૃતતા માટે આમંત્રિત કરવામાં આવેલી અરજીઓ રેલવેની વેબસાઇટ (www.wr.indianrailways.gov.in) પર આપવામાં આવેલ પાત્રતા માપદંડ મુજબ જરૂરી દસ્તાવેજો સાથે એક કવરમાં જમા કરાવવાની રહેશે. કવર પર **"યાત્રી ટિકિટ સુવિધા કેન્દ્ર (YTSK) માટે અરજી ફોર્મ ____________ સ્ટેશન પાસે અરજદારના નામ અને સરનામું (પીનકોડ સાથે") લખેલું હોવું જોઇએ. અરજી ડિવિઝનલ રેલવે મેનેજર (વાણિજ્ય) ના કાર્યાલય ચામુંડા માતા મંદિર, સામે. ગુજરાત કેન્સર હોસ્પિટલ સોસાયટી, અમદુપુરા, અમદાવાદ- 382345 તારીખ 07/03/2025 ના રોજ 15.00 કલાક સુધી અથવા તે પહેલા** . ઉપરોક્ત તારીખ અને સમય પછી પ્રાપ્ત થયેલ અરજીઓ ધ્યાનમાં લેવામાં આવશે નહીં. કોઈપણ પોસ્ટલ વિલંબ ધ્યાનમાં લેવામાં આવશે નહીં 313

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન**

**વેગન અને તેના સબ-એસેમ્બલી/ઘટકોનું સમારકામ**

**ઇ-ટેન્ડર સૂચના સં : M137_MECH_PRTN_TEND_25_03 તારીખ 30-01-2025** ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેમના વતી, ચીફ વર્કશોપ મેનેજર, કેરેજ અને વેગન રિપેર વર્કશોપ, પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, નીચે આપેલ વિગતો અનુસાર ઇ-ટેન્ડર આમંત્રિત કરે છે: **(1)કામનું નામ :** પ્રતાપનગર વર્કશોપ, વડોદરા ખાતે કાર્યક્ષેત્ર મુજબ ફ્રેઇટ રોલિંગ સ્ટોક માટે વેગન અને તેના સબ-એસેમ્બલી / ઘટકોનું સમારકામ. **(2) પ્રસ્તાવિત જથ્થો :** 1828212 માનવ કલાક **(3) કામનો અંદાજિત ખર્ચ :** ₹274780263.60/- (સતાવીસ કરોડ સુડતાલીસ લાખ એંસી હજાર બેસો ત્રેસઠ અને સાઈઠ પૈસા માત્ર) **(4) બિડ સુરક્ષા :** રેલવેની માલિકીના જાહેર ક્ષેત્રના ઉપક્રમોને લાગુ પડતું નથી. **(5) ટેન્ડર દસ્તાવેજ કિંમત :** શૂન્ય **(6) કરારનો સમયગાળો :** 12 મહિના **(7) ઓફરની માન્યતા :** 90 દિવસ (નેવું દિવસ) **(8) ટેન્ડર પ્રકાર :** ઓપન ટેન્ડર **(9) બિડિંગ સિસ્ટમ :** બે પેકેટ સિસ્ટમ **(10) ટેન્ડર રજૂ કરવાની તારીખ અને સમય :** બિડ 28-02-2025 ના રોજ 15:00 વાગ્યે બંધ થશે અને તે જ દિવસે 15:15 વાગ્યે ખોલવામાં આવશે. **(11) વેબસાઇટની વિગતો અને સરનામું જ્યાં સંપૂર્ણ વિગતો જોઈ શકાશે :** ચીફ વર્કશોપ મેનેજર, કેરેજ અને વેગન રિપેર વર્કશોપનું કાર્યાલય, પ્રતાપનગર (વડોદરા), પશ્ચિમ રેલવે - 390004 **વેબસાઇટ :** www.ireps.gov.in 293

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલ્વે**

**સામગ્રી વ્યવસ્થાપન વિભાગ**

**વિવિધ સામગ્રી પુરવઠો**

**ઇ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટિસ નંબર :- S/08/2025 તારીખ :- 31-01-2025**

| ક્ર. નં | વસ્તુનું ટૂંકું વર્ણન | જથ્થો | ટી.ઓ.ડી. |
|---|---|---|---|
| 58 | ડ્રગ એલ્યુટીંગ કોરોનરી સ્ટેન્ટ સિસ્ટમ. | 225 નંગ | 20 ફેબ્રુઆરી 2025 |
| 59 | WAG-9/WAP-7 લોકોના ટ્રેક્શન મોટર બેરિંગ માટે સર્વોપ્લેક્સ SHC-120 (IOCL) ગ્રીસ. | 12956 કિગ્રા | 26 ફેબ્રુઆરી 2025 |
| 60 | હર્મેટિકલી સીલ કરેલ સ્ક્રોલ કોમ્પ્રેસર. | 295 નંગ | 27 ફેબ્રુઆરી 2025 |
| 61 | સસ્પેન્શન ટ્યુબ અને તેના એસેમ્બલી ઘટકો. | 480 સેટ | 28 ફેબ્રુઆરી 2025 |
| 62 | લોંગ લાઈફ બાજુ બફર એસેમ્બલી. | 180 નંગ | 28 ફેબ્રુઆરી 2025 |
| 63 | સ્પેર્સ પ્લાસર મેક માટે બે વર્ષ માટે રેટ કોન્ટ્રાક્ટ. | 1 સેટ | 28 ફેબ્રુઆરી 2025 |
| 64 | WAG9HC/WAP-7 માટે એક્સલ બોક્સ બેરિંગ (CRU-150). | 212 નંગ | 01 માર્ચ 2025 |
| 65 | ગરમી રહિત ટ્વીન ટાવર એર ડ્રાયર. | 30 નંગ | 03 માર્ચ 2025 |
| 66 | વેક્યુમ સર્કિટ બ્રેકર. | 80 નંગ | 03 માર્ચ 2025 |
| 67 | જનરેટર કાર માટે પ્રાથમિક સ્પ્રિંગ ઈનર. | 805 નંગ | 03 માર્ચ 2025 |
| 68 | SA-9 સ્વતંત્ર બ્રેક વાલ્વ. | 160 નંગ | 04 માર્ચ 2025 |
| 69 | ડીઝલ લોકો સ્ટાર્ટર બેટરી 8V-500AH | 578 નંગ | 20 માર્ચ 2025 |

કૃપા કરીને ટેન્ડર નોટિસ નંબર S-70-2024 માટે નિયત તારીખ '13-02-2025' તરીકે વાંચો,તારીખ:-30-12-2024 સીરીયલ નંબર:- 755 પર.

**વિગતવાર સૂચના EMD, ખરીદી પ્રતિબંધો અને વિગતવાર ટેન્ડર શરતો સંબંધિત કૃપા કરીને વેબસાઇટ www.ireps.gov.in અને www.wr.indianrailways.gov.in ની મુલાકાત લો.** 1040

અમને લાઇક કરો facebook.com/WesternRly | અમને ફોલો કરો twitter.com/WesternRly

## 20 હજાર લોકોની તપાસમાં 83 દર્દી મળ્યા

ગાંધીનગર | ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા 'ટીબી હારેગા, દેશ જીતેગા' અભિયાન અંતર્ગત વ્યાપક સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યું છે. રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ હેઠળ પાટનગરમાં કુલ 20,180 નાગરિકોની તપાસ કરવામાં આવી, જેમાંથી 83 લોકોમાં ટીબીનું નિદાન પોઝિટિવ આવ્યું છે. 100 દિવસના આ વિશેષ અભિયાન દરમિયાન મહાપાલિકાની આરોગ્ય ટીમોએ ઘરે-ઘરે જઈને સર્વેક્ષણ કર્યું. શંકાસ્પદ લક્ષણો ધરાવતા લોકોના એક્સ-રે અને ગળફાની તપાસ હોસ્પિટલમાં કરવામાં આવી.


# સિટી એક્સપ્રેસ

SUNDAY 02 FEBRUARY-2025

AHMEDABAD


## વાવોલમાં ગેસ એજન્સી ધરાવતા યુવકને 3 વ્યાજખોરોની ધમકી

ગાંધીનગર | હાર્દિક કપિલદેવ રાવલ (રહે, વાવોલ, શાલ્વિક હોમ-2) વાવોલમાં પોતાના નામથી ગેસ એજન્સી ધરાવે છે. ત્યારે તેણે ફરિયાદ નોંધાવી છેકે, મારે રૂપિયાની જરૂર હોવાથી સેક્ટર 30 ખાતે રહેતા શ્યામરાજસિંહ ચાવડા પાસેથી 10 ટકાના વ્યાજે 3.50 લાખ રૂપિયા લીધા હતા. જેનુ માસિક વ્યાજ 35 હજાર હતુ. અત્યાર સુધી 8 લાખ રૂપિયા ચૂકવી દીધા પછી પણ ઉઘરાણી કરવામાં આવતી હતી. ગત 29 જાન્યુઆરીના રોજ મારા ગેસના ગોડાઉન ઉપર હતો. તે સમયે શ્યામરાજસિંહ ક્રેટા કાર લઈને આવ્યા હતા અને વ્યાજના રૂપિયા હજુ કેમ મોકલાવ્યા નથી, જો વ્યાજના રૂપિયા ના આપવા હોય તો મારા 3.50 લાખ રૂપિયા ચૂકવી દે કહી ઉશ્કેરાઈ ગયા હતા.



# રાજ્યના IAS બેડામાં મોટા ફેરફાર

ગાંધીનગર : ગાંધીનગરથી રાજ્યના IAS બેટામાં મોટા ફેરફાર કરવામાં આવ્યા છે. એકસાથે 68 IAS અધિકારીઓની બદલી અને બઢતી કરવામાં આવી છે. જેમાં બંછાનીધી પાની અમદાવાદના નવા મ્યુનિસિપલ કમિશનર બન્યા છે.





## 4 IASની બઢતીના આદેશ

રાજ્ય સરકારે બદલી અને બઢતીના આદેશ કરાયા છે. જેમાં ડૉ. વિનોદ રામચંદ્ર રાવને સરકારના સચિવ, શ્રમ. કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગને HAGના પગાર ધોરણમાં બઢતી આપી સરકારના અગ્ર સચિવના હોદ્દા પર અને સરકારના મુખ્ય સચિવ તરીકે નિમણૂક કરાઈ છે. એમ. થેન્નારસન, મ્યુનિસિપલ કમિશનર, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદને સરકારના સરકાર, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના અગ્ર સચિવ તરીકે નિમણૂક કરવામાં આવી છે. જ્યારે અનુપમ આનંદ, કમિશ્નર ઓફ ટ્રાન્સપોર્ટને વાહનવ્યવહાર કમિશનર તરીકે કામ કરવાનું ચાલુ રાખવા માટે નિમણૂક કરવામાં આવી છે. આ સિવાય મિલિંદ શિવરામ તોરાવણે મેનેજિંગ ડિરેક્ટર, ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડને ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના મેનેજિંગ ડિરેક્ટર, ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન લિ. (GSPC) તરીકે નિમણૂક આપવામાં આવી છે.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વની મોદી 3.0 સરકારનું બજેટ 'સિટીઝન ફર્સ્ટ' સાકાર કરે છે : ભૂપેન્દ્ર પટેલ

**વિકસિત ભારત @ ૨૦૪૭ માટે રાજ્યોને પણ સંપૂર્ણ વિકસિત બનાવવામાં આ સર્વસમાવેશી- સર્વગ્રાહી બજેટ મહત્વપૂર્ણ બનશે**



(એજન્સી) ગાંધીનગર | તા.01

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન મોદીના નેતૃત્વની મોદી 3.0 સરકારના આ વર્ષના બજેટને વિકસિત ભારત @ ૨૦૪૭ના સંકલ્પને પાર પાડવામાં નવી ચેતના જગાવનારું બજેટ ગણાવ્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે દેશની જનતા જનાર્દન ખાસ કરીને મધ્યમવર્ગીય અને ગરીબ પરિવારોની આશા આકાંક્ષા પુરી પાડનારા આ બજેટને 'સિટિઝન ફસ્ટ' બજેટ તરીકે સમગ્ર ગુજરાત વતી આવકાર્યું હતું.આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિ આધારિત વિકાસને વેગ આપતું આ બજેટ છે. તેમાં એગ્રીકલ્ચર, MSME, ઈન્વેસ્ટમેન્ટ અને એક્સપોર્ટ્સ ચાર એન્જિનને ગતિ માટેના મહત્વપૂર્ણ વિષયો આવરી લેવામાં આવ્યા છે.નાણાંમંત્રી શ્રીમતી નિર્મલા સીથારમણએ કેન્દ્ર સરકારનું સતત આઠમું બજેટ વડાપ્રધાનશ્રીના દીશાદર્શનમાં પ્રસ્તુત કર્યું તે માટે તેમણે અભિનંદન પાઠવ્યા છે.મુખ્યમંત્રીશ્રીએ આ બજેટમાં મધ્યમ વર્ગ માટે અભૂતપૂર્વ કર લાભની કરવામાં આવેલી જાહેરાતથી મધ્યમવર્ગની બચતમાં વધારો થશે, વ્યવસાયિક વૃદ્ધિને ઉત્તેજન મળશે અને રોકાણ વધારવામાં મદદ મળશે, વધુ રોજગારીનું સર્જન થશે અને સમગ્ર રાષ્ટ્રને ફાયદો થશે તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું કે, ઈન્કમટેક્સના નવા સ્લેબને કારણે દેશના મધ્યમ અને ઉચ્ચ મધ્યમ વર્ગોને મોટી રાહત મળશે, આ માટે મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાનશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો.

# મધમાખી પાલકો માટે સરકારની મહત્વપૂર્ણ યોજના 14 જિલ્લાના 53 આદિજાતિ તાલુકાને મળશે લાભ

(એજન્સી) ગાંધીનગર | તા.01

આદિજાતી વિસ્તારના મધમાખી પાલકોને વિનામૂલ્યે મધમાખીની બે હાઈવ્સ તથા કોલોની અપાશે. સહાય મેળવવા માટે મધમાખી પાલકો આગામી તા. ૭ ફેબ્રુઆરી સુધી આઈ-ખેડૂત પોર્ટલ પર અરજી કરી શકશે. ગુજરાત સરકાર દ્વારા રાજ્યના આદિજાતી વિસ્તારોમાં મધમાખી પાલનનો વ્યાપ વધારવા માટે સહાયલક્ષી યોજના કાર્યરત છે. આ યોજના અંતર્ગત આદિજાતિ વિસ્તારના 14 જિલ્લાના 53 આદિજાતિ તાલુકાના મધમાખી પાલકો, સેલ્ફ હેલ્પ ગ્રુપ, સખી મંડળ, FPO અને FPCના આદિજાતિ સભાસદને વિનામૂલ્યે બે મધમાખીની હાઈવ્સ તથા કોલોની (મધમાખીની પેટી) પૂરી પાડવામાં આવે છે. આ યોજનાનો લાભ મેળવવા માટે મધમાખી પાલકોએ આઈ-ખેડૂત પોર્ટલ પર અરજી કરવાની રહેશે. મહત્તમ લોકો આ યોજનાનો લાભ લઈ શકે તે માટે આઈ-ખેડૂત પોર્ટલ આગામી તા. 7 ફેબ્રુઆરી સુધી ખુલ્લું મૂકવામાં આવ્યું છે. આદિજાતી વિસ્તારના મધમાખી પાલકોએ આ યોજનાનો લાભ મેળવવા માટે આઈ-ખેડૂત પોર્ટલ પર અરજી કરીને અરજીની પ્રીંટ જરૂરી સાધનિક કાગળો સાથે જે તે જિલ્લાના નાયબ બાગાયત નિયામકની કચેરીએ સમય મર્યાદામાં મોકલી આપવાની રહેશે.

# રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ મુખ્ય સચિવ શ્રી પંકજ જોશીને ઉષ્માભેર આવકારીને શુભકામનાઓ પાઠવી



રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ ગુજરાતના નવનિયુક્ત મુખ્ય સચિવ પંકજ જોશીને ઉષ્માભેર આવકારીને તેમને નવા કાર્યભાર માટે શુભકામનાઓ પાઠવી છે.શ્રી પંકજ જોષીએ મુખ્ય સચિવ તરીકેનો પદભાર સંભાળ્યા પછી રાજભવન ખાતે રાજયપાલશ્રીની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

# ESICના ઈન્સપેક્ટરને 3 વર્ષની સજા

અમદાવાદ | અપ્રમાણસર મિલકતના કેસમાં અમદાવાદમાં એમ્પ્લોઈઝ સ્ટેટ ઈન્સ્યોરન્સ કોર્પોરેશનના તત્કાલીને ઈન્સ્પેક્ટરને CBI કોર્ટ દ્વારા ત્રણ વર્ષની કેદ અને કુલ રૂ.20 લાખ દંડ ફટકાર્યો છે. કોર્ટે નોંધ્યુ હતુ કે જાહેર સેવકો દ્વારા ભષ્ટ્રાચાર એક વિશાળ સમસ્યા બની ગઈ છે. ભષ્ટ્રાચાર રાષ્ટ્ર નિર્માણની પ્રવૃત્તિઓને મંદ પાડે છે. જેના લીધે દરેકને ભોગવવુ પડે છે. જાહેર સેવા ત્યારે જ સુધરશે જયારે જાહેર સેવક પોતાની ફરજ નિષ્ઠા પૂર્વક અને પ્રામાણિકપણે કરશે. અપ્રમાણસરના કિસ્સા પુરવાર થાય ત્યારે સમાજમાં દાખલો બેસાડવા માટે આરોપીને વધુમાં વધુ સજા કરવી જરૂરી છે. અમદાવાદમાં એમ્પ્લોઈઝ સ્ટેટ ઈન્સ્યોરન્સ કોર્પોરેશનના તત્કાલીન ઈન્સ્પેક્ટર અનિલકુમાર સિંઘની સામે CBI એ અપ્રમાણસર મિલકતનો ગુનો નોંધીને તપાસ કરી હતી.જેમાં બહાર આવ્યુ હતુ કે, ESIC ના તત્કાલીન ઈન્સ્પેક્ટર અનિલકુમાર સિંઘે 2001 થી 2007 સુધીમાં તેમની આવકના સ્ત્રોત કરતા 86 ટકા વધુ અપ્રમાણસર સંપત્તિઓ એકઠી કરી હતી. CBI પુરાવા એકઠા કરીને વર્ષ 2009માં કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી હતી. જે કેસ ચાલતા CBI ના એડવોકેટે 59 સાક્ષીઓ અને 168 દસ્તાવેજોના આધારે કેસ પુરવાર કરીને કોર્ટને જણાવ્યુ હતુ કે દેશમાં ભષ્ટ્રાચારના કિસ્સા દિન પ્રતિદિન વધી રહ્યા છે.

**ફરિયાદોને પગલે અભિયાન શરૂ કરાયું..**

# અમદાવાદમાં બિલ વગર માલ વેચતા વેપારીઓ સામે જીએસટીની તપાસ

(એજન્સી) અમદાવાદ | તા.01

બિલ વગર માલસામાનનું વેચાણ કરી જીએસટીની ચોરી થતી હોવાની ફરિયાદો વિભાગને મળી હતી. જેને પગલે જીએસટી વિભાગે અમદાવાદમાં સંખ્યાબંધ નાના વેપારીઓ સામે તપાસ હાથ ધરી છે. મોટાભાગના કોમોડિટીના વેપારીઓ છે. જીએસટી વિભાગના અધિકારીઓએ સાગમટે તપાસ શરૂ કરી છે. તપાસ દરમિયાન બિલ વગર થયેલા વેચાણના પુરાવા મોટા પાયે પકડાયા હોવાનું સૂત્રોનું કહેવું છે. બોગસ પેઢીઓ અને બોગસ ઈનવોઈસથી થતી છેતરપિંડી પછી હવે બિલ વગર માલ વેચતા વેપારીઓ સામે




જીએસટી વિભાગે ધોંસ વધારી છે. વિવિધ પ્રકારે જીએસટીની ચોરી કરનારા લોકોને શોધી કાઢવા એક ખાસ પ્રકારનું સોફ્ટવેર તૈયાર કરાયું છે. તાજેતરમાં બોગસ આઈટીસી લેનારા સંખ્યાબંધ વેપારીઓને પકડી પાડી તેમની પાસેથી ટેક્સની વસૂલાત કરવામાં આવી હતી. જીએસટી વિભાગે હવે બોગસ બિલ તેમજ બિલ વગર માલ વેચતા વેપારીઓને પકડી પાડવા ઝુંબેશ શરૂ કરી છે. મોટા ભાગના વેપારી છૂટક વેચાણ કરે છે. શહેરના કેટલાક બજારોમાં જીએસટીના અધિકારીઓની ટીમ ઉતરી આવી છે. તપાસ દરમિયાન વેપારીઓના હિસાબી ચોપડા ચકાસાય છે. જો સ્ટોક અને હિસાબમાં તફાવત આવે તો વેપારીએ બિલ વગર માલનું વેચાણ કર્યું હોવાનું માની લેવામાં આવે છે. તે પછી જીએસટી અધિકારીઓ ટેક્સ ચોરીની નોટિસ ફટકારી ટેક્સ તેમજ દંડના પૈસા ભરવા જણાવે છે. તપાસને કારણે વેપારીઓમાં ફફડાટ છે. અગાઉ રાજ્યના અનેક શહેરોમાંથી બોગસ બિલિંગ કૌભાંડ પકડાયું હતું. મોટા વેપારીઓએ જરૂરિયાતમંદોના આધાર કાર્ડ તેમજ અન્ય જરૂરી દસ્તાવેજો મેળવી લઈ જીએસટી નંબર કઢાવ્યા હતા.

# કોર્પોરેશને અનેક સ્પોર્ટ્સ એક્ટિવિટી શરૂ કરી

અમદાવાદ | સિમ્સ ફ્લાયર ઓવર નીચે કોર્પોરેશને અનેક સ્પોર્ટ્સ એક્ટિવિટી શરૂ કરી છે. ફ્લાયઓવર નીચે બનાવવામાં આવેલા બોક્સ ક્રિકેટ માટે 1 કલાકનો રૂ.700 ચાર્જ નક્કી કરવામાં આવ્યો છે. આ વિસ્તારમાં ખાનગી એકમોના બોક્સ ક્રિકેટના ચાર્જ કરતાં આ ચાર્જ અડધો હોવાનો દાવો કરાયો છે. કોર્પોરેશને સ્પોર્ટ્સ એક્ટિવિટી સેન્ટરનું સંચાલન સોફ્ટ ટેનિસ એસોસિએશન ઓફ ગુજરાતને સોંપ્યું છે. ટુંક સમયમાં બ્રિજ નીચે અન્ય સ્પોર્ટ્સ એક્ટિવિટી પણ શરૂ થશે. મ્યુનિ.એ નક્કી કરેલા ચાર્જ મુજબ બે વ્યક્તિએ 1 કલાક ટેબલ ટેનિસ રમવા રૂ.200, ચેસ માટે પણ રૂ.200 ચૂકવવા પડશે. એક કલાકથી વધુ સમય રમત ખેંચાય તો બીજા આખા કલાકનો ચાર્જ ગણવામાં આવશે. કોર્પોરેશનના સૂત્રોના જણાવ્યા અનુસાર સ્પોર્ટ્સ એક્ટિવિટીનું સંચાલન કરતી સંસ્થા થોડા સમયમાં ઓનલાઈન પ્લેટફોર્મ તૈયાર કરશે જેના પરથી લોકો બુકિંગ કરાવી સમયગાળો નક્કી કરી શકશે. રમતગમતની સ્પર્ધા અને સાંસ્કૃતિક કાર્યક્રમો માટે પણ આ સ્થળનો ઉપયોગ થઈ શકશે. બ્રિજના 5 સ્પાનમાં પાર્કિંગની વ્યવસ્થા છે.

**વિવિધ રમતો માટે પ્રતિ કલાક તેમજ મહિના મુજબ ચાર્જ જાહેર કરાયા**

# અમદાવાદના વાસણા વિસ્તારમાં BRTS સ્ટેશન પાસે આગનો બનાવ

(એજન્સી) અમદાવાદ | તા.01



શહેરના વાસણા વિસ્તારમાં આવેલા મ્યુનિસિપલ કોર્પોરેશનના કચરો એકત્રિત કરવાના સ્થળ એવા રેફ્યુઝ સ્ટેશનની બાજુમાં આવેલી ઝુપડપટ્ટીમાં આજે સવારે આગ લાગવાની ઘટના બની હતી. ફાયર બ્રિગેડની ટીમને જાણ કરવામાં આવતા 13 ગાડીઓ તાત્કાલિક ઘટના સ્થળે રવાના કરવામાં આવી હતી. મોટી ઝુપડપટ્ટી હોવાના કારણે આગ વધુ ફેલાઈ ગઈ હતી ફાયર બ્રિગેડની ટીમે પાણીનો મારો ચલાવીને કાબુમાં લીધી હતી. અંદાજે 30થી વધુ ઝુપડાઓ બળીને ખાક થઈ ગયા છે. આમાં કોઈ પણ પ્રકારની જાનહાનિ થઈ નથી. ડિવિઝનલ ફાયર ઓફિસર ઈનાયત શેખે જણાવ્યું હતું કે વાસણા વિસ્તારમાં આવેલા ડોર ટુ ડોર કચરાના કલેક્શનના રેફ્યુઝ સ્ટેશનની બાજુમાં આવેલી ઝુપડપટ્ટીમાં આગ લાગી હોવા અંગેનો મેસેજ મળ્યો હતો. જેથી ફાયર બ્રિગેડના સાત ગજરાજ અને નાના વાહન તેમજ ઓફિસર વ્હીકલ સાથે ફાયર બ્રિગેડ નો સ્ટાફ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચ્યો હતો. ઝૂંપડપટ્ટી હોવાના કારણે આગ ફેલાઈ ગઈ હતી જેમાં પાણીનો મારો ચલાવીને આગને સંપૂર્ણપણે કાબુમાં લઈ લેવામાં આવી છે.

75 થી 80 જેટલા ઝૂંપડાઓ આવેલા હતા જેમાં 50 જેટલા ઝુપડાઓ બચાવી લેવામાં આવ્યા છે. 30 જેટલા ઝૂંપડાઓ બળીને ખાક થઈ ગયા હતા. ડોર ટુ ડોર કચરાની ગાડીમાં કચરો એકત્રિત કરનાર અને ગાડીમાં કામ કરનાર મજૂરો રેફ્યુઝ સ્ટેશનની બાજુમાં ઝૂંપડાઓ બનાવીને રહેતા હતા. મજૂરો સવારે ની ગાડીમાં કામ કરવા માટે ગયા હતા અને તેમના બાળકો આંગણવાડીમાં અભ્યાસ માટે ગયા હતા જેથી ઝુપડાઓમાં કોઈ હાજર નહોતું. આ ઘટનામાં કોઈ પણ જાનહાનિ થઈ નથી. ઝુંપડપટ્ટીમાં આગ લાગી હોવા અંગેની જાણ થતાં એલિસબ્રિજ વિધાનસભાના ધારાસભ્ય અમિત શાહ અને વાસણા વોર્ડના ભાજપના કોર્પોરેટરો તાત્કાલિક રેફ્યુઝ સ્ટેશન ખાતે પહોંચ્યા હતા.

# ગોમતીપુરમાં AMCએ ખોદ્યો મોતનો ખાડો!....

# SOP છતાં ખાડા પાસે બેરિકેડિંગ નહિ, સ્ટ્રીટ લાઈટો પણ બંધ; રાત્રે 10 ફૂટ ઊંડા ખાડામાં યુવક એક્ટિવા સાથે પટકાયો

(એજન્સી) અમદાવાદ | તા.01

શહેરના ગોમતીપુર વિસ્તારમાં સિલ્વર મીલ પાસે મુક્તિ ચર્ચની બહાર મોડી રાત્રે યુવક મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ડ્રેનેજની કામગીરી માટે ખોદવામાં આવેલા ખાડામાં એક્ટિવા લઈને પડ્યો હતો. સ્ટ્રીટ લાઈટ બંધ હોવાથી અંધારું અને ખાડાની આજુબાજુ બેરિકેડિંગ કરવામાં આવ્યું નહોતું. જેના કારણે એક્ટિવા ચાલકને ખાડો દેખાયો નહોતો અને સીધો ખાડામાં પડ્યો હતો. 10 ફૂટ જેટલા ઊંડા ખાડામાં પડેલા યુવકને સ્થાનિક લોકોએ મહામહેનતે બહાર કાઢ્યો હતો. ગોમતીપુર વોર્ડના કોર્પોરેટર ઇકબાલ શેખ પણ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ફાયર બ્રિગેડની ટીમને પણ જાણ કરવામાં આવી હતી. જો કે, સ્થાનિકોએ યુવકને સહી સલામત બહાર કાઢ્યો હતો. મ્યુનિસિપલ કોર્પોરેશનના લાઈટ વિભાગ અને ખોખરા વોર્ડના ઇજનેર વિભાગની બેદરકારીના કારણે એક યુવક ખાડામાં પડ્યો હતો.



### ગટરનું ગંદુ પાણી ખાડામાં ભરેલું હતું

રોડ ઉપર આવેલી સ્ટ્રીટ લાઈટો બંધ હોવાના કારણે અને મેન હોલ માટેના કરવામાં આવેલા 10 ફૂટ જેટલા ઊંડા ખાડાની આજુબાજુ ક્યાંય પણ બેરિકેટિંગ કરેલું ન હોવાના કારણે તેઓને ખાડો દેખાયો નહોતો અને તેવો ખાડામાં પડ્યા હતા. વાહનચાલક ગટરના ગંદા પાણી સાથેના ઊંડા ખાડામાં પડ્યા હોવાની સ્થાનિક લોકોને જાણ થતા તેઓએ ગોમતીપુર વોર્ડના કોર્પોરેટર ઈકબાલ શેખને જાણ કરી હતી. તેઓ તાત્કાલિક સ્થળ ઉપર પહોંચી જઈ ફાયરબ્રિગેડ, પોલીસને જાણ કરી હતી.

### પાણી ભરેલા ઊંડા ખાડામાં યુવક પડતા માંડ-માંડ બચ્યો

શહેરમાં પાણી, ડ્રેનેજ કે અન્ય કોઈ કામગીરી માટે ખોદાણ કરવા અંગે મ્યુનિસિપલ કમિશનર દ્વારા SOP બહાર પાડી છે. જેમાં જ્યારે ખોદાણ કરવામાં આવે ત્યારે તેની આસપાસ સુરક્ષા માટે મજબૂત બેરિકેડિંગ કરવાની સૂચના હોવા છતાં પણ બેરિકેડિંગ ન કર્યું હોવાના કારણે યુવકનો જીવ માંડ-માંડ બચ્યો છે. શહેરના મણિનગર વિસ્તારમાં રહેતા જન્મેશ સોની (ઉં.વ.35) પોતાના એમ્બ્રોઇડરીના કામકાજથી મોડી રાત્રે 12.45 વાગ્યાની આસપાસ પોતાનું એક્ટિવા લઈને ગોમતીપુર જવા નીકળ્યા હતાં. ત્યારે સિલ્વર મિલ પાસે મુક્તિ ચર્ચની બહાર પહોંચ્યા, ત્યારે કોર્પોરેશનના ઈજનેર વિભાગ દ્વારા ડ્રેનેજ માટેના મેન હોલના ખોદેલા ખાડામાં એક્ટિવા લઈને પડ્યા હતા.

### કોન્ટ્રાક્ટર સામે પગલા લેવાશે ખરા?

ફાયર બ્રિગેડ અને પોલીસ પહોંચે તે પહેલા સ્થાનિક લોકોએ મહામુસીબતે તેઓને બહાર કાઢી તેઓનો જીવ બચાવ્યો હતો. ફાયર બ્રિગેડની ટીમે તેઓનું એક્ટિવા બહાર કાઢ્યું હતું. જોકે, સદનસીબે લોકો પહોંચી જતા યુવકનો જીવ બચી ગયો હતો. યુવકના પરિવારમાં જાણ થતા તેઓ પણ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. મ્યુનિસિપલ કોર્પોરેશનના ઈજનેર વિભાગના અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરની બેદરકારીના કારણે અકસ્માતની ઘટના બની હતી. ખોદાણ કરેલી જગ્યા અંગેની SOP મુજબ કામગીરી નહીં થાય હોવાને લઈને હવે કમિશનર દ્વારા અધિકારીઓ અને કોન્ટ્રાક્ટર વિરુદ્ધ કાર્યવાહી કરાશે કે કેમ? તેને લઈને સવાલ છે.






## ભાજપને 80 દિવસ રોજ સરેરાશ 3.47 કરોડ તો કોંગ્રેસને 62 હજાર દાન મળ્યું

અમદાવાદ | 2024માં લોકસભા ચૂંટણી 16 માર્ચે જાહેર થઈ હતી અને તેનું પરિણામ 4 જૂને આવ્યું હતું. આ દરમિયાન 80 દિવસમાં ગુજરાતમાં ભાજપને રોજ સરેરાશ 3.47 કરોડ અને કોંગ્રેસને 62 હજારનું દાન મળ્યું હતું. કેન્દ્રીય ચૂંટણી પંચમાં ભાજપ કોંગ્રેસે 2024 લોકસભા ચૂંટણી અંગે જમા કરાવેલા ચૂંટણી ખર્ચના રિપોર્ટ મુજબ, આ 80 દિવસમાં ગુજરાતમાં ભાજપને 277 કરોડ અને કોંગ્રેસને 50.10 લાખનું દાન મળ્યું હતું. આ દરમિયાન રાજ્યમાં ભાજપે 110 કરોડ અને કોંગ્રેસે 57 લાખ ખર્ચ કર્યો હતો, જેમાંથી 46 લાખ તો ઉમેદવારોની ગુનાહિત છબી અંગે જાહેરત આપવામાં થયો હતો. ગુજરાતમાં સ્ટાર કેમ્પેનર સહિતના પ્રચારકોના ટ્રાવેલિંગ માટે ભાજપે 9.32 કરોડ અને કોંગ્રેસે 3.20 લાખ ખર્ચ્યાં હતા. આ સમયમાં ભાજપને દેશમાં 6268 કરોડ, કોંગ્રેસને 592 કરોડ મળ્યા હતા. જ્યારે લોકસભા ચૂંટણીમાં ભાજપે 1737 કરોડ, કોંગ્રેસે 686 કરોડ ખર્ચ કર્યો હતો. ગુજરાત ભાજપનું બેલેન્સ 1084 કરોડ | ભાજપની ગુજરાત રાજ્ય યુનિટ પાસે (જિલ્લા અને પ્રાદેશિક સહિત) ચૂંટણી પૂરી થયા બાદ 6 જૂન 2024ની સ્થિતિએ કુલ 1084 કરોડ બેલેન્સ હતું. જ્યારે ગુજરાત કોંગ્રેસ પાસે 9.89 કરોડ બેલેન્સ હતું. આ જ સ્થિતિએ કેન્દ્રીય ભાજપ પાસે કુલ 10,107 કરોડ રૂપિયા બેલેન્સ હતું. જ્યારે કોંગ્રેસના કેન્દ્રીય હેડક્વાર્ટર પાસે કુલ 133 કરોડ બેલેન્સ હતું.


દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઇટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...